દૈનિક મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 229 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 September 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ ૭ ૮ ૯ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# યુપીઆઇ ‘ટૅક્સ’ પર સ્ટૅનો સુપ્રીમનો ઈનકાર

125 વર્ષોથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900 લક્ષ્મી સંયુક્ત હિંગ LAXMI HING EXTRA POWDER
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

## જોકે આ ચાર્જને પડકારતી અરજીને મામલે કેન્દ્ર સરકાર, આરબીઆઈ પાસે જવાબ માગ્યો

નવી દિલ્હી: યુપીઆઈના વ્યક્તિના મર્ચન્ટ સાથેના બે હજારથી વધારે રૂપિયાના ટ્રાન્ઝેકશન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાદવાના કેન્દ્ર સરકારના નિર્ણયને પડકારતી અરજી સોમવારે સાંભળતા સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા અને બીજાઓને નોટિસ મોકલવાનો આદેશ આપ્યો હતો.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે આ અરજી સાંભળવાની હા પાડી હતી અને કેન્દ્ર સરકાર, રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા અને બીજાઓને ચાર અઠવાડિયાની અંદર પ્રતિસોગંદનામું નોંધવાનું કહ્યું હતું. જોકે બેન્ચે એમડીઆર લાદવાના કેન્દ્રના નિર્ણય પર મનાઈ હુકમ આપવાની ના પાડી હતી. એડિશનલ સોલિસિટર જનરલ એન. વેંકટરામને કેન્દ્ર વતી દલીલ કરતા કહ્યું હતું કે આ ગેટવે વાપરતા ૯૬ ટકા લોકોને એમડીઆર લાગુ પડતો નથી. બેન્ચે નિરિક્ષણ કર્યું હતું કે આ કાનૂની નહીં પરંતુ ટેક્નિકલ બાબત વધુ છે.

સર્વોચ્ચ અદાલતે નોટિસ આપવાનો આદેશ આપ્યા બાદ અરજદારે બેન્ચને મનાઈહુકમ આપવાની માગણી કરી હતી, પરંતુ બેન્ચે મનાઈહુકમ આપવાની ના પાડી હતી. સર્વોચ્ચ અદાલતના ૨૮ સપ્ટેમ્બરના કોઝ લિસ્ટ પ્રમાણે કેન્દ્ર સરકારના ૧૪ સપ્ટેમ્બરના નોટિફિકેશન અને ૧૫ સપ્ટેમ્બરે જાહેર કરેલા એમડીઆર માળખાને પડકારતી જાહેર હિતઅરજી ઍડવોકેટ અંજન દત્તે કરી છે.

સરકારે વિનામૂલ્ય યુપીઆઈ પેમેન્ટના છ વર્ષના સમયગાળા પછી ૧૫ ઑક્ટોબરથી યુપીઆઈ પ્લેટફોર્મ

(જુઓ પાનું ૨) ▶▶

the ultimate OLD GOLD UPGRADE
TODAY'S GOLD RATE ₹ 13,536/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



### ‘મામા’એ આપી સોનાની વીંટી:

તમિળનાડુના મુખ્ય પ્રધાન સી. જોસેફ વિજયે ચૂંટણી વચન આપ્યું હતું કે રાજ્યમાં જન્મનારા પ્રત્યેક બાળકને બાવીસ કૅરેટની એક ગ્રામની સોનાની વીંટી આપવામાં આવશે અને તેમણે આ વચનના પાલનની શરૂઆત ગઈ કાલે મદુરાઈથી કરી હતી. ‘થાઈમામન થંગા મોથિરામ થીટ્ટમ’ (મામાની સોનાની વીંટી યોજના) હેઠળ રાજ્ય સરકારે આ પહેલ માટે ૭૫૫.૮૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે. મેકિંગ ચાર્જ અને જીએસટીને બાદ કરીએ તો બાવીસ કેરેટ સોનાની એક ગ્રામની વીંટીની કિંમત આશરે ૧૪,૦૦૦ રૂપિયા છે. (એજન્સી)

## મંદીનું માતમ: મહિનામાં ઈન્વેસ્ટર્સના ૧૭ લાખ કરોડ રૂપિયા સ્વાહા

### સેન્સેક્સમાં સોમવારે ૧,૧૨૪ પૉઈન્ટનો મોટો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક સ્તરે ભૂરાજકીય અનિશ્ચિતતાઓ વધવાની સાથે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં વધારો, અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં વધારો થવાથી છેલ્લાં એક મહિના દરમિયાન સ્થાનિક ઈક્વિટી માર્કેટના બૅન્ચમાર્ક સેન્સેક્સ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક નિફ્ટીમાં પાંચ ટકા જેટલાં ગબડી જતાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૧૭.૧૭ લાખ કરોડ જેટલું ધોવાણ થઈ ગયું છે. વધુમાં તાજેતરની ક્રૂડ તેલની તેજી અને ફુગાવામાં વધારાની શક્યતાને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ધારણા પ્રબળ બનતાં ગબડતી બજારને ઢાળ મળ્યો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત ૨૭મી ઑગસ્ટથી અત્યાર સુધીમાં બીએસઈ સેન્સેક્સમાં ૫.૪૦ ટકાનો અથવા તો ૪૧૬૧.૮૭ પૉઈન્ટનો અને એનએસઈ નિફ્ટીમાં ૫.૪૪ ટકા અથવા તો ૧૩૧૦.૬૦ પૉઈન્ટનો ઘટાડો નોંધાયો છે. આ

(જુઓ પાનું ૨) ▶▶

## ટ્રાફિક ઇ-ચલાનના ડિફોલ્ટરોના દંડની રકમ વીજબિલમાં ઉમેરી દો: સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે ઈ-ચલાનની ન ચુકવાયેલી રકમ અંગે સુપ્રીમ કોર્ટે સલાહ આપી હતી કે ચડેલા નાણાંની ચુકવણી સુધારવા ફક્ત ઈ-ચલાન બહાર પાડવાનું પૂરતું નથી અને આને વીજળીના બિલ સાથે જોડો. અદાલતને કહેવામાં આવ્યું હતું કે રાજ્યોમાં અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ઈ-ચલાનની ૨૫,૦૦૦ કરોડ રૂપિયા જેવી રકમ બાકી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સત્તાવાળાઓએ ન મળેલી ઈ-ચલાનની રકમ વસૂલ કરવા સત્તાવાળાઓએ નક્કર પગલાં લેવા જોઈએ. સુનાવણી દરમિયાન જસ્ટિસ જે. બી. પારડીવાલાએ કહ્યું હતું કે જો લોકો ઈ-ચલાનની ચુકવણી ન કરે તો સત્તાવાળાઓ તેને વીજળીના બિલ અને બીજા સરકારી ચાર્જ સાથે જોડી શકે. જો વીજળીના બિલ ન ચૂકવવામાં આવે તો વીજળીના જોડાણ કાપી નાખવામાં આવે. આ દેશમાં તમારે રસ્તા શોધી કાઢવા જોઈએ.

જસ્ટિસ પારડીવાલાએ કહ્યું હતું કે સત્તાવાળાઓએ જમીની વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને કામ કરવું જોઈએ . પોલીસ હજાર કે લાખ ઈ-ચલાન બહાર પાડી શકે પરંતુ મુખ્ય બાબત છે કે જે દંડ કરાય છે એને વસૂલવો કઈ રીતે.

અદાલતે વધુમાં કહ્યું હતું કે જે વાહનધારકોએ ચલાન

(જુઓ પાનું ૨) ▶▶

## જ્ઞાનેશકુમારના રાજીનામા સુધી પીછેહઠ નહીં: સીજેપી

ગુવાહાટી: સીજેપીના પ્રવક્તા આશુતોષ રંકાએ સોમવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે, મતદાર યાદીમાંથી ૧૩ કરોડ નામ કથિત રીતે દૂર કરવાના મુદ્દે સીઈસી જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણી પરથી તેમનું સંગઠન પીછેહઠ નહીં કરે. તેમણે જ્ઞાનેશકુમારને પડકાર ફેંક્યો છે કે તેઓ પ્રેસ અને જનતા સમક્ષ પોતાની સામેના આરોપો અંગે સ્પષ્ટતા કરે.

રંકાએ દાવો કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનરે મતદાર યાદીમાંથી ૧૩ કરોડ લોકોના નામ દૂર કરીને તેમની સાથે ‘છેતરપિંડી’ કરી છે અને સવાલ ઉઠાવ્યો હતો કે ભાજપ શા માટે આ આરોપો અંગે કુમારનો બચાવ કરી રહ્યું છે.

૪૮ કલાક સુધી બૉલ જ્ઞાનેશ કુમારની કોર્ટમાં હતો; હવે તે સીજેપીના પાલામાં છે. અમે બે ઓક્ટોબરે અમારું

(જુઓ પાનું ૨) ▶▶

### તબીબી આલમને હાથ ન અડાડી શકાય એમ કહી...

## શિવસેનાના નગરસેવકના જામીન રદ કર્યા સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હી: તબીબી આલમને હાથ લગાડી શકાય નહીં એમ કહીને સુપ્રીમ કોર્ટે શિવસેનાના નગરસેવકને બૉમ્બે હાઈ કોર્ટે આપેલા જામીનને રદ કર્યા હતા. નગરસેવક રમેશ મ્હાત્રેને ત્રણ દિવસની અંદર શરણે થવાનો આદેશ આપ્યો હતો. મ્હાત્રે પર થાણે જિલ્લાની મ્યુનિસિપલ હૉસ્પિટલના તબીબો પર હુમલો કરવાનો આક્ષેપ છે.

જસ્ટિસ વિક્રમ નાથ અને સંદિપ મહેતાની બેન્ચે સુનાવણી માટે મહારાષ્ટ્ર સરકારની અરજી સાંભળી હતી. બેન્ચે કહ્યું હતું કે તબીબી આલમને હાથ લગાડી શકાય નહીં એ સંદેશો સ્પષ્ટ બુલંદ રીતે જવો જોઈએ. તેઓ લોકોની સેવા કરે છે અને તેમના પર આ રીતે હુમલો ન કરી શકાય. સર્વોચ્ચ અદાલતે નોંધ લીધી હતી કે મ્હાત્રે પ્રકરણ પછી

(જુઓ પાનું ૨) ▶▶

## ટાટા સન્સનું નવઘડતર કરવાનો પ્રસ્તાવ

મુંબઈ: ટાટા સન્સના મેજોરિટી ઓનર ટાટા ટ્રસ્ટે ગ્રૂપની હોલ્ડિંગ કંપનીને બે ઑપરેટિંગ કંપની સાથે એકીકરણ કરવામાં આવશે. આ નવઘડતરનો હેતુ ટાટા સન્સ નોન બૅન્કિંગ ફાયનાન્સિયલ કંપની તરફનું નિયામકનું વર્ગીકરણ લાગુ ન પડે. તેનું હાલનું વર્ગીકરણ ઈન્વેસ્ટમેન્ટ કંપનીનું છે.

સોમવારે જાહેર કરાયેલી દરખાસ્ત પ્રમાણે આમાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ્સ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ (ટીઈએસએસ) અને ટાટા કન્સલ્ટિંગ એન્જિયિનર્સ (ટીસીઈ)ને ટાટા સન્સ સાથે જોડવામાં આવશે. ટ્રસ્ટે ટાટા સન્સના બોર્ડને આ પ્લાન પર વિચાર કરવાનું કહ્યું હતું અને રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા પાસેથી આગોતરું નો ઓબ્જેકશન સર્ટિફિકેટ લેવાનું કહ્યું છે.

સૂચિત માળખું ટાટા સન્સને ઑપરેટિંગ કંપની બનાવશે અને તે ટાટા ગ્રૂપની હોલ્ડિંગ કંપનીની ભૂમિકા જાળવી રાખશે. આમાં તે બિઝનેસ ઑપરેટ કરશે અને રેવેન્યુ પેરેન્ટ કંપની પાસે રહેશે. ટ્રસ્ટે કહ્યું હતું કે આનાથી તકેદારી લેવાશે કે નવઘડતર કરાયેલી કંપની નિયામકના માપદંડ પ્રમાણે નોન-બૅન્કિંગ ફાયનાન્સિયલ કંપની (એનબીએફસી) કે કોર ઈન્વેસ્ટમેન્ટ કંપની (સીઆઈસી) નહીં હોય.

ટ્રસ્ટે નિવેદનમાં કહ્યું હતું કે ટાટા સન્સ પ્રાઈવેટ લિમિટેડના ૬૬ ટકાના હિસ્સાવાળા મેજોરિટી શૅરહોલ્ડર ટાટા ટ્રસ્ટ માળખાકીય નવઘડતર કરાશે. જેથી માન્યતા પ્રાપ્ત કંપની ન એનબીએફસી કે સીઆઈસી ન રહે. (એજન્સી)

## અલ-નિનો રૌદ્ર સ્વરૂપ ધારણ કરશે, ભારતમાં અનાજનું ઉત્પાદન જોખમાશે

નવી દિલ્હી: કોલંબિયા યુનિવર્સિટીની ‘ઇન્ટરનેશનલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ફોર ક્લાઇમેટ એન્ડ સોસાયટી’ (આઇઆરઆઇ) એ જણાવ્યું છે કે અલ-નિનોની તીવ્રતા વધુ થઈ રહી છે અને ૨૦૨૬ના અંત તથા ૨૦૨૭ની શરૂઆતમાં તે ‘અત્યંત પ્રબળ’ બની શકે છે, જેનાથી ભારત માટે આબોહવા સંબંધિત જોખમ વધવાની ચિંતા ઊભી થઈ છે.

ભારતના કૃષિ સચિવ અતિશ ચંદ્રાએ સોમવારે જણાવ્યું હતું કે અલ-નિનો હવામાન પ્રણાલીને કારણે પાકની આગામી રવી ઋતુ વરસાદ આધારિત વિસ્તારો માટે પડકારજનક બની શકે છે અને અનાજના ઉત્પાદન પર અસર પડી શકે છે.

રવી ઋતુની તૈયારીઓ અંગેની બે દિવસીય રાષ્ટ્રીય પરિષદને સંબોધતા ચંદ્રાએ કહ્યું કે ખરીફ

(જુઓ પાનું ૨) ▶▶

## સોહરાબુદ્દીન કેસમાં બાવીસને નિર્દોષ છોડવાને પડકારતી અરજી સાંભળશે સર્વોચ્ચ અદાલત

નવી દિલ્હી: ગૅંગસ્ટર સોહરાબુદ્દીન શેખ, તેની પત્ની કૌસર બી અને તેના સાથીદાર તુલસીરામ પ્રજાપતીને સંડોવતા ૨૦૦૫ના કથિત બનાવટી અથડામણ કેસમાં ૨૧ પોલીસ સહિત બાવીસ જણને નિર્દોષ છોડી મૂકવાના હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી અરજી તપાસવા સુપ્રીમ કોર્ટ સંમત થઈ હતી.

ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અન વી. મોહનાએ સોહરાબુદ્દીનના ભાઈ નયાબુદ્દીનની બૉમ્બે હાઈ કોર્ટના સાત મેના ચુકાદાને પડકારતી અરજી પર નોટિસ પાઠવી હતી. બેન્ચે કહ્યું હતું કે તે આરોપીને છોડી મૂકવાને લગતા અમુક સાક્ષીનાં નિવેદનો તપાસશે.

મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે અમારે અમુક સાક્ષીના નિવેદન તપાસવા છે. અમે રેકર્ડ મગાવતા નથી. તમને જે જરૂરી લાગે એવા ત્રણ-ચાર નિવેદન અમને આપો. અમે

(જુઓ પાનું ૨) ▶▶

## નેતન્યાહુની અબુધાબીની સીક્રેટ મુલાકાત: મોટા હુમલાની તૈયારી?

અબુધાબી: ઇઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ અચાનક અબુ ધાબીની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે યુએઇના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન સાથે મુલાકાત કરી.એક વરિષ્ઠ ઇઝરાયેલી અધિકારીએ આ મુલાકાતની પુષ્ટિ કરી છે. જોકે, આ યાત્રા અંગે નેતન્યાહુના કાર્યાલય અથવા યુએઇના વિદેશ મંત્રાલય તરફથી તાત્કાલિક કોઈ સત્તાવાર નિવેદન સામે નથી આવ્યું.

નેતન્યાહુની આ મુલાકાત એવા સમયે થઈ છે, જ્યારે ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ હમાસ દ્વારા કરવામાં આવેલા હુમલા પહેલાની કથિત ચેતવણીને લઈને ફરી

(જુઓ પાનું ૨) ▶▶

## પેકેજડ ફૂડની ફ્રન્ટ સાઇડમાં લેબલિંગમાં આટલો વિલંબ શું કામ?: કોર્ટનો સવાલ

નવી દિલ્હી: સોમવારે સુપ્રીમ કોર્ટે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઇ) ને પેકેજડ ફૂડ પર ફ્રન્ટ-ઓફ-પેકેજ લેબલિંગ લાગુ કરવાના તેના પ્રસ્તાવિત સમયપત્રક અંગે સવાલ કર્યો હતો અને પૂછ્યું હતું કે જ્યારે આ બાબત નાગરિકોના સ્વાસ્થ્ય સાથે સંબંધિત છે ત્યારે તે આટલો સમય કેમ બગાડવા માંગે છે.

ફ્રન્ટ-ઓફ-પેકેજ લેબલિંગ એ ખાદ્ય પેકેજિંગ પરનું એક પોષણસંબંધિત માહિતી ગ્રાફિક છે જે ગ્રાહકોને ખોરાકની ખરીદી અને સ્વસ્થ આહાર પસંદગીઓ અંગે માહિતગાર નિર્ણય લેવામાં મદદ કરી શકે છે.

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે. વિનોદ ચંદ્રનની બેન્ચે જણાવ્યું હતું કે જ્યારે આ મામલો નાગરિકોના સ્વાસ્થ્યના પ્રશ્ન સાથે સંબંધિત છે ત્યારે એફએસએસએઆઇ શા માટે આટલો બધો સમય બગાડવા

(જુઓ પાનું ૨) ▶▶

## ઔદ્યોગિક ઉત્પાદનમાં આઠ ટકાનો વધારો

નવી દિલ્હી: નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસે સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૬માં, ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંકે (ઇન્ડેક્સ ઑફ ઇન્ડસ્ટ્રીયલ પ્રૉડક્શન - આઇઆઇપી) વાર્ષિક ધોરણે આઠ ટકાનો વૃદ્ધિ દર નોંધાવ્યો છે,જે અગાઉના મહિનામાં ૭.૪ ટકા હતો. આ સાથે ઉત્પાદન ક્ષેત્રમાં ૯.૦ ટકા અને વીજળી તથા ગેસ પુરવઠા ક્ષેત્રમાં ૧૨.૩ ટકાની મજબૂત વૃદ્ધિનો ટેકો મળ્યો છે.

નવી શ્રેણી હેઠળ ‘ઔદ્યોગિક ઉત્પાદન સૂચકાંક’ (આઇઆઇપી)ના આંકડાનો આ પાંચમો માસિક અહેવાલ છે. આંકડા દર્શાવે છે કે ખાણકામ અને ક્વોરીંગ ક્ષેત્રમાં ઓગસ્ટમાં ૫.૬ ટકાનો ઘટાડો થયો હતો, જ્યારે એક વર્ષ અગાઉ તેમાં ૧૫.૮ ટકાની વૃદ્ધિ નોંધાઈ હતી. ઓગસ્ટ, ૨૦૨૫માં આઇઆઇપી વૃદ્ધિદર ૪.૭ ટકા હતો.

જુલાઈ માટે આઇઆઇપીનો સુધારેલો અંદાજ ૭.૪ ટકા રહ્યો છે. અગાઉ જાહેર કરાયેલા ૬.૭ ટકાના કામચલાઉ અંદાજની સરખામણીમાં આ આંકડામાં ઉપરની તરફ સુધારો કરવામાં આવ્યો છે.

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી ઓગસ્ટ દરમિયાન આઇઆઇપી વૃદ્ધિ દર ૬.૭ ટકા રહ્યો છે, જે એક વર્ષ અગાઉ

(જુઓ પાનું ૨) ▶▶

## 30 અબજ ડૉલરની આયાત પર ટૅરિફ ઘટાડવા ચીન-અમેરિકા સહમત

બેઇજિંગ: ચીન અને અમેરિકા તેમની તાજેતરની આર્થિક અને વેપાર વાટાઘાટોમાં ૧૦ નિષ્કર્ષો પર સંમત થયા છે. જેમાં ૩૦ અબજ ડોલરની આયાત પર પરસ્પર ટેરિફમાં ઘટાડો અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ(એઆઇ) મુદ્દે વાતચીતની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આ જાણકારી ચીનના વાણિજ્ય મંત્રાલયે સોમવારે આપી હતી.

ચીનના પ્રમુખ શી જિનપિંગ અને તેના અમેરિકન સમકક્ષ ડૉનલ્ડ ટ્રમ્પ વચ્ચેના શિખર સંમેલન પહેલા બંને પક્ષોની આર્થિક અને વેપાર ટીમોએ ૨૦ થી ૨૩ સપ્ટેમ્બર સુધી ન્યૂયોર્ક અને વોશિંગ્ટનમાં વાટાઘાટો કરી હતી. ચીને રશિયન તેલ અને ગેસની ખરીદી પર ટેરિફ લાદવાના યુએસના પ્રયાસોને નકારી કાઢ્યા છે.

(જુઓ પાનું ૨) ▶▶

## ઉજ્જૈનમાં શાહી મસ્જિદનું ડિમોલિશન: સમાધાન સધાતા કોર્ટે અરજી કાઢી નાખી

ઉજ્જૈન: મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાંની ઐતિહાસિક શાહી મસ્જિદના કેટલાક ભાગના ડિમોલિશનને મામલે કરવામાં આવેલી બે રિટ પિટિશનને મધ્ય પ્રદેશની હાઇ કોર્ટે ગઈ કાલે કાઢી નાખી હતી. સિંહસ્થ કુંભમેળા માટે રોડ પહોળો કરવા માટે શાહી મસ્જિદના આ ભાગોને તોડી પાડવાની તૈયારી પાલિકાએ કરી હતી. મુસ્લિમો અને પાલિકા વચ્ચે આ મામલે સમજૂતી થતા અદાલતે આ અરજીઓ કાઢી નાખી હતી.

જોકે એ પહેલા મસ્જિદના એક ભાગને દૂર કરવાની કવાયત સામે વિરોધ પ્રદર્શન ચાલુ રહેતા સ્થિતિ અત્યંત તંગ બની ગઈ છે. આજે

(જુઓ પાનું ૨) ▶▶

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગુજરાતમાં સરકારી ગરબામાં ફીઃ ગરીબોને આરાધનાનો અધિકાર નથી?

**ગુજરાતીઓ** માટે સૌથી મોટો તહેવાર મનાતી નવરાત્રિ આડે ગણીને પંદર દિવસ પણ રહ્યા નથી અને જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં નવરાત્રિના ગરબાની ઉજવણી ધામધૂમથી કરવાની તૈયારીઓ ચાલી રહી છે ત્યારે ગુજરાતના ખેલૈયાઓને બહુ મોટો આંચકો લાગ્યો છે. નવરાત્રિનું વ્યાપારીકરણ કરીને જીએમડીસી ગ્રાઉન્ડમાં હવે પાસ પર એન્ટ્રી આપવાનો નિર્ણય કરાયો છે.

ગુજરાતના આર્થિક પાટનગર અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા છેલ્લાં ૨૩ વર્ષથી ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’ ઉજવવામાં આવે છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન હતા ત્યારે તેમણે કરેલાં સંખ્યાબંધ યાદગાર કાર્યોમાં એક કામ ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’ની શરૂઆત છે. વિશાળ જીએમડીસી ગ્રાઉન્ડમાં યોજાતા ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’ ગુજરાતમાં સૌથી મોટા ગરબા છે. આ ગરબામાં દરેક રાત્રિએ ઓછામાં ઓછા લાખેક લોકો ઉમટતા હશે.

નવરાત્રિના વધતા જતા વ્યાપારીકરણ વચ્ચે સામાન્ય પરિવારની દીકરીઓ કોઈ પણ ખર્ચ કર્યા વિના ગરબા રમી શકે એવા સારા ઉદ્દેશથી મોદી દ્વારા શરૂ કરાયેલા ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’માં અત્યાર સુધી સામાન્ય લોકોને મફત પ્રવેશ અપાતો હતો પણ આ વર્ષથી ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’માં પણ રૂપિયા ખર્ચીને પાસ લઈને પ્રવેશ આપવાનું નક્કી કરાયું છે.

આઘાતની વાત એ છે કે, સરકારે લોકોને જાણ કર્યા વિના બારોબાર ‘બુક માય શો’ પર ટિકિટનું બુકિંગ શરૂ કરી દીધું છે. વધારે આઘાતની વાત એ છે કે, ગરબાના પાસમાં પણ વધારે પૈસા ખર્ચો તો સ્ટેજની વધારે નજીક રમવા મળે ને ઓછા પૈસા ખર્ચનારે સ્ટેજથી દૂર દૂર રમવાનું એવા ભેદભાવ ઊભા કરી દેવાયા છે. પાસના રૂપિયા ખર્ચવાના છે એટલે ગરીબો માટે તો સરકારી મેદાનમાં ને સરકારી ખર્ચે યોજાતા ગરબામાં એન્ટ્રી જ નથી પણ પૈસા ખર્ચીને આવનારાંમાં પણ ભેદભાવ ઉભા કરી દેવાયા છે.

સામાન્ય ‘સેલિબ્રેશન ઝોન’માં એન્ટ્રી લેવા વ્યક્તિ દીઠ રૂપિયા ૧૦૦ની જ્યારે ગ્રૂપ માટે રૂપિયા ૩૦૦ થી ૬૦૦ના પાસ છે જ્યારે સ્ટેજની નજીકના ‘પ્રીમિયમ ઝોન’નો ચાર્જ વ્યક્તિ દીઠ રૂપિયા ૨૦૦ અને ગ્રૂપ દીઠ ૬૦૦ થી ૧૨૦૦ રૂપિયા છે. રહેશે. છઠ્ઠા નોરતાથી આ ભાવ સીધા બમણાંથી પણ વધુ થઈ જશે. પાછલાં નોરતાંમાં અંતિમ સેલિબ્રેશન ઝોનના પાસના રૂપિયા ૨૫૦ અને ગ્રુપ માટે ૭૫૦થી ૧૫૦૦ રૂપિયા જ્યારે પ્રીમિયમ ઝોન માટે સિંગલ પાસના રૂપિયા ૫૦૦ જ્યારે ગ્રૂપ માટે ૧૫૦૦થી ૩૦૦૦ રૂપિયા ખર્ચવા પડશે.

આ નિર્ણય આઘાતજનક છે કેમ કે આ નિર્ણયથી સરકારી ગરબાના કાર્યક્રમમાં ગરીબો માટે નો એન્ટ્રી થઈ જશે. નવરાત્રિના ગરબાના આયોજનનું સાવ વ્યાપારીકરણ થયું છે અને મોટાં ગ્રાઉન્ડ કે પાર્ટી પ્લોટમાં યોજાતા ગરબાના પાસના અધધધ ભાવ લઈને વરસોથી માતાજીની આરાધનાના નામે લૂંટવાનો ધંધો ચાલે જ છે. આ લૂંટનો ધંધો બંધ કરાવવા માટે સરકારે નિયમો બનાવવા જોઈએ એવી માગ વરસોથી ચાલ્યા કરે છે. કમ સે કમ બહેન-દીકરીઓને તો બધે જ મફત પ્રવેશ આપવો જોઈએ એવી માગણી ને લાગણી પણ વ્યક્ત કરાઈ છે પણ સરકાર કશું કરતી નથી.

નવરાત્રિના ગરબાના પાસના ભાવ માટે એક ચોક્કસ મર્યાદા નક્કી કરવી જોઈએ એવી માગણીને પણ કદી સરકારે ગણકારી નથી. ગરબામાં અંદર પાણીની એક-એક બોટલ પચાસ રૂપિયામાં વેચાતી હોય છે ને નાસ્તાનાં પૅકેટના ત્રણ-ચાક ગણા ભાવ લઈને બેફામ લૂંટ ચલાવાય છે તેની સામે પણ સરકાર કશું કરતી નથી.

લોકોના પૈસે યોજાતા ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’માં સામાન્ય લોકોને આનંદ માણવાનો પૂરો અધિકાર છે ને સરકાર એ અધિકાર છિનવી રહી છે ત્યારે લોકોએ ચૂપ ના રહેવું જોઈએ. ગુજરાત સરકારના આ નિર્ણયનો અર્થ એ થાય કે, હવે ગરીબ પરિવારોની બહેન-દીકરીઓ તો ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’માં જઈ જ નહીં શકે. એક ઘરમાંથી એક દીકરી ને તેની માતા એમ ખાલી બે જણ જ ‘વાઇબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ’માં જતાં હોય એમ માનીએ તો પણ બંનેએ સામાન્ય પાસ માટે જ દરરોજના ૨૦૦ રૂપિયા ખર્ચવા પડે. ટ્રાન્સપોર્ટેશન, પાણી વગેરેના બીજા ૧૦૦ રૂપિયા ગણો તો ૩૦૦ રૂપિયા થયા ને ૯ દિવસના ૨૭૦૦ રૂપિયા થયા. ગરીબ પરિવાર આટલો ખર્ચ કરી શકે ખરો ?

છેલ્લાં કેટલાંક વરસોથી આપણે ત્યાં નવરાત્રિના ગરબામાં મુસ્લિમોને પ્રવેશને મુદ્દે હોહા કરાય છે. મુસ્લિમ છોકરા નવરાત્રિના ગરબામાં હિંદુ બનીને ઘૂસીને છોકરીઓને ફસાવે છે ને લવ જિહાદ ચલાવે છે તેથી નવરાત્રિના ગરબામાં મુસ્લિમોને ના ઘૂસવા દેવા જોઈએ એવી આ હિંદુવાદીઓની દલીલ છે. બજરંગ દળ, વિશ્વ હિંદુ પરિષદ વગેરે કહેવાતાં હિંદુવાદી સંગઠનો મુસ્લિમોને નવરાત્રિના ગરબામાં પ્રવેશ અપાશે તો આયોજકોની હાલત બગાડી નખાશે એવી ધમકીઓ આપે છે. ઘણાં ઠેકાણે મુસ્લિમોને નવરાત્રિના ગરબામાં પ્રવેશના મુદ્દે ધાંધલ-ધમાલ થયાની ઘટનાઓ પણ નોંધાઈ છે.

હિંદુઓની આટલી ચિંતા કરતાં સંગઠનોએ હિંદુઓને માતાજીની ભક્તિ અને આરાધનાના નામે લૂંટવાના સરકારી નિર્ણય સામે અવાજ ઉઠાવીને સાબિત કરવું જોઈએ કે, તેમને ખરેખર હિંદુઓની ચિંતા છે. હિંદુઓમાં પણ મધ્યમ વર્ગીય કે ધનિક હિંદુઓ જ નવરાત્રિના ગરબામાં આવી શકે ને ગરીબો ના આવી શકે એવા ખુલ્લા ભેદભાવ ઊભા કરાઇ રહ્યા છે. તેની સામે પણ પ્રચંડ વિરોધ થવો જોઈએ, હિંદુ એકતાનાં ભાષણો આપવાથી કામ નહીં ચાલે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર શરદઋતુ, મંગળવાર, તા. ૨૯-૯-૨૦૨૬,
તૃતીયા શ્રાદ્ધ, ભરણી શ્રાદ્ધ, સંકષ્ટી અંગારકી ચતુર્થી

- ભારતીય દિનાંક ૭, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૬મો મેહેર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૩મો તીર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૮મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર અશ્વિની સવારે ક. ૦૯-૦૩ સુધી, પછી ભરણી
- ચંદ્ર મેષમાં ● ચંદ્ર રાશિ નામાક્ષરઃ મેષ (અ, લ, ઈ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૧, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૮, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :- ● ભરતીઃ બપોરે ક. ૧૩-૦૭, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૩ (તા. ૩૦). ● ઓટઃ સવારે ક. ૦૭-૦૫, રાત્રે ક. ૧૯-૧૫
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - તૃતીયા. તૃતીયા શ્રાદ્ધ, ભરણી શ્રાદ્ધ, સંકષ્ટી અંગારકી ચતુર્થી ચંદ્રોદય રાત્રે ક. ૨૦-૧૩, ભદ્રા સવારે ક. ૦૬-૧૩ થી ૧૭-૧૦, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ અશ્વિનીકુમાર દેવતાનું પૂજન, મંગળ-કેતુ ગ્રહદેવતાનું પૂજન, હનુમાન ચાલીસા વાંચન, સુંદરકાંડ વાંચન, સંકષ્ટી ઉપવાસ, રાત્રે ચંદ્રદર્શન, એકટાણાંનું ભોજન, શ્રી ગણેશને ચુરમાના લાડુ અર્પણ કરવા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- શ્રાદ્ધ મહિમાઃ તૃતીયા તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું. ત્રીજનું શ્રાદ્ધ પાપોનો નાશ કરે અને શત્રુથી બચાવે છે. મૃત્યુ એ જીવનનું સત્ય છે. જન્મ પછી મૃત્યુ ઈશ્વરે નક્કી કરેલ છે. મૃત્યુ જીવનનું એક સત્ય છે. શ્રાદ્ધની સમજ શ્રદ્ધા કેળવવાથી મૃત્યુનો ભય દૂર થાય છે. અને તે દ્વારા જીવનમાં ઉત્સાહ અને બળ પ્રાપ્ત થાય છે. શ્રાદ્ધ પક્ષમાં નિત્ય વિષ્ણુ સહસ્રનામ સ્તોત્રનો પાઠ કરવો. નમો ભગવતે વાસુદેવાયના જાપ કરવા. ભરણી શ્રાદ્ધનું ધાર્મિક અને શાસ્રીય મહત્ત્વ વિશેષ છે. તેને મહારભરણી શ્રાદ્ધ પણ કહેવામાં આવે છે, ભરણી નક્ષત્રના અધિપતિ દેવ યમરાજ છે. આ કારણે આ નક્ષત્રમાં કરાવવામાં આવતું શ્રાદ્ધ પિતૃ અને યમલોકના કષ્ટમાંથી મુક્તિ અપાવનારું માનવામાં આવે છે. આજનું ગયા તીર્થનું શ્રાદ્ધ પણ મહિમાવંત છે એટલે કે આજનું શ્રાદ્ધ ગયાજીમાં કરેલા શ્રાદ્ધ જેટલું જ પુણ્યફળદાયક છે. પિતૃદોષની વિધિ પણ આજે મહિમાવંત છે. જેમણે સમગ્ર જીવન તીર્થાટન કર્યુ નથી તેમનું શ્રાદ્ધ આજરોજ પુષ્કર અને ગયા તીર્થમાં ભરણી શ્રાદ્ધ કરવું.

આચમનઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ વ્યવહારુપણું શીખવું જરૂરી છે. ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ સટ્ટાની આદત.

- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર પ્રતિયુતિ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ (તા. 30)
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક માર્ગી બુધ-કન્યા માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# આપને મળતું દાન ઘટ્યુંઃ દાતાઓમાં સીજેપીના આશુતોષ રાંકાનું પણ નામ

નવી દિલ્હીઃ આમ આદમી પાર્ટીએ ૨૦૨૫-૨૬ માટે ૧૨.૧૦ કરોડ રૂપિયાના યોગદાનનો ખુલાસો કર્યો છે, જે અગાઉના વર્ષની સરખામણીમાં ૬૮ ટકા ઓછું છે. આ રકમમાંથી લગભગ ૮૩ ટકા રકમ પ્રુડન્ટ ઇલેક્ટોરલ ટ્રસ્ટ અને ટ્રાઇડેન્ટ લિમિટેડ (પક્ષના ભૂતપૂર્વ સાંસદ રાજેન્દ્ર ગુપ્તા દ્વારા સ્થપાયેલી કંપની) તરફથી આવી છે.

પક્ષના ચૂંટણી પંચના યોગદાન અહેવાલ મુજબ, ‘કૉક્રોચ જનતા પાર્ટી’ (સીજેપી)ના હાલના સહ-સંયોજક અને અગાઉ આપના પ્રવક્તા રહી ચૂકેલા આશુતોષ રાંકાએ પક્ષને ૨૧,૧૦૦ રૂપિયાનું દાન આપ્યું હતું.

આ યોગદાન ૨૦૨૫-૨૬ દરમિયાન, તેમણે સીજેપીમાં પદ સંભાળતા પહેલા કરવામાં આવ્યું હતું.

પ્રુડેન્ટ અને ટ્રાઇડેન્ટે અઅઙને દરેકને પાંચ-પાંચ કરોડ રૂપિયા આપ્યા હતા. બાકીનું યોગદાન લગભગ ૨.૧૦ કરોડ રૂપિયા હતું. ઓક્ટોબર ૨૦૨૫માં રાજેન્દ્ર ગુપ્તા આપની ટિકિટ પર રાજ્યસભામાં ચૂંટાયા હતા. ટ્રાઇડેન્ટનો પાંચ કરોડ રૂપિયાનો ચેક ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ તારીખવાળો હતો, જ્યારે ગુપ્તા અરવિંદ કેજરીવાલની આગેવાનીવાળા પક્ષમાં હતા. આપે ૨૦૨૪-૨૫માં ૩૮.૧૦ કરોડ રૂપિયાના યોગદાનનો ખુલાસો કર્યો હતો, જે તેણે ૨૦૨૩-૨૪માં નોંધાવેલા ૧૧.૦૬ કરોડ રૂપિયા કરતા ત્રણ ગણાથી વધુ હતો. ૨૦૨૪-૨૫માં પ્રુડન્ટ તેનો સૌથી મોટો દાતા હતો, જેણે ૧૬.૪૦ કરોડ રૂપિયા આપ્યા હતા. નવીનતમ ફાઇલિંગ ફેબ્રુઆરી ૨૦૨૫માં દિલ્હીમાં આપે સત્તા ગુમાવ્યા પછીનું પ્રથમ પૂરું નાણાકીય વર્ષ આવરી લે છે. (એજન્સી)

# છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓને ત્રણ ભાષાના નિયમમાંથી મળી મુક્તિ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે બુધવારે કેન્દ્ર અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન(સીબીએસઇ)ને ત્રણ ભાષા નીતિમાંથી ધોરણ ૭ના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી છૂટને હાલના ધોરણ ૬ના વિદ્યાર્થીઓ માટે પણ લાગુ કરવાનો આદેશ આપ્યો હતો. દેશની વડી અદાલતે ૧૭ સપ્ટેમ્બરના રોજ સીબીએસઇને ૨૦૨૭થી શરૂ થતા આગામી શૈક્ષણિક સત્રથી ધોરણ ૬ના વિદ્યાર્થીઓ માટે બે ભારતીય ભાષાઓ સહિત ત્રણ ભાષાઓ શીખવાની તેની નીતિ લાગૂ કરવા પર વિચારણા કરવા કહ્યું હતું.

સીબીએસઇના ૨૯ જૂનના નિવેદન અનુસાર ધોરણ ૭, ૮ અને ૯માં અભ્યાસ કરતાં વર્તમાન બેચના વિદ્યાર્થીઓને ધોરણ ૧૦માં પહોંચ્યા પછી ત્રીજી ભાષાની બોર્ડની પરીક્ષા આપવાની જરૂર નહીં રહે.

# શું અમારાં શસ્ત્રો ખરીદશો?ઃ ટ્રમ્પે ચીનના પ્રમુખને કર્યો હતો સવાલ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીનના પ્રમુખ શી જિનપિંગને તાઇવાનને પ્રસ્તાવિત અમેરિકન હથિયારોના વેચાણને વિશ્વના અન્ય દેશોમાં થતી શસ્ત્ર સપ્લાય સમાન ગણાવ્યું હતું.

ટ્રમ્પે એક સમયે શી જિનપિંગને એમ પણ પૂછ્યું હતું કે તેઓ અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદવામાં રસ ધરાવે છે. આ માહિતી ચીનમાં અમેરિકન રાજદૂત ડેવિડ પર્ડયુએ રવિવારે આપી હતી.

પર્ડયુના જણાવ્યા મુજબ ટ્રમ્પે ચીન સાથે અમેરિકાની હરિફાઇ વચ્ચે ચીનને અમેરિકન શસ્ત્રો વેચવાની શક્યતાનો ઉલ્લેખ કર્યો હતો. જો આવો સોદો થાય છે તો તે અમેરિકાની ચીન અને તાઇવાન પ્રત્યેની દાયકાઓ જૂની નીતિમાં મોટો ફેરફાર હશે અને અમેરિકન ટેક્નોલોજીના સંભવિત હરીફ સુધી પહોંચવા માટે દરવાજા ખોલી શકે છે. જોકે ટ્રમ્પે જિનપિંગ સમક્ષ આ પ્રસ્તાવ ક્યારે મૂક્યો હતો તે તેમણે સ્પષ્ટ કર્યુ ન હતું. ટ્રમ્પ દ્વારા વૉશિંગ્ટનમાં શીની રાજકીય મુલાકાતની યજમાની કર્યાના દિવસો પછી ફોક્સ ન્યૂઝ સંડેમાં શેનન બ્રીમ સાથેની વાતચીતમાં પર્ડયુને તાઇવાનને શસ્ત્રોના વેચાણમાં વિલંબને લઇને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. બ્રીમે પૂછ્યું હતું કે શું અમેરિકા ચીનના પ્રમુખ શી જિનપિંગને ખુશ કરવા માટે તાઇવાનને હથિયારો આપવામાં વિલંબ કરી રહ્યું છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### યુપીઆઈ ‘ટૅક્સ’

પર બે હજાર રૂપિયાથી વધારાના મર્ચન્ટને કરાયેલા ટ્રાન્ઝેક્શન પર ૦.૪ ટકા એમડીઆર લેવાના નિર્ણયની જાહેરાત કરી હતી. ૭૫,૦૦૦ કે તેનાથી વધારે રૂપિયાના ટ્રાન્ઝેક્શન પરના એમડીઆરની ટોચમર્યાદા ૩૦૦ રૂપિયા હશે.

અરજીમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે પૂરતા બંધારણીય સુરક્ષા, પારદર્શિતા અને લોકો સાથે મસલતો કર્યા વિના લેવી લગાડવામાં આવી છે.

અરજીમાં પેમેન્ટ ઍન્ડ સેટલમેન્ટ સિસ્ટમ્સ ઍક્ટ-૨૦૦૭ની સુધારેલી ૧૦એ કલમની કાયદેસરતાને પડકારવામાં આવી છે.

### મંદીનું માતમ

સમયગાળા દરમિયાન રોકાણકારોની સંપત્તિ રૂ. ૧૭,૧૭,૪૮૭.૦૨ કરોડના ઘટાડા સાથે રૂ. ૪,૭૪,૩૬,૬૨૦.૧૯ કરોડ અથવા તો ૪.૯૪ ટ્રિલ્યન ડૉલની સપાટીએ રહી છે.

જોકે, ગઇકાલે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ આગલા ૭૩,૮૯૫.૭૪ના બંધ સામે ૧.૫૨ ટકા અથવા તો ૧૧૨૪.૦૨ પૉઈન્ટ ઘટીને ગત ૩૦મી માર્ચ, ૨૦૨૬ પછીની નીચી ૭૨,૭૭૧.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૩,૧૪૦.૫૦ના બંધ સામે ૧.૫૬ ટકા અથવા તો ૩૬૦.૨૫ પૉઈન્ટ ઘટીને ૨૨,૭૮૦.૨૫ના મથાળે રહ્યો હતો. આમ નિફ્ટીએ આજે ૨૨,૮૦૦ની સપાટી પણ ગુમાવી હતી.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી એકમાત્ર ઈન્ફોસિસમાં ૦.૨૦ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૮૧ ટકાનો ઘટાડો લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૨.૬૨ ટકાનો, અદાણી પોર્ટસમાં ૨.૩૮ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૨.૩૦ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૨.૨૭ ટકાનો અને રિલાયન્સમાં ૨.૨૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજના સાર્વત્રિક સ્તરેથી ઘટાડાના માહોલમાં બીએસઈ સ્મોલકૅપ સિલેક્ટ ઈન્ડેક્સ ૧.૯૦ ટકા અને મિડકૅપ સિલેક્ટ ઈન્ડેક્સ ૧.૩૯ ટકા ઘટ્યો હતો.

### ટ્રાફિક ઈ-ચલાનના

ભર્યા નથી તેમના રજિસ્ટ્રેશન સર્ટિફિકેટને રિન્યૂ કરવાનું અટકાવી દેવું જોઈએ. આવા કેસમાં ડુપ્લિકેટ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ આપવાનું બંધ થવું જોઈએ. આવા વાહનોની માલિકી ટ્રાન્સફર કરવાનું અટકાવી દેવું જોઈએ, જ્યાં સુધી ચલનની રકમ ન ભરાય ત્યાં સુધી વાહનનું ફિટનેસ સર્ટિફિકેટ ન આપવું જોઈએ. પરિવહન પોર્ટલ પર આવા વાહનોને બ્લેકલિસ્ટ કરવા જોઈએ. આવા ચલાન સાથે સંકળાયેલા ડ્રાઈવિંગ લાઈસંસ રિન્યૂ ન કરવા જોઈએ, એમ અદાલતે ઉમેર્યું હતું.

### જ્ઞાનેશકુમારના

દેશવ્યાપી આંદોલન શરૂ કરીશું અને જ્યાં સુધી તેઓ રાજીનામું નહીં આપે ત્યાં સુધી અમે પીછેહઠ નહીં કરીએ. સીજેપી એક એવું મંચ છે જે કોઈ પણ બાબતમાં સામેલ થાય તો જીત ન મળે ત્યાં સુધી તેને છોડતું નથી, તેમ રંકાએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

૨૪ સપ્ટેમ્બરના રોજ, સીજેપીએ મતદારોના અધિકારોને કથિત રીતે ‘નબળા પાડવા’ બદલ કુમારના રાજીનામાની માંગણી કરી હતી અને ચેતવણી આપી હતી કે જો તેઓ ૪૮ કલાકમાં પદ છોડશે નહીં તો ‘જંતર-મંતર ૨.૦’ સહિતનું દેશવ્યાપી આંદોલન કરવામાં આવશે. (એજન્સી)

### શિવસેનાના નગરસેવકના

પણ આ જ પક્ષના હોદ્દેદારે આવો જ હુમલો કર્યો હતો.

મ્હાત્રેના વકીલ સિદ્ધાર્થ દવેએ દલીલ કરતા કહ્યું હતું કે બે સાક્ષીને આ અગાઉ જ તપાસવમાં આવ્યા છે. ફરિયાદી મહિલા ડૉક્ટરને ત્રીજી ઑક્ટોબરે તપાસવામાં આવશે. ખટલો શરૂ થયો છે અને એમાં કોઈ અડચણ નથી. ડૉક્ટર તરફથી દલીલ કરતા ઍડવોકેટ રાજીવ કુમાર પાંડેએ કહ્યું હતું કે આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેની સામે આ કેસ સહિત ૧૯ કેસ છે. આ જ બતાડે છે કે મ્હાત્રેને છોડવામાં આવશે તો તે શું કરશે. દવેએ વળતી દલીલ કરી હતી કે આ બધા રાજકારણ પ્રેરીત કેસ છે અને અઢારમાં તેમને નિર્દોષ છોડવામાં આવ્યા છે. દવેએ દલીલ કરી હતી કે તેમણે થોડો સમય કસ્ટડીમાં વીતાવ્યો છે અને તે ખટલામાં સહકાર આપી રહ્યો છે. આ ગુનો મેજિસ્ટ્રેટની અદાલતમાં ચાલે એવો છે. ૬૦માંથી બે સાક્ષીને આ અગાઉ જ તપાસવામાં આવ્યા છે. હાઈ કોર્ટે ઝડપી ખટલા માટે આદેશ આપ્યો છે એ અંગે બેન્ચે કહ્યું હતું કે અમે આ અંગે કોઈ ટિપ્પણી નહીં કરીએ.

જસ્ટિસ મહેતાએ કહ્યું હતું કે આ કેસ ગંભીર છે અને તે જાહેર વ્યવસ્થામાં દરમિયાનગીરી કરે છે. અદાલત એ સંદેશો આપવા માગે છે કે કોઈએ પણ ડૉક્ટરો પર હુમલો ન કરવો જોઈએ.

આ બનાવ છ જુલાઈએ શાસ્ત્રી નગર હૉસ્પિટલમાં બન્યો હતો. ગર્ભવતી મહિલાએ તેને સારવાર આપવામાં હૉસ્પિટલ સ્ટાફ વિલંબ કરે છે એવો આક્ષેપ કર્યો હતો. મ્હાત્રે અને બીજા ચાર આરોપીએ હૉસ્પિટલમાં ભેગા થઈને બોલાચાલી બાદ ડૉક્ટરોની મારપીટ કરી હતી. હાઈ કોર્ટે સાત ઑગસ્ટે મ્હાત્રેને જામીન આપ્યા હતા. (એજન્સી)

### અલ-નિનો

ઋતુ પણ ખૂબ પડકારજનક હતી, ખાસ કરીને વરસાદ આધારિત વિસ્તારોમાં. અનેક રાજ્યોએ પહેલા પાક વાવેતરના લક્ષ્યાંકને હાંસલ કરવા અને બાદમાં પાકને બચાવી રાખવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો.

ઘઉં અને રાઈ જેવા રવી પાકોનું વાવેતર ઓક્ટોબરમાં શરૂ થાય છે.

તેમણે કહ્યું હતું કે, અમે જોઈ રહ્યા છીએ કે આગામી ઋતુમાં ઉત્પાદન પર મોટા પાયે અસર થવાની સંભાવના છે. અને વરસાદ આધારિત વિસ્તારો માટે રવી ઋતુ પણ પડકારજનક રહેશે.

૨૧ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત થયેલા તેના તાજેતરના પૂર્વાનુમાનમાં, આઇઆરઆઇએ જણાવ્યું હતું કે પેસિફિક મહાસાગરના તાપમાનનું મુખ્ય માપદંડ ગણાતો ‘નિનો ૩.૪’ સૂચકાંક સપ્ટેમ્બરના મધ્યમાં +૩.૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયો હતો.

તેમણે તપાસેલા તમામ ૨૨ મોડલ્સ (૧૩ ડાયનેમિકલ અને નવ સ્ટેટિસ્ટિકલ) માં ૨૦૨૬-૨૭ની શિયાળુ ઋતુ દરમિયાન ‘અત્યંત પ્રબળ’ અલ-નિનોની સ્થિતિ રહેવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

આઈઆરઆઈએ ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અલ-નિનોની સંભાવના ૧૦૦ ટકા અને ૨૦૨૭ના મધ્ય સુધીમાં તે ઘટીને ૬૧ ટકા થવાની શક્યતા દર્શાવી છે.

સંસ્થાએ કહ્યું છે કે આ ઘટના અત્યાર સુધી નોંધાયેલી સૌથી પ્રબળ ઘટનાઓમાંની એક બની શકે છે.(એજન્સી)

### નેતન્યાહુની અબુધાબીની

સવાલો ઊભા થઈ રહ્યા છે. ઇઝરાયલી અખબારી રિપોર્ટ અનુસાર, શેખ મોહમ્મદે હુમલાના લગભગ દોઢ અઠવાડિયા પહેલા નેતન્યાહુને જણાવ્યું હતું કે હમાસ ઇઝરાયેલ વિરુદ્ધ મોટા ઓપરેશનની તૈયારી કરી રહ્યું છે.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે આ ચેતવણી ઇઝરાયસી જાસૂસી એજન્સી કે સેના સુધી નહોતી પહોંચી. જો કે, નેતન્યાહુએ આ રિપોર્ટને ફગાવી દીધો છે. તેમણે હારેત્જ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની ધમકી પણ આપી છે. એટલે કે ચેતવણીને લઇને એક તરફ હારેત્જનો રિપોર્ટ છે તો બીજી તરફ નેતન્યાહૂએ તેમના દાવાને ફગાવ્યો છે. યુએઇએ પણ આ રિપોર્ટ પર કોઇ ટિપ્પણી નથી કરી.

યુએઇએ રિપોર્ટ પર કોઇ સીધી પ્રતિક્રિયા નથી આપી. જો કે, અબુ ધાબીનું કહેવું છે કે ૨૦૨૦માં ઇઝરાયેલની સાથે રાજકીય સંબંધ સ્થાપિત થયા બાદ બન્ને દેશો વચ્ચે વાતચીત માટે સીધો સંપર્ક સ્થાપિત થયો છે.

### 30 અબજ ડૉલરની

ચીનનું કહેવું છે કે બંને દેશો વચ્ચે સામાન્ય વેપાર સહયોગમાં કોઇ ત્રીજા પક્ષનો હસ્તક્ષેપ હોવો જોઇએ નહીં. બંને પક્ષોએ તેમના તાજેતરના નિવેદનોમાં દુર્લભ ખનીજોના નિકાસ પરના નિયંત્રણો જેવા જટિલ મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો ન હતો. (એજન્સી)

### સોહરાબુદ્દીન કેસમાં

આરોપીને છોડી મુકવાના ચુકાદાને તપાસીશું.

જસ્ટિસ બાગચીએ નિરીક્ષણ કર્યું હતું કે ફરિયાદી પક્ષના ૯૨ સાક્ષી ફરી ગયા એ બાબત વિચારણા કરવા યોગ્ય છે. ખટલો નિષ્પક્ષ અને ન્યાયી હતો કે નહીં એ માટે આ બાબત પર વિચાર કરવો જોઈએ. બાગચીએ કહ્યું હતું કે ૯૨ સાક્ષી ફરી ગયા એ બાબત ચિંતાકારક છે અને આનાથી ખટલો નિષ્પક્ષ અને ન્યાયી હતો કે નહીં શંકા જાય છે.

મુંબઈની ખાસ સીબીઆઈ કોર્ટે ડિસેમ્બર ૨૦૧૮એ બાવીસે બાવીસ આરોપીને છોડી મૂકવાનો ચુકાદો આપ્યો હતો. બૉમ્બે હાઈ કોર્ટે આ ચુકાદાની સામેની રુબાબુદ્દીન અને નયાબુદ્દીન શેખની અપીલ સાત મેએ ફગાવી દીધી હતી.

બાવીસમાંથી એકવીસ તો રાજસ્થાન અને ગુજરાતના પોલીસ હતા. બાવીસમો ગુજરાતના ફાર્મહાઉસનો માલિક હતો જ્યાં ફરિયાદી પક્ષના જણાવ્યા પ્રમાણે સોહરાબુદ્દીન અને કૌસર બીને ગેરકાયદે અટકમાં રાખવામાં આવી હતી. ફરિયાદી પક્ષના કહેવા મુજબ ૨૨-૨૩ નવેમ્બર ૨૦૦૫ની રાત્રે સોહરાબુદ્દીન, તેની પત્ની અને પ્રજાપતી હૈદરાબાદથી મહારાષ્ટ્રના સાંગલી બસમાં જઈ રહ્યા હતા ત્યારે પોલીસે તેમને કસ્ટડીમાં લીધા હતા. દંપતી અને પ્રજાપતીને અલગ વાહનમાં લઈ જવામાં આવ્યા હતા. સીબીઆઈના જણાવ્યા પ્રમાણે સોહરાબુદ્દીનને અમદાવાદ નજીક અથડામણમાં મારી નખાયો હતો. કૌસર બીને ત્રણ દિવસ બાદ મારી નાખવામાં આવી હતી. ઉદયપુર સેન્ટ્રલ જેલમાં રાખવામાં આવેલા ચાવીરૂપ સાક્ષી પ્રજાપતી ૨૭ ડિસેમ્બર, ૨૦૦૬એ પોલીસ અથડામણમાં ગુજરાત-રાજસ્થાન સરહદે પોલીસ અથડામણમાં માર્યો ગયો હતો. (એજન્સી)

### પેકેજડ ફૂડની

માંગે છે. “અમે અત્યાર સુધી જે કર્યું છે તેની પ્રશંસા કરીએ છીએ અને તમારી પહેલને બિરદાવીએ છીએ, પરંતુ આપણે જે મેળવવા માગીએ છીએ અને જ્યાં પહોંચવા માગીએ છીએ તેને અર્થપૂર્ણ અસર આપવા માટે ઘણું બધું કરવાની જરૂર છે. અમે આ આખી ક્વાયત દેશના ભલા માટે અને નાગરિકોના ભલા માટે હાથ ધરી રહ્યા છીએ. અમે અપેક્ષા રાખીએ છીએ કે સત્તામંડળ અમારા આદેશને તેની સાચી ભાવનાથી સ્વીકારશે,” એમ અદાલતે કહ્યું હતું.

### ઉજ્જૈનમાં

ઉગ્ર બનેલી ભીડે પોલીસ પર પથ્થરમારો શરૂ કર્યો હતો, જેના જવાબમાં પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવવા માટે ટીયર ગેસના શેલ છોડવા પડ્યા હતા.

આ સમગ્ર મામલે રવિવારથી જ મસ્જિદની બહાર મોટી સંખ્યામાં લોકો વિરોધ કરવા એકઠા થઈ રહ્યા છે. પરંતુ હવે આ મુદ્દે મુસ્લિમ સમાજમાં પણ બે ભાગ પડી ગયેલા જોવા મળી રહ્યા છે. સમાજનો એક વર્ગ પ્રશાસન સાથે સહમતિ દર્શાવીને મસ્જિદનો સંબંધિત ભાગ સ્વૈચ્છિક રીતે હટાવવા તૈયાર છે, જ્યારે બીજું જૂથ આ કાર્યવાહીનો સખત વિરોધ કરી રહ્યું છે. જેના કારણે મામલો વધાર ઉગ્ર બન્યો હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

ઉજ્જૈનમાં આગામી સિંહસ્થ કુંભમેળાના આયોજનને ધ્યાનમાં રાખીને કંઠાલ ચોકથી ગોપાલ મંદિર સુધીના ૯૦૦ મીટર લાંબા માર્ગને ૧૫ મીટર પહોળો કરવાની યોજના છે. આ રસ્તાના દાયરામાં કુલ ૭ ધાર્મિક સ્થળો આવી રહ્યા હતા. તેમાંથી મોટાભાગના સ્થળોને પરસ્પર સહમતિથી હટાવી લેવામાં આવ્યા છે. પરંતુ, ખડે હનુમાન મંદિરથી ગોપાલ મંદિર વચ્ચે આવેલી એક મઝાર, ખડે હનુમાન મંદિર અને શાહી મસ્જિદના મુદ્દે સ્થિતિ સંવેદનશીલ બનેલી છે. (એજન્સી)

### ઔદ્યોગિક ઉત્પાદનમાં

૪.૨ ટકા હતો. ઉત્પાદન ક્ષેત્રની વાત કરીએ તો, ૨૩ ઉદ્યોગ જૂથમાંથી ૧૮ જૂથોએ ગયા વર્ષના સમાન મહિનાની સરખામણીમાં ઓગસ્ટ ૨૦૨૬માં હકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. ઓગસ્ટ ૨૦૨૬ના મહિના માટે હકારાત્મક યોગદાન આપનારા ટોચના ત્રણ ક્ષેત્રમાં ‘મોટર વાહનો, ટ્રેલર્સ અને સેમી-ટ્રેલર્સનું ઉત્પાદન’ (૨૫.૨ ટકા), ‘ઇલેક્ટ્રિકલ સાધનોનું ઉત્પાદન’ (૩૦.૯ ટકા) અને ‘અન્ય પરિવહન સાધનોનું ઉત્પાદન’ (૨૫.૩ ટકા) નો સમાવેશ થાય છે.

‘અન્ય પરિવહન સાધનોના ઉત્પાદન’ જૂથમાં, ટુ-વ્હીલર્સ (મોટરસાયકલ/સ્કૂટર), રેલવે રોલિંગ સ્ટોક/ભાગો, જાળવણી અથવા સેવા માટેના વાહનો અને મોટરસાયકલ/મોપેડ તથા સાઇડકારના ભાગો અને એસેસરીઝ જેવી વસ્તુઓએ વૃદ્ધિમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

ઉપયોગ-આધારિત વર્ગીકરણ મુજબ, ઓગસ્ટ ૨૦૨૬ના મહિના માટે સૂચકાંકો પ્રાથમિક ચીજવસ્તુઓ માટે ૧૧૧.૮, મૂડીગત ચીજવસ્તુઓ માટે ૧૪૦.૭, મધ્યવર્તી ચીજવસ્તુઓ માટે ૧૩૧.૮ અને માળખાગત સુવિધા/બાંધકામની ચીજવસ્તુઓ માટે ૧૩૨.૫ રહ્યા છે. વધુમાં, ટકાઉ ગ્રાહક ચીજવસ્તુઓ અને બિન-ટકાઉ ગ્રાહક ચીજવસ્તુઓ માટેના સૂચકાંકો અનુક્રમે ૧૨૯.૪ અને ૧૧૪.૩ રહ્યા હતા.

ઓગસ્ટ, ૨૦૨૫ની સરખામણીમાં ઓગસ્ટ, ૨૦૨૬માં ઉપયોગ-આધારિત વર્ગીકરણ મુજબ આઈઆઈપી સંબંધિત વૃદ્ધિ દરો આ મુજબ છેઃ પ્રાથમિક ચીજવસ્તુઓમાં ૩.૫ ટકા, મૂડીગત ચીજવસ્તુઓમાં ૧૬.૯ ટકા, મધ્યવર્તી ચીજવસ્તુઓમાં ૧૩.૭ ટકા, માળખાગત સુવિધા/બાંધકામની ચીજવસ્તુઓમાં ૬.૪ ટકા, ટકાઉ ગ્રાહક ચીજવસ્તુઓમાં ૧૧.૧ ટકા અને બિન-ટકાઉ ગ્રાહક ચીજવસ્તુઓમાં ૨.૧ ટકા. (એજન્સી)

# સેટેલાઈટની સામે આવેલી તસવીરે વધારી દીધું ટેન્શન

મુંબઈ: ગણેશોત્સવની પૂર્ણાહુતિ બાદ મહારાષ્ટ્રમાં ચોમાસાની વિદાયની ચર્ચાઓ વચ્ચે હવામાન વિભાગ તરફથી મહત્ત્વના અપડેટ સામે આવ્યા છે. ઉત્તર ભારત પર સક્રિય થયેલા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હવામાન પેટર્નમાં અચાનક મોટો બદલાવ જોવા મળી રહ્યો છે. સેટેલાઇટ તસવીરોમાં ઉત્તર ભારતથી લઈને પશ્ચિમ ભારતના કેટલાક ભાગો સુધી વાદળોનો ઘેરાવો સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે.

આ વેધર સિસ્ટમની સીધી કે આડકતરી અસર મહારાષ્ટ્રના વિવિધ ભાગોમાં જોવા મળશે, જેના કારણે મુંબઈ, થાણે, કોંકણ અને મધ્ય મહારાષ્ટ્રના અમુક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડવાની શક્યતા છે.

હવામાન વિભાગ દ્વારા રજૂ કરવામાં આવેલાં સેટેલાઇટ મેપ્સમાં જોવા મળે છે કે એક મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ઉત્તરીય રાજ્યો પરથી પસાર થઈ રહ્યું છે, જેની અસર વાતાવરણના ઉપલા સ્તરો પર થઈ રહી છે. અરબી સમુદ્ર અને ઉત્તરીય પ્રવાહોના પરસ્પર દબાણને લીધે રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે. ■

## મુંબઈ અને મહારાષ્ટ્રના જિલ્લાઓ પર શું થશે અસર?

મુંબઈ, નવી મુંબઈ અને થાણે પટ્ટામાં ભેજના પ્રમાણમાં વધારો થતાં બફારો અનુભવાશે. સાંજ કે રાત્રિના સમયે છૂટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે ઝાપટાં પડી શકે છે. રાયગઢ, રત્નાગિરી અને સિંધુદુર્ગ તેમજ પશ્ચિમ ઘાટના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને કેટલાક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ નોંધાઈ શકે છે. મધ્ય મહારાષ્ટ્ર અને વિદર્ભના કેટલાક ભાગોમાં તાપમાનમાં સામાન્ય ફેરફાર સાથે વાદળોની હાજરી જોવા મળશે.

સામાન્ય રીતે સપ્ટેમ્બરના અંત સુધીમાં ચોમાસું વિદાય તરફ આગળ વધતું હોય છે. પરંતુ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સ્થાનિક કન્વેક્ટિવ એક્ટિવિટીઝ (ગરમી અને ભેજનું મિશ્રણ)ને કારણે નવરાત્રિના પ્રારંભ પૂર્વે કેટલાક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ જળવાઈ રહેવાની સંભાવના હવામાન નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.

# ચૂંટણીપંચ કમિશનર વિરુદ્ધ સમગ્ર મહારાષ્ટ્રમાં કૉંગ્રેસનું વિરોધ પ્રદર્શન

મુંબઈ: મહારાષ્ટ્ર કૉંગ્રેસે સોમવારે રાજ્યભરમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી સાથે વિરોધ પ્રદર્શનો કરી મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)માં ગેરરીતિ અને ભારતના ચૂંટણી પંચના પક્ષપાતી કાર્યપદ્ધતિનો દાવો કર્યો હતો. સીઈસી અને ઈસીઆઈ શાસક ભારતીય જનતા પાર્ટી વતી કામ કરી રહ્યા હોવાનો આરોપ પણ કૉંગ્રેસે કર્યો હતો. પુણેમાં કૉંગ્રેસના જિલ્લા એકમે કલેક્ટર ઓફિસ બહાર વિરોધ પ્રદર્શન કરી ડેપ્યુટી કલેક્ટર જ્યોતિ કદમને એક મેમોરેન્ડમ સુપરત કર્યું. પુણે શહેર એકમના વડા પ્રશાંત જગતાપ અને વરિષ્ઠ નેતા મનોજ જોશીએ ભાગ લીધો હતો. નાગપુરમાં, કૉંગ્રેસના કાર્યકરોએ સંવિધાન ચોકમાં દેખાવો કર્યા અને કલેક્ટર કચેરી તરફ કૂચ કરી. નાગપુર શહેર કૉંગ્રેસના પ્રમુખ પ્રફુલ ગુડધેએ સંવાદદાતાઓને જણાવ્યું હતું કે જ્ઞાનેશ કુમાર ભાજપ વતી કામ કરી રહ્યા છે. આ લોકશાહી પર અને મતદાનના અધિકાર પર હુમલો છે. યુથ કૉંગ્રેસના રાષ્ટ્રીય સચિવ યાજ્ઞવલ્ક્ય જિચકરે કહ્યું કે જ્ઞાનેશ કુમારે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. કોલ્હાપુરમાં પણ જિલ્લા કલેક્ટર કચેરીની બહાર દેખાવો કર્યા. (પીટીઆઈ)■



## "ઘણા લોકોએ આ 'મહાપ્રસાદી' કાર્યક્રમ જોઈને શ્રીનાથજી જવાની માનતા પૂરી કરી છે..." લાલુભાઈ



Quest Foundation મુંબઈના અજયભાઈ શેઠના સૌજન્યથી તથા BCPAના લલિતભાઈ શાહ અને MKES મલાડના સહયોગથી 'મહાપ્રસાદી' કાર્યક્રમમાં રૂપા 'બાવરી'એ રચેલા મંગળાથી શયન સુધીના ભજનો તથા LED Screen પર તેમના જ દ્વારા રચાયેલા Paintings ના દર્શનો પર દર્શકો ઓવારી ગયા હતા અને મધ્યાંતર બાદ ખૂબ જ જાણીતા અને લોકજીભે ચડેલા ભજનોથી વાતાવરણ ખૂબ જ lively થઈ ગયું હતું. અંતમાં કૃષ્ણ જન્મના દર્શનથી લોકો ધન્ય ધન્ય થઈ ગયા હતા.

'મહાપ્રસાદી' કાર્યક્રમમાં ખૂબ જ જાણીતા ગાયકો નિકિતા વાઘેલા, ચિંતન રાણાએ પોતાના મધુર કંઠથી લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. અર્થપૂર્ણ અને Detailમાં સંચાલન નિખિલ સાંગોઈએ કર્યું હતું. દુનિયાભરમાં જાણીતા pianist દીપક શાહે સુંદર સંગીત સંચાલન કર્યું હતું. આ 'મહાપ્રસાદી'ના આખા કાર્યક્રમની પરિકલ્પના શ્રી લાલુભાઈએ કરી છે–

આ 'મહાપ્રસાદી' કાર્યક્રમ તમને live ૧લી ઓક્ટોબર, ગુરુવારે રાતે ૮ વાગે yourslalubhai ચેનલ પર You Tube પર જોઈને શ્રીનાથજી જઈ આવ્યાનો અનુભવ ચોક્કસ કરજો... લાલુભાઈ–





# ધબકારા ચૂકશો નહીં, તમારા હૃદયને સુરક્ષિત રાખો

## – ભારતીય આરોગ્ય નિધિની મુલાકાત લો

દરેક ધબકારા મહત્ત્વપૂર્ણ છે. હૃદયરોગ ઘણીવાર છૂપી રીતે પ્રવેશી શકે છે, પણ જ્યારે સ્થિતિ ગતિ કરે છે ત્યારે જ ચેતવણીના સંકેતો દેખાય છે. ૨૯સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવતા આ વિશ્વ હૃદય દિવસ, "ધબકારા ચૂકશો નહીં" થીમ આપણને યાદ અપાવે છે કે હૃદયનું રક્ષણ-જાગૃતિ, નિયમિત તપાસ અને સમયસર તબીબી સહાયથી શરૂ થાય છે.

હૃદયરોગ ફક્ત વૃદ્ધ લોકો સુધી મર્યાદિત નથી. હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, અસામાન્ય કોલેસ્ટ્રોલ સ્તર, સ્થૂળતા, ધૂમ્રપાન, તણાવ, બેઠાડું જીવનશૈલી અને કૌટુંબિક ઇતિહાસ વિવિધ ઉંમરે હૃદયરોગનું જોખમ વધારી શકે છે. આમાંના ઘણા જોખમ પરિબળો સ્પષ્ટ લક્ષણોનું કારણ બની શકતા નથી, જે નિવારક આરોગ્ય તપાસને લાંબા ગાળાની હૃદય સંભાળનો એક મહત્ત્વપૂર્ણ ભાગ બનાવે છે.

★ તમારા નંબરો જાણો

નિયમિત કાર્ડિયાક સ્ક્રીનીંગ ગંભીર ગૂંચવણો તરફ દોરી જાય તે પહેલાં જોખમી પરિબળોને ઓળખવામાં મદદ કરી શકે છે. મહત્ત્વપૂર્ણ પરિમાણોમાં બ્લડ પ્રેશર, બ્લડ ગ્લુકોઝ, HbA1c, કોલેસ્ટ્રોલ સ્તર અને કિડની કાર્યનો સમાવેશ થાય છે, તેમજ કાર્ડિયાક તપાસ જ્યાં ક્લિનિકલી સૂચવવામાં આવે છે. આ મૂલ્યોને સમજવાથી વ્યક્તિઓ અને તેમના ડૉક્ટરો સમય જતાં ફેરફારોને ટ્રેક કરી શકે છે અને જ્યારે જરૂર પડે ત્યારે જીવનશૈલીમાં ફેરફાર, દવા અથવા વધુ મૂલ્યાંકન દ્વારા શરૂઆતથી જ હસ્તક્ષેપ કરી શકે છે.



કેથ લેબ

ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલમાં, કાર્ડિયાક પ્રોફાઇલ બેઝિકને hs-CRP, સીરમ ક્રિએટિનાઇન, HbA1c, લિપિડ પ્રોફાઇલ, લીવર ફંક્શન ટેસ્ટ, ફાસ્ટિંગ પ્લાઝ્મા ગ્લુકોઝ અને ECG સહિતના પરીક્ષણો દ્વારા આવશ્યક મૂલ્યાંકન પૂરું પાડવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

વધુ વ્યાપક મૂલ્યાંકનની જરૂર હોય તેવા વ્યક્તિઓ માટે, કાર્ડિયાક પ્રોફાઇલ એડવાન્સ્ડમાં હોમોસિસ્ટીન, બ્લડ યુરિયા નાઇટ્રોજન, Lp(a), કલર ડોપ્લર સાથે 2D ઇકોકાર્ડિયોગ્રાફી અને આહાર પરામર્શ, અન્ય મુખ્ય રક્ત તપાસ અને ECGનો સમાવેશ થાય છે. આ મૂલ્યાંકનો ડૉક્ટરોને વ્યક્તિના કાર્ડિયોવેસ્ક્યુલર જોખમ પ્રોફાઇલને સમજવામાં અને યોગ્ય નિવારક અથવા વધુ નિદાન પગલાંની સલાહ આપવામાં મદદ કરી શકે છે.

★ ચેતવણીનાં ચિહ્નો ઓળખો

છાતીમાં દુખાવો અથવા અકળામણ એ હૃદયની તકલીફનું સામાન્ય રીતે ઓળખાતું લક્ષણ છે, પરંતુ તે એકમાત્ર ચેતવણી ચિહ્ન નથી. શ્વાસ લેવામાં તકલીફ, અસ્પષ્ટ થાક, ધબકારા, ચક્કર, પરસેવો, ઉબકા, અથવા હાથ, ખભા, પીઠ, ગરદન અથવા જડબામાં ફેલાયેલો દુખાવા પર પણ તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર પડી શકે છે. લક્ષણો ક્યારેક સૂક્ષ્મ હોઈ શકે છે, ખાસ કરીને સ્ત્રીઓ, વૃદ્ધ વયસ્કો અને ડાયાબિટીસ ધરાવતા લોકોમાં.

જ્યારે કાર્ડિયાક કટોકટીની વાત આવે છે, ત્યારે સમયસર સારવાર મહત્ત્વપૂર્ણ ફરક લાવી શકે છે. અચાનક, ગંભીર અથવા સતત હોય તેવા લક્ષણોને ક્યારેય અવગણવા જોઈએ નહીં.

★ એક જ છત નીચે વ્યાપક કાર્ડિયાક સંભાળ

ભારતીય આરોગ્ય નિધિ હૉસ્પિટલનું કાર્ડિયાક કેર કોમ્પ્લેક્સ મૂલ્યાંકન અને દેખરેખથી લઈને હસ્તક્ષેપ અને સર્જિકલ સારવાર સુધીના તમામ તબક્કામાં કાર્ડિયાક સંભાળ પૂરી પાડવા માટે સજ્જ છે.

આ સુવિધામાં ચાર પથારીવાળું કાર્ડિયાક કેર યુનિટ, એક અત્યાધુનિક આધુનિક કાર્ડિયાક ઑપરેશન થિયેટર અને એક અદ્યતન જાપાનીઝ-ટેક્નોલોજી શિમાડઝુ F11 ટ્રિનિઆસ કેથ લેબનો સમાવેશ થાય છે. કાર્ડિયાક પ્રોગ્રામને કાર્ડિયોલોજિસ્ટ, ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ, કાર્ડિયાક સર્જન, ઇન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ અને ઇન્ટરવેન્શનલ ન્યુરોરેડિયોલોજિસ્ટ સહિતની બહુ-શાખાકીય ટીમ દ્વારા સમર્થન આપવામાં આવે છે, જે જટિલ કાર્ડિયોવેસ્ક્યુલર જરૂરિયાતો ધરાવતા દર્દીઓ માટે સંકલિત સંભાળને સક્ષમ બનાવે છે.

★ દરરોજ તમારા હૃદયનું રક્ષણ કરો

હૃદયનું સ્વાસ્થ્ય રોજિંદી પસંદગીઓ દ્વારા ઘડાય છે. નિયમિત શારીરિક પ્રવૃત્તિ, સંતુલિત પોષણ, સ્વસ્થ વજન જાળવવું, પૂરતી ઊંઘ, તણાવનું સંચાલન, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસને નિયંત્રિત કરવું અને તમાકુ ટાળવું એ બધું કાર્ડિયોવેસ્ક્યુલર જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે. હૃદયરોગ અથવા હાલના મેટાબોલિક જોખમી પરિબળોનો કૌટુંબિક ઇતિહાસ ધરાવતા લોકો માટે નિવારક સંભાળ ખાસ કરીને મહત્ત્વપૂર્ણ છે.

સૌથી અગત્યનું, તમારા હૃદય વિશે વિચારવાનું શરૂ કરવા માટે લક્ષણોની રાહ ન જુઓ. આ વિશ્વ હૃદય દિવસે, પહેલું પગલું ભરો: તમારા જોખમને જાણો, યોગ્ય સમયે તપાસ કરાવો, ચેતવણી ચિહ્નને ઓળખો અને સમયસર તબીબી સંભાળ મેળવો. તમારું હૃદય ક્યારેય તમારા માટે એક ધબકાર ચૂકતું નથી. ખાતરી કરો કે તમે પણ તેના માટે યોગ્ય તપાસ કરાવવાનું ચૂકશો નહીં.

ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ
તમારું સ્વાસ્થ્ય, અમારી કાળજી.

વધુ વિગતો માટે સંપર્ક કરો:

ભારતીય આરોગ્ય નિધિ,
શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ,
એનએસ રોડ ૧૩, જેવીપીડી સ્કીમ,
વિલે પાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૪૯.

કોલ કરો : 8108439203 / 022 69486060
ઈ-મેલ : info@arogyanidhihospital.com
વેબસાઇટ : www.arogyanidhihospital.com
ઇન્સ્ટાગ્રામ : @arogyanidhi_hospital






**ડૉલરિયું દાન:** તાજેતરમાં પૂરા થયેલા ગણેશોત્સવ દરમિયાન લાલબાગ ચા રાજા મંડળને મળેલા કરોડોના દાનને ગણવા માટે બેંક કર્મચારીઓ અને નિવૃત્ત બેંક કર્મચારીઓની મદદ લેવામાં આવી રહી છે. આ દાનમાં મોટી સંખ્યામાં ડૉલરની નોટો પણ આવી હોવાનું મુંબઈ સમાચારના ફોટોગ્રાફર અમય ખરાડેએ ખેંચેલી તસવીરોમાં જોવા મળ્યું હતું.

## મુંબઈ ઇન્કમ ટેક્સના રડારમાં આવ્યું બોલિવૂડ

# પેનોરામા સ્ટુડિયો સાથે સંકળાયેલા ૧૨ સ્થળોએ દરોડા

મુંબઈ: બોલિવૂડના કેટલીક મોટી હસ્તીઓ આવકવેરા વિભાગ (ઇન્કમ ટેક્સ વિભાગ)ના નિશાન પર આવી છે. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ફિલ્મોના નામે વિદેશમાં રૂપિયા મોકલવા અને ટેક્સ ચોરી કરવાની શંકાએ મુંબઈ આવકવેરા વિભાગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મુંબઈમાં ફરી એકવાર આવકવેરા વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીના કારણે બોલિવૂડમાં હડકંપ મચી ગયો છે. ચાલો વિગતે ચર્ચા કરીએ...

આવકવેરા વિભાગે કુલ ૧૨ જગ્યાએ રેડ પાડી

મુંબઈ આવકવેરા વિભાગ દ્વારા ટેક્સ ચોરી અને ફિલ્મોના પ્રમોશનના નામે વિદેશમાં રૂપિયા મોકલવાના કેસમાં અનેક નામી હસ્તીઓના અને પ્રોડક્શન હાઉસ પર કાર્યવાહી શરૂ કરી છે. ખાસ કરીને વાત કરવામાં આવે તો, આવકવેરા વિભાગે અભિનેત્રી રકુલપ્રીત સિંહ, દિગ્ગજ ફિલ્મ નિર્માતા વાસુ ભગનાની અને પેનોરમા સ્ટૂડિયોઝ સાથે સંકળાયેલ કુલ ૧૨ જગ્યાએ રેડ પાડીને તપાસ શરૂ કરી છે.

આવકવેરા વિભાગને ઘણાં લાંબા સમયથી બાતમી મળી રહી હતી કે, ફિલ્મનું શૂટિંગ અને ઓવરસિઝ ડિસ્ટ્રિબ્યુશન અને પ્રોડક્શનના નામે મોટી રકમ વિદેશમાં મોકલવામાં આવી રહી હતી. જેથી આ આવકવેરા વિભાગને શંકા ગઈ છે કે, આ પ્રક્રિયા દ્વારા મોટા પ્રમાણમાં ટેક્સની હેરાફેરી કરવામાં આવી રહી છે. આ મામલે મુંબઈ આવકવેરા વિભાગની અલગ અલગ ટીમોએ મુંબઈમાં અનેક જગ્યાએ રેડ પાડી છે.

આવકવેરા વિભાગના રડારમાં કોણ કોણ આવ્યું?

આવકવેરા વિભાગને બોલિવૂડ અને સાઉથ સિનેમા જગતમાં લોકપ્રિય અભિનેત્રી રકુલપ્રીત સિંહ અને પૂજા એન્ટરટેઇન્ટમેન્ટના બેનર હેઠળ અનેક મોટી બોલિવૂડ ફિલ્મો બનાવી ચૂકેલા જાણીતા ફિલ્મ નિર્માતા વાસુ ભગનાની પર સૌથી વધારે શંકા છે. આ સાથે જેણે 'દ્રશ્યમ' ફ્રેન્ચાઈઝી જેવી બ્લોકબસ્ટર ફિલ્મો બનાવી તેવા પેનોરમા સ્ટૂડિયોઝને ત્યાં પણ રેડ પાડવામાં આવી છે. અત્યારે આવકવેરા વિભાગ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. તપાસ પૂર્ણ થયાં બાદ આઈટી વિભાગ દ્વારા ટેક્સ ચોરી અને નાણાંની હેરફેર અંગે વિગતે જાણકારી આપવામાં આવશે. ■

# રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ૫૬મા જન્મોત્સવ અવસરે બે દિવસીય 'માનવતા મહોત્સવ'માં કરાઈ સર્વકલ્યાણની મંગળ કામના




રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના ૫૬મા જન્મદિવસ નિમિત્તે ઘાટકોપર ખાતે બે દિવસીય 'માનવતા મહોત્સવ' આધ્યાત્મિક ભક્તિ, કલ્યાણકારી મંત્રજાપ તથા સેવા અને માનવતાના ભાવ સાથે ઉજવાયો હતો. આ અવસરે દિનેશભાઈ મોદી પરિવાર દ્વારા ૫૬ દિવ્યાંગજનોને ઈબાઇક તેમજ સર્વમંગલ ટ્રસ્ટના મનુભાઈ શાહ દ્વારા ચાર કાર અર્પણ કરવામાં આવી હતી.

'માનવતા મહોત્સવ અને મંત્ર ઉત્સવ'માં અમેરિકા, દુબઈ, સિંગાપોર, લંડન, મલેશિયા, જર્મની, નાઇરોબી સહિત વિદેશના અનેક ક્ષેત્રોના ભાવિકો તથા ભારતભરના શ્રી સંઘો અને સંસ્થાઓ પ્રત્યક્ષ તેમજ લાઇવના માધ્યમે ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે પૂજ્ય મોરારીબાપુએ પરમ ગુરુદેવની ભાવવંદના કરતાં ગુરુદેવને પરમ તત્ત્વ સાથે સરખાવીને પરમ તત્ત્વને સમજવા કરતાં તેને માણી લેવાની ગહન વાત કરી હતી.

જરૂરિયાતમંદ પરિવારને સ્વનિર્ભર બનાવવાના સંદેશ સાથે અર્હમ યુવા સેવા ગ્રૂપની ભોજનસેવા, વૈદકીય સહાય, શિક્ષણ સહાય, જીવદયા, એનિમલ હૉસ્પિટલ અને સ્વરોજગાર સહાય સહિતના વિવિધ સેવાકાર્યોની માહિતી આપવામાં આવી હતી.

આ અવસરે પરમ ગુરુદેવની વાણી, વિચાર અને વ્યક્તિત્વને આવરી લેતા 'પરમ' પુસ્તકનું વિમોચન થયું હતું તથા હાવડા ખાતે ગંગા કિનારે 'અર્હમ ઓલ્વેસ કેર' એનિમલ હૉસ્પિટલની માહિતી આપવામાં આવી હતી. દીક્ષાર્થી જાનવી દીદીએ સંયમ માર્ગ પ્રત્યેની તેમની ભાવનાઓ વ્યક્ત કરી હતી.

આમ, માનવતાની ભાવનાને કેન્દ્રમાં રાખીને ઉજવાયેલા બે દિવસીય માનવતા મહોત્સવનો સાર પરમ ગુરુદેવના બે બોધમાં સમાવિષ્ટ રહ્યો. આધ્યાત્મિક મંત્ર સિદ્ધ કરવા સાથે માનવતાના મંત્રને સિદ્ધ કરો. અને માનવતા મહોત્સવ ૩૬૫ દિવસ માટે ઉજવવો જોઈએ. ■

# લાતુરના ખેડૂતો વિરોધમાં કોળા અને ગાજર લઈને આવ્યા

## સરકારી દુષ્કાળ રાહત અપૂરતી હોવાની ફરિયાદ

લાતુર: લાતુર જિલ્લા કલેક્ટર કચેરીની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન સોમવારે ખેડૂતો કોળા અને ગાજર લઈને આવ્યા હતા. શાકભાજીનો ઉપયોગ મહારાષ્ટ્ર સરકારે અપૂરતા રાહત પગલાંની જાહેરાત કરી હોવાનો દાવો કરવા માટે એનો ઉપયોગ પ્રતીક તરીકે કર્યો હતો. દુષ્કાળગ્રસ્ત મરાઠવાડા ક્ષેત્રમાં આવેલા જિલ્લામાં લાંબા સમય સુધી વરસાદની અછતને કારણે થયેલા પાકના નુકસાનની ભરપાઈ માટે તેઓએ પ્રતિ હેક્ટર રૂ. એક લાખની તાત્કાલિક નાણાકીય સહાયની માગણી કરી હતી. રાજ્ય સરકારે ૨૬ સપ્ટેમ્બરે રાજ્યના ૩૫૮ તાલુકામાંથી ૨૬૫ તાલુકામાં દુષ્કાળ જાહેર કર્યો હતો અને પાક-લોન પુનર્ગઠન, જમીન મહેસૂલ પર છૂટછાટો, કૃષિ લોન વસૂલાત મુલતવી રાખવા અને કૃષિ પંપ માટે વીજળી બિલમાં રાહત સહિત રાહત પગલાંના પેકેજની જાહેરાત કરી હતી. સરકારે જિલ્લા કલેક્ટરોને પાક-નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે પણ નિર્દેશ આપ્યો છે.

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે જણાવ્યું હતું કે ખેડૂતોને હકીકતમાં કેટલી નાણાકીય સહાય મળશે એ મૂલ્યાંકન પછી નક્કી કરવામાં આવશે. દરમિયાન, દેખાવકારોએ આરોપ કર્યો હતો કે સરકારી ઠરાવ (જીઆર) ખેડૂતોને તાત્કાલિક સીધી નાણાકીય સહાય પૂરી પાડતો નથી અને પાક-નુકસાન વળતરની જાહેરાત વિલંબ વિના કરવામાં આવે એવી માગણી કરી હતી. (પીટીઆઈ) ■

# મને બદનામ કરવાના પ્રયાસો: જરાંગે

છત્રપતિ સંભાજી નગર: મરાઠા અનામત આંદોલનકર્તા મનોજ જરાંગેએ સોમવારે દાવો કર્યો હતો કે મરાઠા અનામત સંબંધિત માગણીઓ સ્વીકારવા માટે તેમણે મહારાષ્ટ્ર સરકારને આપેલા ૯૦ દિવસના સમયગાળા સંબંધે તેમને બદનામ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. સંભાજી નગરની એક પ્રાઈવેટ હૉસ્પિટલમાં પત્રકાર પરિષદમાં જરાંગેએ કહ્યું હતું કે તેમને અને તેમની સાથે સંકળાયેલા લોકોને સાણસામાં લેવાના આવા તમામ પ્રયાસો મરાઠા સમુદાય નિષ્ફળ બનાવશે.

જરાંગેએ એમ પણ કહ્યું હતું કે ટૂંક સમયમાં આવા પ્રયાસો અને તેમાં સામેલ લોકોને ઉઘાડા પાડવામાં આવશે. મરાઠા સમુદાય સમજી ગયો છે કે પૂછપરછ કરવામાં આવશે. આના પરથી સ્પષ્ટ થાય છે કે (અનામત આંદોલન સાથે સંકળાયેલા) લોકોને કેટલી તકલીફ પડી રહી છે. બધું સહન કરીશું પણ અમે શરણાગતિ નહીં સ્વીકારીએ. અમને જેલમાં મોકલવા માગતા હોય, તો મારી તૈયારી છે. વધુમાં જરાંગેએ જણાવ્યું હતું કે મોડી લિપી (મરાઠી ભાષા લખવાનો પ્રારંભ થવા પૂર્વે વાપરવામાં આવતી કર્સીવ લિપી) વાંચવામાં નિપુણતા ધરાવતા નિષ્ણાતોના નામ રાજ્ય સરકારને સુપરત કરવામાં આવશે અને તેમને મહારાષ્ટ્રભરના રેકોર્ડમાંથી નામો ઓળખવા અને અપલોડ કરવાની સત્તા આપવી જોઈએ. અમે રાજ્ય સરકારને મોડી લિપિના નિષ્ણાતોના નામ આપીશું. પેટા-સમિતિ અને સરકારે આ નિષ્ણાતોને નામો શોધવા અને તેમને અપલોડ કરવાની સત્તા આપવી જોઈએ જેથી તેઓ રાજ્યભરમાં કામ કરી શકે.' આંદોલનકર્તાએ એ વાત પર ભાર મૂક્યો હતો કે અમે હૈદરાબાદ અને અન્ય ગેઝેટ લાગુ કરવા, કેસ રદ કરવા અને મરાઠા અનામત માટેની લડાઈમાં જીવ ગુમાવનારાઓને સહાય આપવા માટે આપેલા ૯૦ દિવસના સમયગાળા કરતાં એક પણ દિવસ વધુ નહીં આપીએ. (પીટીઆઈ) ■

# એફડીએ અધિકારીઓ પૈસા પડાવતા હોવાનો રાઉતનો આરોપ

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે સોમવારે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન (એફડીએ)ના અધિકારીઓ પર ખંડણીમાં સંડોવાયેલા હોવાનો અને હોટલ અને ઝડપી વાણિજ્ય વ્યવસાયોને લાઇસન્સ રદ કરવાની ધમકી આપવાનો આરોપ મૂકી તેમની સામે સ્વતંત્ર તપાસની માગણી કરી હતી.

રાજ્યસભાના સંસદસભ્યએ કમિશનર તુકારામ મુંઢેને લખેલા પત્રમાં આરોપ મૂક્યો છે કે એજન્સીના કડક પગલાંને કારણે તેના બાંદ્રા અને થાણે સ્થિત મુખ્યાલય ખંડણીના કેન્દ્રોમાં ફેરવાઈ ગયું છે. અધિકારીઓ ફરજિયાત કાનૂની નોટિસોને બદલે ભયભીત બિઝનેસ ઓપરેટરો પાસેથી લાખો રૂપિયા વસૂલ કરે છે.

રાઉતનું કહેવું છે કે નાગપુર, પુણે, સોલાપુર, વર્ધા અને છત્રપતિ સંભાજી નગરના ઘણા વ્યવસાય સંચાલકોએ "ક્લોઝિંગ નોટિસ" દ્વારા કથિત ખંડણીના હિસાબો સાથે તેમનો સંપર્ક કર્યો હતો.

કેટલાક અધિકારીઓ એફડીએના આક્રમક વલણ અને દરોડાના અભિયાનનો લાભ લઈ રહ્યા છે. નિયુક્ત અધિકારીઓ, સહાયક કમિશનર અને ખાદ્ય સુરક્ષા અધિકારીઓ કથિત રીતે ખુલ્લેઆમ હોટલ અને ઝડપી વાણિજ્ય વ્યવસાયોને તેમના લાઇસન્સ સસ્પેન્ડ કરવાની ધમકી આપી વ્યાપક ગેરવસૂલી કરી રહ્યા છે.

વિવિધ ઉદાહરણ ટાંકી સેના (યુબીટી)ના નેતાએ દાવો કર્યો હતો કે થાણેમાં અધિકારીઓએ સસ્પેન્ડેડ લાઇસન્સ પુનઃસ્થાપિત કરવા માટે એક ક્વિક-કોમર્સ કંપની પાસેથી ૧૭-૧૮ લાખ રૂપિયા એકત્રિત કર્યા હતા, જ્યારે બીજા એક કિસ્સામાં, ઉંદર વિશે સોશ્યલ મીડિયા પોસ્ટના આધારે એક હોટલનું લાઇસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું, જોકે અધિકારીઓને તેમના નિરીક્ષણ દરમિયાન વાસ્તવમાં કોઈ ઉંદર મળ્યો ન હતો. તેમણે એવો દાવો કર્યો હતો કે મુંઢે એફડીએ કમિશનર બન્યા તે પહેલાં ક્લોઝિંગ નોટિસ માટેનો દર રૂ. ૧૦,૦૦૦ થી રૂ. ૧૨,૦૦૦ હતો, પરંતુ આઈએએસ અધિકારીએ ભયનું વાતાવરણ બનાવ્યા પછી દર વધીને રૂ. ૭૫,૦૦૦ થી રૂ. ૨ લાખ થઈ ગયો છે. (પીટીઆઈ) ■

# રેતી ખનન કેસમાં જરાંગેના સહાયકનો દંડમુક્તિનો આદેશ રદ

જાલના: મહારાષ્ટ્રના જાલના જિલ્લામાં ગેરકાયદેસર રેતી ખનન કેસમાં મરાઠા ક્વોટા કાર્યકર્તા મનોજ જરાંગેના સહયોગીને રૂ. ૪.૯૦ કરોડના દંડમાંથી મુક્તિ આપતો આદેશ અધિકારીઓએ રદ કર્યો છે, એમ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું. આ કાર્યવાહી સુધારેલા આદેશની વહીવટી સમીક્ષા બાદ કરવામાં આવી છે; અગાઉ કટારેને દંડની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કેસ જાલનાના અંબાડ તાલુકામાં શાષ્ટપિંપાલગાંવ અને ડોમલગાંવ ખાતે ગોદાવરી નદીના પટમાંથી લગભગ ૨,૦૦૦ બ્રાસ રેતીના ગેરકાયદેસર નિષ્કર્ષણ અને પરિવહન સાથે સંબંધિત છે. એપ્રિલ ૨૦૨૩માં તત્કાલીન સબ-ડિવિઝનલ ઓફિસરે ૧૮ વ્યક્તિને દંડ ફટકાર્યો હતો જેમાં જરાંગેના આંદોલનની કોર કમિટીના સભ્ય સંજય નાનાસાહેબ કટારે પર રૂ. ૪.૯ કરોડનો દંડ પણ સામેલ હતો. ત્યારબાદ કટારેએ કાર્યવાહીમાં તેમના નામનો સમાવેશ કરવા સામે વાંધો ઉઠાવતા તત્કાલીન તહેસીલદારે દંડમાંથી તેમનું નામ દૂર કરી નવો આદેશ આપ્યો હતો. એક રહેવાસીએ રાજ્યના મહેસૂલ પ્રધાનનો સંપર્ક કરી આ નિર્ણયને પડકાર્યો હતો. જાલના જિલ્લા વહીવટીતંત્રના નિર્દેશો બાદ તપાસ હાથ ધર્યા પછી તત્કાલીન તહેસીલદાર અને સંબંધિત ગૌણ ખનીજ શાખાના અધિકારીઓની ભૂમિકા પર પ્રશ્નો ઊભા થયા હતા. (પીટીઆઈ) ■



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૧) હરીપદા સહા | ૭૦,૦૦૦ |
| ૨) પરીક્ષિત બસક | ૨,૦૦,૦૦૦ |
| ૩) સુશીલા વિશ્વકર્મા | ૪૦,૦૦૦ |
| ૪) સીબા | ૧,૫૦,૦૦૦ |
| ૫) પ્રદીપ સરકાર | ૧,૫૦,૦૦૦ |
| ૬) સાંપરાની મંડળ | ૮૦,૦૦૦ |
| ૭) સાઈરા ખાતુન | ૧,૫૦,૦૦૦ |
| ૮) ફિરંગી મહતો | ૧,૨૦,૦૦૦ |
| ૯) પ્રિયરંજન રણજિત ગાયકવાડ | ૮,૦૦,૦૦૦ |
| ૧૦) મનોજ કુંડુ | ૧,૫૦,૦૦૦ |
| ૧૧) અલકાબુલ અહમદ | ૧,૦૦,૦૦૦ |
| ૧૨) મધુસુદન રાણા | ૧,૫૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | |
|---|---|
| ૧૩) તન્મય સમીર શુકલે | ૫,૦૦,૦૦૦ |
| ૧૪) કાઉનાઈન ખાન | ૩,૦૦,૦૦૦ |
| ૧૫) શ્રીમય પાંડે | ૧,૦૦,૦૦૦ |
| ૧૬) ભારજાઉ કામ્બરી | ૩,૫૦,૦૦૦ |
| ૧૭) અંશ યાદવ | ૫,૦૦,૦૦૦ |
| ૧૮) અયાંશ સંજય યાદવ | ૧૯,૦૦,૦૦૦ |
| ૧૯) તનવી દત્તા ટેલંગે | ૩,૫૦,૦૦૦ |
| ૨૦) શિવમ સુપ્રિયા મોન્ડલ | ૫,૦૦,૦૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન-ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### ૧૪ ફૂટથી ઊંચા

પ્રસ્તાવિત તોડફોડની કાર્યવાહી તાત્કાલિક અટકાવવા વિનંતી કરી હતી અને અસરગ્રસ્ત પરિવારો માટે અગાઉથી પુનર્વસનની માંગ કરી હતી. તેમણે પાલિકા કમિશનર અશ્વિની ભિડેને લખેલા પત્રમાં તહેવારોની મોસમ દરમ્યાન આયોજિત ત્રણ મહિનાની તોડફોડની ઝુંબેશની ટીકા કરી હતી. પાલિકાને કાયદાકીય પ્રક્રિયાઓનું પાલન કરવા, માળખાકીય ઓડિટ કરવા અને પાત્ર રહેવાસીઓને વિસ્થાપનથી બચાવવા અનુરોધ કર્યો હતો.

પાલિકામાં વિરોધપક્ષ નેતા કિશોરી પેડણેકરે કહ્યું હતું કે ગેરકાયદે બાંધકામ સામેની કાર્યવાહી સામે પક્ષનો વિરોધ નથી પણ આગામી ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં દસ્તાવેજો પૂર્ણ કર્યા વિના ૧૪ ફૂટથી વધુ ઊંચાઈના બાંધકામ સામે જે રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે તેનો અમે વિરોધ કરીએ છીએ.જ્યારે કલેક્ટર, મ્હાડા કે સત્તાવાળાઓ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી, ત્યારે એકલા મહાનગરપાલિકા દ્વારા મોટા પાયે અચાનક કાર્યવાહી કરવામાં આવી રહી છે, જેની યોગ્ય તપાસ કરીને અટકાવવી જોઈએ.અમે કમિશનરને વિનંતી કરી છે કે ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને કોઈ પણ પૂર્વ જાણકારી કે યોગ્ય માહિતી વિના ખલેલ પહોંચાડવામાં ન આવે અને તેમના ઘરોને તોડવામાં ન આવે. પક્ષના નેતા ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરે વ્યક્તિગત રીતે આ સમગ્ર મામલાની તપાસ કરી રહ્યા છે અને નાગરિકોની પડખે ઉભા છે. પાંચ કલાકથી વધુ સમય સુધી પાલિકાની સામાન્ય સભામાં આ મુદ્દા પર ચર્ચા ચાલી હતી. મેયર રિતુ તાવડેએ જણાવ્યું હતું કે જો ચૂંટાયેલા પ્રતિનિધિઓને વિશ્વાસમાં લેવામાં નહીં આવે તો નિર્ણયને રદ કરી શકાય છે. મીટિંગ માટે બોલાવવા છતાં, કમિશનરે હાજરી આપી નથી. જો વહીવટીતંત્ર અમને વિશ્વાસમાં લેવા માંગતું નથી, તો અમે નિર્ણયને ઉથલાવીશું. તેમની ટિપ્પણી અને ગૃહના નેતા ગણેશ ખણકર દ્વારા પાલિકાના આ પ્રસ્તાવને સ્થગિત કરવાના માગણી બાદ પાલિકાની સામાન્ય સભા કોઈપણ કામકાજની કાર્યવાહી કર્યા વિના સ્થગિત કરવામાં આવી હતી. મુંબઈમાં ૨,૨૩,૧૫૦ ઝૂંપડપટ્ટીના એકમોનું સર્વેક્ષણ કરવામાં આવ્યું છે, જેમાંથી ૩૯,૧૧૧ એકમો ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવે છે. આમાંના ૩૧,૨૨૭ બાંધકામો પૂર્વીય ઉપનગરોમાં આવેલા છે. પાલિકા પ્રશાસને ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા બાંધકામો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે, તેની સામે વિરોધપક્ષ બાદ સત્તાધારી ભાજપે પણ વાંધો ઉઠાવ્યો હતો.

### શરદ પવારે

એવા સમયે આવ્યું છે જ્યારે મહારાષ્ટ્રમાં એનસીપીના બંને જૂથો વચ્ચે ફરી જોડાવવા અંગે વિવિધ પ્રકારની અટકળો ચાલી રહી છે. જોકે, શરદ પવારે વિલીનીકરણ અંગે કોઈ ફોડ પાડ્યો નથી.

તેમણે પોતાની પાર્ટીમાં આવવા ઇચ્છુક લોકોને ખુલ્લું આમંત્રણ આપ્યું હોવાની સ્પષ્ટતા પણ કરી છે, અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી બંને જૂથોના સંભવિત વિલીનીકરણને લઈને મહારાષ્ટ્રના રાજકારણમાં ચર્ચા ચાલી રહી છે. જોકે, બંને પક્ષો તરફથી આ મુદ્દે અલગ-અલગ નિવેદનો સામે આવ્યા છે. તાજેતરમાં પણ રાજકીય નેતાઓ દ્વારા એનસીપીના બંને જૂથો ફરી એકસાથે આવી શકે તેવી શક્યતા અંગે નિવેદનો કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, શરદ પવારના જૂથ અને કૉંગ્રેસ વચ્ચે પણ સંભવિત વિલીનીકરણ અંગે અગાઉ ચર્ચા થયાના અહેવાલો આવ્યા હતા. જુલાઈ ૨૦૨૬માં કૉંગ્રેસ અને શરદ પવારની એનસીપી વચ્ચે મહારાષ્ટ્ર એકમોના વિલીનીકરણ અંગે ચર્ચા ચાલી રહી હતી હોવાના અહેવાલો સામે આવ્યા હતા. જોકે, આ ચર્ચા અને અજિત પવારના જૂથ સાથેના સંભવિત વિલીનીકરણને અલગ મુદ્દા તરીકે જોવામાં આવે છે. હવે શરદ પવારના તાજા નિવેદન બાદ મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં ફરી ચર્ચા શરૂ થઈ છે કે એનસીપીના બંને જૂથોનું ભવિષ્ય શું રહેશે અને આગામી સમયમાં પાર્ટીની રાજકીય દિશા કઈ હશે. જોકે, હાલ સુધી શરદ પવાર તરફથી અજિત પવારના જૂથ સાથે વિલીનીકરણ અંગે કોઈ ઔપચારિક નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી.

### મુંબઈમાં ૧૦ ટકા

જળાશયોમાં પણ છેલ્લાં બે વર્ષની સરખામણીમાં પાણીનો જથ્થો ઓછો છે. સોમવારે સવારના જળાશયોમાં ૧૪,૦૨,૩૩૦ મિલ્યન લિટર એટલે કે ૯૬.૮૯ ટકા જેટલું પાણી હતું. ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૧૪,૩૯,૫૮૮ મિલ્યન લિટર એટલે કે ૯૯.૪૬ ટકા અને ૨૦૨૪ની સાલમાં ૧૪,૩૯,૨૭૨ મિલ્યન લિટર એટલે કે ૯૯.૪૪ ટકા જેટલું પાણી હતું. મુંબઈને આખું વર્ષ પાણીકાપ વગર પાણીપુરવઠો થઈ રહે તે માટે પહેલી ઑક્ટોબરના જળાશયોમાં ૧૪,૪૭,૩૬૩ મિલ્યન લિટર જેટલો પાણીનો સ્ટોક હોવો આવશ્યક છે.

મુંબઈમાં સામાન્ય રીતે જુલાઈ અને ઑગસ્ટમાં મુશળધાર વરસાદ પડીને જળાશયો છલકાઈ જતા હોય છે પણ આ વર્ષે અલ નિનોને કારણે ચોમાસુ નબળું હોવાથી જૂનમાં ચોમાસાનું આગામન મોડું થયા બાદ જુલાઈમાં મુશળધાર વરસાદ પડયો હતો, તેથી જુલાઈમાં જળાશયોમાં પાણીની સારી એવી આવક થઈ હતી પણ એ બાદ ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં બહું જ ઓછો વરસાદ પડયો છે. તેથી જળાશયોમાં પાણીનું સ્તર વધવાને બદલે ઘટી રહ્યું છે. મુંબઈમાં સામાન્ય રીતે ૧૦થી ૧૧ ઑક્ટોબરની વચ્ચે ચોમાસુ સત્તાવાર રીતે વિદાય લેતું હોય છે. તેથી મુંબઈમાંથી પણ ચોમાસાની વિદાય નજીક છે ત્યારે આગામી દિવસોમાં મુંબઈમાં મુશળધાર વરસાદની કોઈ શકયતા પણ જણાતી નથી. તેથી જળાશયોમાં પાણીની આવક થવાની શકયતા પણ બહું ઓછી છે. પાલિકાના પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ પાલિકા પ્રશાસન હાલના પાણીના જથ્થાને આગામી વર્ષે ચોમાસાનું આગમન થાય નહીં ત્યાં સુધી ચાલે તે રીતે નિયોજન કરવામાં માગે છે. આગામી દિવસોમાં મુશળધાર વરસાદ પડવાની શકયતા ઓછી હોવાથી પાણી આગામી વર્ષ સુધી ચાલી રહે તે મુજબનું આયોજન અત્યારથી કરવું આવશ્યક છે. તેથી ૧૫ મેથી મુંબઈમાં લાગુ કરવામાં આવેલો પાણીકાપ પાછો ખેંચવાની ઉતાવળ પ્રશાસન કરવા માગતું નથી.

### ખાદ્યપદાર્થમાં

એમઆઈડીસી પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર ઉલ્હાસ ખોલમ ટીમ સાથે ગુરુવારની રાતે પેટ્રોલિંગ પર હતા ત્યારે અંધેરી-કુર્લા રોડ પર ઍરપોર્ટ મેટ્રો સ્ટેશન નજીક બન્ને શકમંદ પર તેમની નજર પડી હતી. બન્ને આરોપી ટ્રાવેલ બૅગ સાથે શંકાસ્પદ હિલચાલ કરતા જણાયા હતા. એપીઆઈ ખોલમ પોલીસ વાહન ઊભું રખાવી આરોપી તરફ ગયા ત્યારે બન્નેએ ઉતાવળે ત્યાંથી પસાર થવાનો પ્રયાસ કર્યો હતો. બન્નેને રોકી બૅગમાંના સામાન અને શા માટે ત્યાં ઊભા હતા તે અંગે પૂછતાં તેમણે ઉડાઉ જવાબ આપ્યા હતા. શંકાને આધારે બન્નેને તાબામાં લઈ તપાસ કરતાં બૅગમાંથી સફેદ કલરનો ક્રિસ્ટલ પાઉડર મળી આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે તપાસમાં એ પાઉડર કેટામાઈન ડ્રગ હોવાનું જણાયું હતું. અંદાજે ૩૭.૧૭ કરોડ રૂપિયાનું ૧૨ કિલોથી વધુ કેટામાઈન જપ્ત કરવામાં આવ્યું હતું. દક્ષિણ મુંબઈમાં રહેતા બન્ને આરોપી ડ્રગ્સ વેચવાને ઇરાદે અંધેરી આવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. બન્ને વિરુદ્ધ એમઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો. પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બન્ને આરોપી વિદેશમાં ડ્રગ્સ સપ્લાય કરનારી ટોળકી સાથે સંકળાયેલા હતા. ખાદ્ય પદાર્થમાં સંતાડીને વિવિધ પ્રકારનું ડ્રગ્સ હવાઈ માર્ગે થાઈલૅન્ડ, મ્યાનમાર, મલયેશિયા સહિતના અન્ય દેશોમાં આ ટોળકી મોકલતી હતી. આરોપીઓ ડ્રગ્સ ક્યાંથી લાવ્યા હતા તેની તપાસ પોલીસ કરી રહી છે.

### વાકોડેના પિતા

ચાલુ રાખીશ. સાહિલના પિતાએ રવિવારે જણાવ્યું હતું કે મારી ધરપકડ કરવામાં આવશે તો પણ ચાલશે. મારા પુત્રને બંધારણીય રીતે ન્યાય મળવો જોઈએ. આ છત્રપતિ શિવાજી મહારાજ, ફુલે, શાહુ અને આંબેડકરનું રાજ્ય છે. હું ન્યાય માટે લડતો રહીશ. અગાઉ ગુરુવારે સાહિલના પરિવારે ભૂખ હડતાળ શરૂ કરી હતી. ત્યાર પછી સોમવારથી રવીન્દ્ર પોતે અને પત્ની સોનાલી વિરોધ આંદોલન શરૂ કરશે, એવી જાહેરાત કરી હતી. આ આખા મામલાની તપાસ માટે આઈઆઈટી બૉમ્બે દ્વારા ૧૦ સભ્યની સમિતિ નીમવામાં આવી છે. (પીટીઆઈ)

### પવારના

આ અંગે વાત કરી છે. શરદ પવારે સ્પષ્ટ કર્યું છે કે તેમની પાર્ટી અન્ય કોઈ પક્ષ સાથે વિલીન થશે નહીં. આ નિવેદન દ્વારા પવારે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ એનડીએ સાથે જોડાશે નહીં. ઉલ્લેખનીય છે કે, શરદ પવારે છેલ્લા કેટલાક દિવસોમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે બે વાર મુલાકાત કરી છે. આ મુલાકાતોના થોડા દિવસો બાદ તેમણે પોતાનું વલણ જાહેર કર્યું છે. શરદ પવાર દ્વારા આ વલણ વ્યક્ત કરવાના ટાઈમિંગ અંગે પણ પ્રશ્નો થઈ રહ્યા છે. નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારના નેતૃત્વ હેઠળની એનસીપીના પ્રદેશ અધ્યક્ષ સુનીલ તટકરેએ આ બાબતે મહત્ત્વપૂર્ણ પ્રતિક્રિયા આપી છે.

શરદ પવાર એક રાષ્ટ્રીય નેતા છે; તેથી, તેમણે વ્યક્ત કરેલા કોઈપણ અભિપ્રાય પર હું કોઈ ટિપ્પણી કરીશ નહીં. તેમણે જે સમયે આ વાત કહી છે, તેની પાછળનું કારણ માત્ર પવાર સાહેબ પોતે જ કહી શકે એમ છે. રાજ્યના રાજકારણમાં તેમણે ઘણીવાર ઉત્તમ સમયસૂચકતાનું પ્રદર્શન કર્યું છે.

''તેમણે ૮૦, ૯૦ ના દાયકાઓમાં અને ૨૦૦૦, ૨૦૧૦ પછી પોતાની રીતે પગલાં લીધા છે. તેથી તેની પાછળનો મૂળ ઉદ્દેશ્ય શું હોઈ શકે તે માત્ર શરદ પવાર જ જાણે છે,'' એવી ટિપ્પણી સુનીલ તટકરેએ કરી હતી. પત્રકારોના શું આ સંકેત છે કે શરદ પવાર એનડીએમાં જોડાઈ શકે છે એવા પ્રશ્નના જવાબમાં સુનીલ તટકરેએ સ્મિત સાથે કહ્યું, ''મેં અગાઉ કહ્યું તેમ, શરદ પવાર છ દાયકાથી દેશનું નેતૃત્વ કરી રહ્યા છે. ઘણી વખત એવું બન્યું છે કે કોઈ તેમના નિવેદનોનો સાચો અર્થ સંપૂર્ણપણે સમજી શક્યું નથી. તેનો જવાબ તો સમય જ આપશે.'' (પીટીઆઈ)

### આત્મહત્યા પહેલાં

આઈઆઈટી બૉમ્બેના વિદ્યાર્થીઓ, ફૅકલ્ટી અને હોસ્ટેલ સ્ટાફ સહિત પચીસથી વધુ લોકોનાં નિવેદન નોંધવામાં આવ્યાં છે, જેમાં પરીક્ષામાં પકડાયા પછી આત્મહત્યા કરી તે દરમિયાન વાકોડેએ જે મિત્રો સાથે ફોન પર વાતચીત કરી હતી તેમનો પણ સમાવેશ થાય છે. પોલીસને જાણવા મળ્યું હતું કે વાકોડેએ ગર્લફ્રેન્ડને ફોન કરીને મધ્ય સત્રની પરીક્ષામાં પેપર સારું ન ગયું હોવાનું કહ્યું હતું. ઉપરાંત, થર્મોડાયનેમિક્સના પેપરમાં ભૂલ કરી હતી અને પછી પરીક્ષામાં ગેરરીતિ અંગે પણ અફસોસ વ્યક્ત કર્યો હતો.

વાકોડેના આઈફોનમાંથી સંપૂર્ણ ડિજિટલ લૉગ્સ અને ડિવાઈસ હિસ્ટરી મેળવવા માટે પોલીસે ટેક્નિકલ એનાલિસીસ માટે કલિના ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં ડિવાઈસ મોકલ્યું હતું. જો ડિવાઈસ અનલૉક નહીં થઈ શકે તો પોલીસ એપલ કંપનીનો સંપર્ક સાધશે. એ સિવાય પોલીસે વૉટ્સઍપને ઔપચારિક વિનંતી કરીને સંબંધિત એકાઉન્ટ્સની માહિતી માગી છે.

તપાસ અધિકારીના જણાવ્યા મુજબ ડિજિટલ પુરાવા ઉપરાંત કૅમ્પસમાંથી પ્રાપ્ત સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ પરીક્ષા પછી ખરેખર શું બન્યું હતું તેનો અંદાજ મેળવવા માટે મહત્ત્વના સાબિત થશે. સીસીટીવી ફૂટેજ કોર્ટમાં પુરાવા તરીકે સ્વીકાર થાય તે માટે તેને આઈટી ઍક્ટ હેઠળ સર્ટિફિકેશન માટે કલિના લૅબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. વાકોડેના પિતાની ફરિયાદને આધારે પવઈ પોલીસે પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લા સામે એફઆઈઆર નોંધ્યો હતો. વિદ્યાર્થીની આત્મહત્યાને મામલે ભારે વિરોધ થતાં પ્રોફેસર દુલ્લાને પ્રશાસકીય બાબતોના ડીન પદેથી દૂર કરાયા હતા. (પીટીઆઈ)

### બુલેટ ટ્રેન

મહારાષ્ટ્રના ભાગમાં હાઈવે, રેલવે લાઈન અને નદીઓ જેવાં મહત્ત્વનાં સ્થળોને પાર કરવા માટે સ્ટીલ બ્રિજ બનાવવામાં આવી રહ્યા છે. આ બ્રિજની ખાસ વાત એ છે કે તેનું નિર્માણ તમિળનાડુના ત્રિચી ખાતે આવેલી વર્કશોપમાં કરવામાં આવ્યું હતું. ત્યાંથી તૈયાર સ્ટીલના ભાગોને લગભગ ૧,૩૦૦ કિલોમીટર દૂર મહારાષ્ટ્રમાં લાવવામાં આવ્યા અને સાઈટ પર તેનું એસેમ્બલિંગ કરીને બ્રિજને નિર્ધારિત સ્થાન પર સ્થાપિત કરવામાં આવ્યો હતો. એનએચએસઆરસીએલના અધિકારીના જણાવ્યા મુજબ, આ કામગીરી ભારતની મોટી અને જટિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રચનાઓ માટેની સ્વદેશી ક્ષમતાને પણ દર્શાવે છે.

૧૦૦ મીટર લાંબા આ બ્રિજને જમીનથી આશરે ૧૭.૫ મીટરની ઊંચાઈએ કામચલાઉ ટ્રેસ્ટલ્સ પર એસેમ્બલ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ ખાસ સ્કિડ અરેજમેન્ટ, હેવી જેક્સ અને પ્રી-ટેન્શન કરાયેલા મેકએલોય બાર્સની મદદથી તેને ધીમે ધીમે નિર્ધારિત સ્થાન સુધી ખસેડવામાં આવ્યો. બ્રિજની લંબાઈ ૧૦૦ મીટર, પહોળાઈ ૧૪ મીટર અને ઊંચાઈ ૧૪ મીટર છે. તેના ટકાઉપણા અને વાઈબ્રેશન કંટ્રોલ માટે ખાસ પ્રોટેક્ટિવ પેઈન્ટિંગ સિસ્ટમ અને ઈલાસ્ટોમેરિક બેયરિંગ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હાઈ-વે પર વાહનવ્યવહારને ઓછામાં ઓછી અસર થાય તેના માટે બ્રિજ લોન્ચ કરવાની કામગીરી રાત્રિના ટ્રાફિક બ્લોક દરમિયાન કરવામાં આવી હતી. સ્ટીલ બ્રિજ ખાસ કરીને એવા સ્થળોએ ઉપયોગી હોય છે જ્યાં લાંબો સ્પાન જરૂરી હોય, જેમ કે હાઈ-વે, એક્સપ્રેસવે, મોટી નદીઓ અને રેલવે લાઈનો ઉપરથી પસાર થતો કોરિડોર.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કુલ ૨૮ સ્ટીલ બ્રિજ બનાવવાના આયોજન છે, જેમાંથી ૧૬નું બાંધકામ પૂર્ણ થઈ ચૂક્યું હોવાના અહેવાલમાં જણાવાયું છે. બીજી તરફ, સપ્ટેમ્બર ૨૦૨૬ના એનએચએસઆરસીએલના માહિતી અધિકાર આધારિત અપડેટ પ્રમાણે સમગ્ર ૫૦૮ કિલોમીટર પ્રોજેક્ટનું ૬૨.૧૬ ટકા પ્રત્યક્ષ કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને આશરે ૩૬૬ કિલોમીટર વાયડક્ટ પર ગર્ડર લગાવવામાં આવી ચૂક્યા છે.


## ક્લાસિફાઈડ

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Varanasi Ayodya Kerala Karnataka Rajasthan, Kashmir, Himachal, Uttaranchal Vietnam Srilanka Thailand Singapore Cruise રેન્ટકેબ મુંબઈ લોકલ આઉટસ્ટેશન Oneway ડિઝાયર ઈનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર Urbania સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ TravelInsurance. ARRHAM HOLIDAY 9769977466/ 9892534488. (બી-૧૮૧૧૪)

**કોસબાડ દહાણુ**

**કુદરતનાં ખોળે ડુંગરની ટોચે, શ્રી મલ્લીનાથ જૈન તીર્થમાં સેવા, પૂજા, દર્શન માટે પધારો. ચૈત્યપરિપાટી, ગ્રૂપો માટે ધર્મશાળા, ભોજનશાળાની સુંદર વ્યવસ્થા ઉપરાંત તીર્થમાં સિદ્ધચક્ર પૂજન 50 વ્યક્તિઓનાં બપોરનાં જમણવાર સાથે ફક્ત ₹ 28500/- નકરામાં ભણાવવાની ઉત્તમ તક. બુકિંગ - વિગત માટે: પૂનમબેન 9226297975/ સેજલબેન 9820119529. (એસડીબી-૩૫૦૨)**

### ૧૭. જગ્યા આપવી છે

**બોઈસર (વેસ્ટ)**

પરનાલી નાકા, 1 બેડરૂમ 19,00,000/=, દુકાનો 9,00,000/= સંપર્ક 9819515798, 9167332595. (૧૩૭૭-એ)

**જુહુ**

3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૧૪-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૩૭૪-એ)

PREMIUM

૧૯૮૩થી વિશ્વાસુ- વાંદા, ઉધઈ, ઉંદરનો ઉપાય. PRESTIGUARD- 8169473531/ 7977918526. (બી-૧૮૧૩૨)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## પારસી મરણ

ફિરોઝ ફરામરોઝ કરકરીયા તે મરહુમ આબાનના ધની. તે મરહુમો હોમાય ફરામરોઝ કરકરીયા દીકરા. તે મરહુમો દોલતબાનું જાલેજર પરેખના જમાઇ. તે ખરશેદ, જમશેદ, રુસ્તમ, હોબેજન અને મનીજે ફિરોઝ બુમલાના બનેવી. (ઉં. વ. ૮૬) રે. ઠે. જાઇફલ ટેરેસ, ૨૯ /૩૧ ફોરજેટ સ્ટ્રીટ, ભાટીયા હોસ્પિટલની સામે, ખંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૩૧.

રુસી જાલેજર તલાટી તે રોશનના ધની. તે કેતામાય તથા મરહુમ જાલેજર તલાટીના દીકરા. તે નીલુફર ને શાહરુખના પપ્પા. તે હોમઝદ ને દીલનાવાઝના સસરા. તે નીકીતા ને વેઝાનના મમાવા. તે સનાયા ને દારેનના બપાવા. (ઉં. વ. ૯૩) રે. ઠે. ભિવંડીવાલા બિલ્ડિંગ, ૧૨ વાડીયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ-૪૦૦૦૩૪. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૯-૯-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે કપાવાલા અગિયારીમાં છેજી.

## પાયદસ્ત

આરમઇતી કેકી નામવર તે મરહુમો મની કેકી નામવર (ઇરાની)ના દીકરી. તે મરહુમો હોશી કેકી નામવર ને રુસી કેકી નામવરના બહેન. (ઉં. વ. ૮૪) રે. ઠે. એ-૭, જર બાગ, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, ગ્લોરીયા ચર્ચ, ભાઇખલા, મુંબઇ-૪૦૦૦૨૭. પાયદસ્ત: તા. ૨૯-૯-૨૬ને દીને સવારે ૭.૪૫ વાગે ઉપરની બેનેટ નં.૫માં ડુંગરવાડી પર છે જી. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૯-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે ઉપરની બેનેટ નં-૫માં ડુંગરવાડી પર છેજી.

## હિન્દુ મરણ

**ગુર્જર ક્ષત્રિય કડિયા**

વસંતલાલ શામજી ગોહેલ (ઉં. વ. ૮૭) તા. ૨૭-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. ઇન્દિરાબેનના પતિ. તે રૂપા, મિતા, જાગૃતિ, કશ્યપના પિતાશ્રી. તે મનોજ, અજિત, હિતેશ, મેઘનાના સસરા. તે પૂજા, શ્યામ, જશના નાના. તે સંભવી, અસ્મિકના દાદા. તેમની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૨૯-૯-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. વિરેશ્વર હોલ, ૧લે માળે, સન્યાશ્રમ, વિલેપાર્લે (પ.), મુંબઇ-૫૬.

**કચ્છી લોહાણા**

મનીષકુમાર ગોકલદાસ ગાડીત (ઉં. વ. ૬૮) તે સ્વ. ધનલક્ષ્મી ગોકલદાસ, રામજી ગાડીત ગામ જામખંભાળીયા હાલ બોરીવલીના સુપુત્ર. તે મમતાના પતિ. વિશેષના પિતાશ્રી. તે લીલાવંતી તેજપાલ મુલજી કારીયા ગામ કચ્છ કોટેશ્વર હાલ માટુંગાના નાના જમાઇ ગુરુવાર, તા. ૨૪-૯-૨૬ના પરમધામ સિધાવેલ છે. તે સ્વ. મંજુલા જયંત ગોકલદાસ ગાડીતના નાનાભાઇ. તે લતાબેન પ્રવીણભાઇ ચંદન, ધરમશી, માયાબેન, જગદીશ સચદે, ભરતના બનેવી. પ્રાર્થનાસભા-બેસણાની પ્રથા રાખેલ નથી, સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા મોઢ માંડળીયા વણિક**

ઉના નિવાસી હાલ કાંદીવલી દિનેશચંદ્ર મોહનલાલ પારેખ તે સ્વ. મોહનલાલ દયાળદાસ પારેખના સુપુત્ર. અનિલાબેનના પતિ. અંકિત તથા દિશા કિશનકુમાર મિરાજકરના પિતાશ્રી. સ્વ. નવીનચંદ્ર, સ્વ. કાંતિલાલ, પ્રવીણચંદ્ર, સ્વ. રમેશચંદ્ર, સ્વ. કુસુમબેન તુલસીદાસ મહેતા, સરોજબેન નલીનકુમાર શાહના ભાઇ. સ્વ. રતિલાલ દુર્લભદાસ ગાંધી (ધમતરી)ના જમાઇ રવિવાર, તા. ૨૭-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ભડી-ભંડારિયા નિવાસી હાલ મુલુંડ સ્વ. રમણીકલાલ જયંતીલાલ જોષીના પુત્ર નિતીનભાઇના પત્ની દર્શના (ઉં. વ. ૬૦) જે શિવોમ જોષીના માતુશ્રી. ભાવનગર નિવાસી પ્રફુલાબેન વિપીનચંદ્ર ભટ્ટના સુપુત્રી. વર્ષાબેન સતિષચંદ્ર જોશીના દેરાણી. રેખા અશોક દવેના ભાભી તા. ૨૫-૯-૨૬ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ દુધઇ હાલ ઘાટકોપર જયસિંહ રતિલાલ દૈયા (બુધુભાઇ) (ઉં. વ. ૮૨) તે સ્વ. લીલાવતી રણછોડ દૈયા તથા સ્વ. ડાઇબાઇ રતિલાલ દૈયાના સુપુત્ર. તે સ્વ. રતનબાઇ લીલાધર ચંદન કચ્છ નલીયાવાળાના જમાઇ. સ્વ. જયાલક્ષ્મી જયસિંહ દૈયા (જમ્મુબેન) ના પતિ. ડો. દીપા નયન ચંદન તથા મીતા જીનેશ દોશીના પિતાશ્રી. મહિમા, પરમ તથા જયના નાના. સ્વ. પ્રવિણભાઇ, સુરેશભાઇ, ભરતભાઇ, નિર્મળાબેન ભગવાનજી, પ્રતિમાબેન વિજયભાઇ, સ્વ. રશ્મિબેન મીનાબેન અરવિંદભાઇ, પ્રજ્ઞાબેન રાજેશભાઇ, સ્વ. રાગીણીબેન કમલેશભાઇ, જેનીબેન કિશોરભાઇના ભાઇ. સોમવાર, તા. ૨૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા, બેન્કવેટ હોલ, ગ્રાઉન્ડ ફ્લોર, ઉપાશ્રય લેન, ઘાટકોપર (પૂર્વ), મંગળવાર, તા. ૨૯-૯-૨૬ ના સાંજે ૫.૩૦થી ૭. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**લુહાર સુતાર**

ગામ રાજુલા નિવાસી હાલ ભાયંદર, ગં.સ્વ. પુષ્પાબેન તથા સ્વ.ભગવાનભાઈ પીતાંબરભાઈ પરમારના પુત્ર નીતિનભાઈ પરમાર (ઉં. વ. ૫૬) તા. ૨૭/૦૯/૨૬ના શ્રીજીશરણ પામેલ છે . તે સ્વ. ગીતાબેનના પતિ. હર્ષ-સુનીતાના પિતાશ્રી, મનીષભાઈ, મીનાબેન, પ્રવિણાબેન, રાજેશ્રીબેન, વીણાબેનના ભાઈ, સાસરાપક્ષે સ્વ. જેન્તીભાઇ નંદલાલભાઈ કવા ગામ જાફરાબાદના જમાઈ. સાદડી તા. ૦૧-૧૦-૨૬ના રોજ ગુરુવાર સમય સાંજે ૦૫.૦૦ થી ૦૭:૦૦. સ્થળ: શ્રી લુહાર- સુથાર જ્ઞાતી (વેલફેર સેન્ટર) કાર્ટર રોડ નં ૩, અંબાજી મંદિર પાસે , બોરીવલી પૂર્વ.

**કપોળ**

અમરેલીવાળા, સ્વ. ભરતભાઈ ચીમનલાલ સંઘવીના ધર્મપત્ની પન્નાબેન (ઉં. વ. ૭૯) ૨૬/૯/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે નેહલ તથા દેવલના માતુશ્રી, રીતુ તથા નિરાના સાસુ, મધુભાઈ, દીપકભાઈ, યામિની અરૂણ પટેલ, હર્ષા બકુલેશ શેઠના ભાભી, રાજુલાવાળા અરૂણા નવનીતભાઈ પારેખ, પલ્લવી ભરત મહેતા, ભદ્રા ઈશ્વરભાઈ લોઢીયા, દીપકભાઈ હરકિશનદાસ સંઘવીના બહેન. લૌકિક વ્યવહાર બંધ છે.

**નવગામ ભાટિયા**

પ્રવિણચંદ્ર છોટાલાલ વેદ (ઉં. વ. ૮૫) ટંકારા, હાલ મુંબઈ, રવિવાર તા. ૨૦/૯/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. યામિની વેદના પતિ. સ્વ. વૃજવબાળા (કબુબેન) છોટાલાલ મુલજી વેદના સુપુત્ર. સ્વ. વૃજદાસ ( વિજયભાઈ), લલીતાબેન, ચંદ્રબેન, હંસા નરેશ આશર, દ્વારકાદાસ (કનુભાઈ)ના ભાઈ. સ્વ. ગુણવંતી હરિદાસ વેદના જમાઈ. લૌકિક વહેવાર બંધ છે.

**કપોળ**

જાફરાબાદ નિવાસી, યશવંતભાઈ રતિલાલ ગોરડિયા તા. ૨૭/૦૯/૨૬ રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે મમતાબેનના પતિ, મૈત્રી મેહુલ ભટ્ટ, અમન તથા ઉમંગી નીખીલ પટેલના પિતાશ્રી. રાધિકાના નાના, સ્વ. નલીનીબેન હસમુખરાય બુસા, સ્વ. રમેશભાઈ તથા જીતેન્દ્રભાઈના ભાઈ, ભાયરામભાઈ સોનીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૯/૦૯/૨૦૨૬, મંગળવારના રોજ જાફરાબાદ. સ્થળ મહાજન વાડી જાફરાબાદ સમય સાંજે ૪:૦૦ થી ૬:૦૦.

**કચ્છી લોહાણા**

ગામ અકરી, મોટી બેર, કચ્છ હાલે નાસિક, સ્વ. નાથાલાલ હરિરામ ગણાત્રા (ઉં.વ.૭૩) તા. ૨૮/૦૯/૨૦૨૬ના સ્વર્ગવાસ થયેલ છે. તે સ્વ. માણેકબેન હરિરામ ગણાત્રાના સુપુત્ર. લક્ષ્મીબેન ગણાત્રાના પતિ. સ્વ. ભાણજી કલ્યાણજી દ્વાવડા (ગામ: વાયોર)ના જમાઈ, સ્વ. મનિષ નાથાલાલ ગણાત્રા તથા ધર્મેશ નાથાલાલ ગણાત્રાના પિતાશ્રી, ગીતાબેન ધર્મેશભાઈ ગણાત્રાના સસરા. અલકાબેન સચિનકુમાર તન્નાના પિતાશ્રી. પ્રાર્થનાસભા તા. ૨૯/૦૯/૨૬, મંગળવાર સમય સાંજે ૪:૦૦ થી ૫:૩૦. સ્થળ: નાસિક કચ્છી લોહાણા મહાજન વાડી, ડિંડોરી રોડ, પંચવટી, નાસિક.

## જૈન મરણ

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પાણશીણા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. ઉષાબેન હસમુખલાલ શાહના સુપુત્ર અતુલભાઇ (ઉં. વ. ૬૮) તા. ૨૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે બીનાબેન (જીવતી)ના પતિ. નિશિત (મોન્ટુ)ના પિતાશ્રી. પલ્લવીબેન દીલીપકુમાર શેઠ, કલ્પનાબેન દિનેશકુમાર દોશી અને ભાવનાબેન દિપકકુમાર મહેતા અને સ્વ. શીરીષભાઇના ભાઇ. સ્વ. સુશીલાબેન જયંતીલાલ હીરાલાલ શાહના જમાઇ. હસમુખભાઇ, સ્વ. હર્ષદભાઇ, સ્વ. અનિલભાઇ અને ભાવનાબેન કિરીટભાઇ શેઠના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દેરાવાસી જૈન**

મહેસાણા નિવાસી હાલ બાંદ્રા સ્વ. વસુમતી શશીકાંત ભાખરીઆના પુત્રવધૂ રશ્મી ભરત ભાખરીયા (ઉં. વ. ૭૫) શનિવાર, તા. ૨૬-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ભૂપતરાય દોશીના દીકરી. તે રિદ્ધિ મિલાપ એન્જિનિયર, પાર્થિવના માતા. નેહા યોગેશના દેરાણી, અતુલ-શ્રુતિ, સ્વ. નીતીન-જીગીશા તેમ જ પૂર્ણિમા કિર્તી શાહના ભાભી. સર્વ લૌકિક પ્રથા બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

સુરેન્દ્રનગર નિવાસી હાલ બોરીવલી સ્વ. સૂરજબેન જીવરાજ શાહના સુપુત્ર ચિમનલાલ જીવરાજ શાહ (ઉં. વ. ૯૦) તે સ્વ. કંચનબેનના પતિ. તે જીજ્ઞેશ (ભાવેશ) અને ચેતનાના પિતા. ભાવિકા અને કૌશીકભાઇના સસરા. કેવિનના નાના. બગડ નિવાસી ખોડીદાસ લલ્લુભાઇ બારભાયાના જમાઇ તા. ૨૮-૯-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. ઠે. બી-૨૦, અભિષેક કો. ઓ. સોસાયટી, રતનનગર, બોરીવલી (ઇસ્ટ), દૌલતનગર રોડ નં.૧૦, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ચુડા નિવાસી, હાલ ભાયંદર, મંગળાબેન શાંતિલાલ શાહના પુત્ર નિતીનભાઇ (ઉં. વ. ૬૮) તે ધર્મિષ્ઠાબેનના પતિ. વિવેક-મેઘા, નિશીત-દીપ્તીના પિતા. સ્વ. શરદભાઇ, સ્વ. અરુણભાઇ, બિપીનભાઇ, સ્વ. જશુબેન, સ્વ. ઇલાબેનના ભાઇ. સ્વ. ચંપકલાલ લલ્લુભાઇ શાહના જમાઇ. તા. ૨૭-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૯-૨૬ મંગળવારના સવારના ૧૦થી ૧૨. ઠે. તિરૂપતિ બેન્કવેટ હોલ, મહેશ્વરી ભવન રોડ, ફાયર બ્રિગેડ નજીક, ભાયંદર (વેસ્ટ).

**પાટણ દશા શ્રીમાળી જૈન**

પાટણ ખેજડાનો પાડો હાલ બોરીવલી, સ્વ. વિજયકુમાર ઝવેરીના ધર્મપત્ની આશાબેન (ઉં. વ. ૮૨) તે ૨૭/૯/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે જયંતભાઈ, જીતુભાઇ, નિરંજનાબેનના ભાભી. સંગીતાબેનના જેઠાણી. આસિત તથા ગોપીના માતુશ્રી. પલ્લવીના સાસુ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી શ્વે. મુ. પૂ. જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ, સ્વ. તરૂલતાબેન વિનોદચંદ્ર પ્રભુલાલ શાહના સુપુત્ર વિરલ વિનોદચંદ્ર શાહ (ઉં. વ. ૪૫) તે સ્નેહાના પતિ. દિયા અને અર્હમના પિતા. સૌરભ તથા ફાલ્ગુની મિલનકુમાર શેઠના ભાઈ. અ.સૌ. સ્મિતાબેન હર્ષદભાઈ શાહ, સ્વ. કિશોરભાઈ, ઉપાધ્યાય અજિતશેખર વી.મ. સાહેબ તથા અને સાધ્વીજી ભગવંત શ્રી હર્ષોજ્જવલા શ્રીજી મ. સા.ના (સંસારી પક્ષે) ભત્રીજા, જામનગર નિવાસી કાંતિલાલ માધવજી લાલનના જમાઈ. રવિવાર તા.૨૭-૦૯-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. સ્મરણાંજલી સભા તા. ૨૯-૦૯-૨૬, મંગળવાર સમય સવારે ૯ થી ૧૧. શ્રી હાલાઇ લોહાણા બાલાશ્રમ, અતુલ ટાવરની બાજુમાં,, મથુરદાસ રોડ, કાંદિવલી વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

લુણીના દિપ્તી (દીના) અરવિંદ ઉમરશી ધરોડ (ઉં. વ. ૬૯) તા. ૨૭-૯-૨૬નાં અવસાન પામેલ છે. અરવિંદના પત્ની. વેલબાઇ ઉમરશી ઘેલાભાઇ ધરોડના પુત્રવધૂ. મુંદ્રા/ ગાંધીધામના ઝવેરબેન તલકશી કેશવજી કેનીયાના પુત્રી. ફાલ્ગુની (રીટા), અંકિતના માતુશ્રી. મુંદ્રા મનસુખ, મહેશ, ભારતી, પ્રીતી (હર્ષા), સ્વ. કુસુમ, મંજુલા, ઉર્મીલા, પત્રીના પ્રવિણ ખીમજી, શાંતીલાલ ખીમજીના બહેન. પ્રા. હીરાવંતી બેંકવેટ હોલ, ટાગોર રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), ટા. ૪ થી ૫.૩૦.

મોટા લાયજાના ડુંગરશી ગાંગજી ગડા (ઉં. વ. ૭૯) તા. ૨૭-૦૯-૨૦૨૬ના અવસાન પામેલ છે. કાનબાઈ ગાંગજીના પુત્ર. મણીકાન્તાના પતિ. જીજ્ઞા, ભારતીના પિતા. જયા, ચંદન, સુશીલા, પંકજના ભાઈ. નારાણપરના સરસ્વતીબેન ગોવિંદજી કારાણીના જમાઈ. પ્રાર્થના સભા- શ્રી વ.સ્થા.જૈન શ્રાવક સંઘ, કરસન લધુ નીસર હોલ, દાદર (વેસ્ટ), તા. ૨૯.૯.૨૬, ટા. ૨.૦૦ થી ૩.૩૦.

પ્રતાપુરના વિમળાબેન પ્રેમજી (મંગલ) વિછીવોરા (ઉં. વ. ૭૩) તા. ૨૭-૦૯-૨૬ ના અવસાન પામેલ છે. દેવકાંબેન કાનજીના પુત્રવધુ. નીપા (મયુરી), દિગેશના માતુશ્રી. જેઠીબાઈ પાસવીરના સુપુત્રી. મણીબેન કેશવજી, બિદડા મઠાંબેન દામજી, લક્ષ્મીબેન વીશનજી, ગુંદાલા નાનબાઈ હરખચંદ, ટુંડા દમયંતી અમૃતલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. (ચક્ષુદાન કરેલ છે.) નિ. દિગેશ વિચ્છીવોરા, એ/૮૦૪, અરીસો એપાર્ટમેન્ટ સુભાષનગર, ચેંબુર, મું. ૭૧.

બિદડા (દખણો ફરીયો)ના નિરંજના હિંમત ટોકરશી ગાલા (ઉં. વ. ૬૯) તા. ૨૭-૯-૨૬ના અવસાન પામ્યા છે. વેલબાઈ ટોકરશી મેઘજીના પુત્રવધુ. સ્વ. હિંમત ટોકરશીના ધર્મપત્ની. રોહન, ઉર્વીના માતુશ્રી. ફરાદીના માતુશ્રી લીલબાઈ કેશવજી ચના દેઢિયાના સુપુત્રી. પ્રેમજી, શાંતિલાલ, પોપટ, કાંતિલાલ, વસનજી, નેમચંદ, મણીલાલ, ડોણના નિર્મળા બિપીન ભવાનજી, સ્વ. ચંદન, બિદડાના કલ્પના ધનસુખ પ્રેમજી, બાડાના વનિતા હરેશ લાલજીના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦).

નાના રતડીયાના દેવચંદ પ્રેમજી ગડા (ઉં. વ. ૮૦) તા. ૨૭-૯નાં અવસાન પામેલ છે. લક્ષ્મીબેન પ્રેમજીના પુત્ર. ચંપાબેનના પતિ. ગીરીશ, કમલેશના પિતા. રાયશી, મોહનલાલ, કેશવજી, લીલાવંતી, પુષ્પા, હેમલતાના ભાઇ. મોથારાના વાલબાઇ લાલજી ડાયાના જમાઇ. શ્રી વ.સ્થા. જૈન શ્રા. સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.






Theatrix

# મુંબઈ ઉપનગરમાં પણ બેસ્ટ વીજ પુરવઠો આપશે

## ખાનગી વીજ કંપની સાથે બેસ્ટની સ્પર્ધાઃ અભ્યાસ કરવા ટાસ્ક ફોર્સની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ૧૦ લાખથી પણ વધુ વીજ ગ્રાહકો ધરાવતા બેસ્ટ(બૃહન્મુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય ઍન્ડ ટ્રાન્સપોર્ટ) ઉપક્રમે ખાનગી વીજ કંપનીઓ સાથેની તેની વધતી સ્પર્ધાને પહોંચી વળવા માટે હવે તેના વીજળી વિતરણ ક્ષેત્રને વિસ્તૃત કરવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી સમયમાં મુંબઈ ઉપનગરમાં વીજ પુરવઠો કરી શકાય કે નહીં તેનો અભ્યાસ કરવા માટે ટાસ્ક ફોર્સની રચના કરવાની છે. પ્રશાસને આપેલી માહિતી આપી હતી કે બેસ્ટના વીજ પુરવઠા વિભાગે છેલ્લા વર્ષમાં લગભગ ૫,૫૦૦ નવા ગ્રાહકો ઉમેર્યા છે અને આ વિભાગ હાલમાં નફામાં છે.

બેઠકમાં ઉપનગરીય વિસ્તરણ માટે બેસ્ટની માલિકીના ૨૭ ડેપોનો ઉપયોગ માળખાગત સુવિધાઓ માટે કરવાની શક્યતા ઉઠાવવામાં આવી હતી. ઉપરાંત, સબસ્ટેશન, પાવર ડિસ્ટ્રિબ્યૂશન નેટવર્ક અને અન્ય જરૂરી સુવિધાઓ સ્થાપવા સાથે સંબંધિત પરમિટ મેળવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ■

# અંધેરી ફ્લાયઓવરના સમારકામનો ખર્ચ વધ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર આવેલા અંધેરી ફ્લાયઓવર (જોગ ફ્લાયઓવર)ની જાળવણીનો ખર્ચાને લઈને મુંબઈ મહાનગરપાલિકા અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ઓથોરિટી (એમએમઆરડીએ) વચ્ચે હજી પણ ખેંચાતાણ ચાલી રહી છે ત્યારે પુલના માળખાકીય સમારકામના કામનો ખર્ચ બીજી વખત વધી ગયો છે. સાથે જ તેની ડેડલાઈનમાં પણ ફરી વધારો થયો છે. પ્રોજેક્ટ પૂર્ણ થવાની નવી તારીખ નવેમ્બર ૨૦૨૬ની થઈ ગઈ છે. મૂળભૂત રીતે રકમ ૯૨.૬૭ કરોડનો અંદાજ ધરાવતો આ પ્રોજેક્ટ હવે કર સહિત ૧૩૦.૩૬ કરોડ રૂપિયાએ પહોંચી ગયો છે, જે ૩૭.૬૯ કરોડ રૂપિયા એટલે કે ૪૦ ટકાથી વધુનો વધારો દર્શાવે છે.

અંધેરી ફ્લાયઓવરના સમારકામ માટેનો મૂળ કૉન્ટ્રેક્ટ ૯૨.૬૭ કરોડ રૂપિયાનો હતો. ૨૦૨૩ માં વીરમાતા જિજાબાઈ ટેક્નોલોજી ઈન્સ્ટિટ્યૂટ (વીજેટીઆઈ)એ સ્ટ્રક્ચરલ ઓડિટ (માળખાકીય સર્વેક્ષણ)માં ફ્લાયઓવરને મજબૂત બનાવવાની ભલામણ કરી હતી. જોકે અંધેરી પુલ દુર્ઘટના પછી પુલની માલિકી અને જાળવણી માટે ખરેખર કોણ જવાબદાર છે તે અંગેના વિવાદને કારણે પુલનું કામ રખડી પડયું હતું. ફ્લાયઓવરનું કામ શરૂ થયા પછી વિગતવાર ફરી ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવ્યું હતું. ■

### સમારકામ માટે કેમ વિવાદ?

આ પુલનું બાંધકામ ૧૯૯૭ માં સાર્વજનિક બાંધકામ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું. બાદમાં પુલને જાળવણી માટે એમએમઆરડીએને સોંપવામાં આવ્યો હતો અને ૨૦૨૨ માં પુલને જાળવણી માટે પાલિકાને સોંપવામાં આવ્યો હતો. પુલની નીચેની ૩૩,૦૦૦ ચોરસ મીટર જમીનનો વાણિજ્યિક ઉપયોગ અને પુલની જાળવણી કરવાની શરતે જોગ અને હિરાનંદાની કંપનીને કૉન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. જોકે જોગ કંપની નાદાર થયા પછી, કૉન્ટ્રાક્ટ વિવાદ કોર્ટમાં ગયો. હિરાનંદાની કંપનીએ બાંધકામ પૂર્ણ કર્યું, પરંતુ પુલની નીચેની જમીનનો વિવાદ કોર્ટમાં અટવાઈ ગયો. તેથી આ પુલની જાળવણી માટે કોઈ ન હોવાથી હવે પાલિકાએ આ ખર્ચ ઉઠાવવો પડશે.



**માતાજીના આગમનના એંધાણઃ** નવરાત્રી આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મુંબઈના વિવિધ વિસ્તારોંમાં માતાજીની મૂર્તિઓને અંતિમ સ્વરૂપ આપવાનું કામ ચાલી રહ્યું છે. આવી જ એક વર્કશોપમાં કોઈપણ જાતના રંગ વગરની માતાજીની શ્વેત મૂર્તિ અત્યંત મનમોહક લાગી રહી છે, જ્યારે પાછળ બીજી મૂર્તિને કલાકાર અંતિમ સ્વરૂપ આપી રહ્યો છે. (અમય ખરાડે) ■

# કોસ્ટલ રોડ પ્રોજેક્ટ માટે કાનૂની સલાહકાર નીમાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ 'મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ (ઉત્તર)' એક મોટો ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ હોઈ તેના અમલીકરણમાં જટિલ કાનૂની મુદ્દાઓ, જવાબદારીઓ અને પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી મુંબઈ મહાનગરપાલિકાએ આ તમામ અડચણોને માત આપવા માટે એક સમર્પિત કાયદાકીય સલાહકાર (લીગલ રિટેનર) નીમવાની હોવાનું જાણવા મળ્યું છે.

પાલિકાએ ભૂતપૂર્વ સંયુક્ત કાયદા અધિકારી પ્રીતિ પુરંદરેને ૧૪ મે, ૨૦૨૬ થી ૧૩ મે, ૨૦૨૭ સુધીના ૧૨ મહિનાના સમયગાળા માટે કાયદાકીય સલાહકાર તરીકે નિયુક્ત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે, જેનો ખર્ચ પાલિકાને વાર્ષિક ૧૨ લાખ રૂપિયા થશે.■

# મુંબઈમાં ખાદ્ય સુરક્ષાના મુદ્દે ૧૩ લાઈસન્સ સસ્પેન્ડ

મુંબઈઃ તહેવારોની સિઝન દરમિયાન ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા જાળવવા માટે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશને એટલે કે એફડીએએ કડક કાર્યવાહી હાથ ધરી છે. ૨૩થી ૨૭ સપ્ટેમ્બર દરમિયાન કરવામાં આવેલી કાર્યવાહીમાં મુંબઈની ૧૩ અને પુણે વિભાગની ૮ ખાદ્ય સંસ્થાના લાઈસન્સ અથવા નોંધણી પ્રમાણપત્રો સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાના નિયમોના ઉલ્લંઘન બદલ અનેક સંસ્થાઓ સામે કાનૂની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી છે.

મુંબઈમાં કાલબાદેવી સ્થિત ક્યાની એન્ડ કંપનીની તપાસ દરમિયાન ખાદ્યપદાર્થો તૈયાર અને સંગ્રહ કરવાની જગ્યાએ બિલાડીઓ, ઉંદરના મળ, જીવતી માખીઓ અને મૃત વંદા જોવા મળ્યા હતા. રેફ્રિજરેટરમાં એકઠું થયેલું લોહી અને ખાદ્ય પ્રક્રિયા વિભાગમાં ખુલ્લું ગટરનું મેનહોલ પણ મળી આવ્યું હતું.

કોલાબા સ્વીટ માર્ટમાં જીવતા વંદા, ગરોળી, માખીઓ અને લાર્વા મળી આવ્યા હતા. અહીં જરૂરી જીવાત નિયંત્રણ વ્યવસ્થા, કર્મચારીઓના તબીબી ફિટનેસ રેકોર્ડ અને વ્યક્તિગત સુરક્ષા સાધનોનો પણ અભાવ હોવાનું સામે આવ્યું. ધારાવીના અરુણ વિલાસ ફરસાણ અને પરેલના રૂચી વેજ રેસ્ટોરન્ટ સામે પણ સ્વચ્છતા અને આરોગ્યલક્ષી નિયમોના ઉલ્લંઘન બદલ કાર્યવાહી કરવામાં આવી છે. ■

# મુંબઈમાં ગટરના મેનહોલમાં બે મજૂર પડ્યા; એકનું મોત, બીજો ગંભીર

મુંબઈઃ મુંબઈમાં સોમવારે એક હાઉસિંગ સોસાયટી દ્વારા કામે લગાડાયેલા બે મજૂરો ડ્રેનેજ લાઈનની સફાઈ કરતી વખતે ગટરના મેનહોલમાં પડી જતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને બીજાને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પાલિકાના જણાવ્યા મુજબ સાંતાક્રુઝ (પૂર્વ)માં વી. એન. દેસાઈ હોસ્પિટલની સામે ગોલીબાર રોડ નંબર આઠ પર આવેલી ભવ્ય નિકેતન હાઉસિંગ સોસાયટીમાં આ ઘટના બની હતી. ફાયર બ્રિગેડના જણાવ્યા અનુસાર સોસાયટીએ તેની આંતરિક ગટર લાઈનની સફાઈ માટે ખાનગી કામદારોને રોક્યા હતા. સવારના ૧૦.૩૦ વાગ્યાની આસપાસ સફાઈ કામગીરી દરમ્યાન કથિત રીતે એક કામદારે પાલિકાના અધિકારીને જાણ કર્યા વિના પાલિકાની ગટરનું મેનહોલ ખોલી નાખ્યું હતું, જેના પગલે બંને વ્યક્તિઓ તેમાં પડી ગયા હતા.

ફાયર બ્રિગેડના જવાનોએ બંને કામદારોને બહાર કાઢ્યા અને તેમને તાત્કાલિક વી. એન. દેસાઈ હોસ્પિટલ લઈ ગયા હતા. તેમાંથી એકને હૉસ્પિટલ લાવી સારવાર મળે તે પહેલા જ મૃત જાહેર કરવામાં આવ્યો હતો, જ્યારે બીજાને સારવાર માટે હોસ્પિટલના મેડિકલ ઈન્ટેન્સિવ કેર યુનિટ (એમઆઈસીયુ)માં દાખલ કરવામાં આવ્યો હતો. મૃતકની ઓળખ ૫૦ વર્ષીય કાશ્તે તરીકે થઈ હતી. જયારે સારવાર લઈ રહેલો ૩૦ વર્ષનો યુવકનું નામ અજય ઠાકુર છે. ■

# બે વૅન સામસામી ભટકાતાં પિતા-પુત્ર સહિત ત્રણનાં મોતઃ બે જખમી

થાણેઃ થાણે જિલ્લામાં માલશેજ ઘાટ નજીક હાઈવે પર પુરપાટ વેગે દોડતી બે વૅન સામસામી ટકરાતાં પિતા-પુત્ર સહિત ત્રણનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય બે ગંભીર રીતે ઘવાયા હતા. પોલીસના જણાવ્યા મુજબ મુરબાડ તાલુકામાં નૅશનલ હાઈવે નંબર-૬૧ પર રવિવારની સવારે આ ઘટના બની હતી. ખેડલે-તલાવળે ગામના ત્રણ રહેવાસીને લઈ જતી પિકઅપ વૅન કલ્યાણ તરફ જતી પોલ્ટ્રી વૅન સાથે અથડાઈ હતી.

આ ટક્કર એટલી જોરદાર હતી કે બન્ને વાહનની સામેની કૅબિનનો ખુરદો બોલાઈ ગયો હતો. પિકઅપ વૅનમાંના ત્રણેય જણે ઘટનાસ્થળે જ જીવ ગુમાવ્યા હતા. મૃતકોની ઓળખ મારુતિ તુકારામ ખાપરે (૫૫), તેના પુત્ર અજિત મારુતિ ખાપરે (૨૫) અને ડ્રાઈવર રામ માલુ સપાટે (૪૦) તરીકે થઈ હતી, એવું પોલીસે જણાવ્યું હતું.

અકસ્માતમાં મરઘાં લઈ જતી વૅનમાં બેસેલા બે જણને ગંભીર ઇજા થઈ હતી. સારવાર માટે તેમને નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. ટોકાવડે પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર શીતલકુમાર નાઈકે જણાવ્યું હતું કે ઘટના સમયે બન્ને વાહન સ્પીડમાં દોડતાં હતાં. (પીટીઆઈ) ■

# અકસ્માતમાં બૅન્કની મહિલા કર્મચારીનું મોત

થાણેઃ નવી મુંબઈના પામ બીચ નજીક પુરપાટ વેગે આવેલી ટૅક્સી રિક્ષા સાથે ટકરાતાં બૅન્કની મહિલા કર્મચારીએ જીવ ગુમાવ્યો હતો, જ્યારે પાંચ જણ ઘવાયા હતા. પોલીસે ટૅક્સી ડ્રાઈવરની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની બપોરે નેરુળ વિસ્તારમાં પામ બીચ રોડ પર બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ નેહા રાજીવકુમાર ગુપ્તા (૩૬) તરીકે થઈ હતી. રિક્ષામાં બેસેલી પ્રવાસી નેહા એક રાષ્ટ્રીયકૃત બૅન્કની કર્મચારી હતી. ■

In Cherished Memory of



Usha Shashikant Gosalia

With love and gratitude, we come together to remember and celebrate a beautiful life.

Wednesday, 30th September 2026, 5:30 PM - 7:00 PM
MVM Banquets, Nearby YB Chavan Centre, Nariman Point, Mumbai.

Forever in our hearts.
Dhiresh & Madhavi Gosalia & Family
Parul Mody & Family
Jesons Industries Ltd.

Jesons
Touching everyone's life

जय भिक्षु · जय महाश्रमण

SHRADHANJALI PRAYER MEET

Your love and memories will always remain with us.

Smt. Sosardevi Ganeshlal Kachhara

left for her heavenly abode on Sunday, 27 September 2026



PRARTHANA SABHA

| DATE | TIME | VENUE |
|---|---|---|
| Wednesday, 30th September 2026 | 10:30 am to 12:00 pm | Taj The Trees Vikhroli-East, Mumbai |

IN GRIEF

Husband
Ganeshlal Kachhara

Son & Daughter-in-law
Sandeep & Nitu Jain (Kachhara)

Grandchildren
Dhrish Jain & Thrisha Jain

Daughters & Sons-in-law
Snehal & Kamlesh Ji Vagrecha
Meenakshi & Sanjay Ji Baid
Ladji & Lalit Ji Nahar
Sandhya & Sanjay Ji Kothari
Sonal & Mimit Ji Bhuta

Grandchildren
Anshul & Neha
Harsh & Tejaswini
Kriti & Nishit

Grandchildren
Param, Tanisha, Rhea, Vidit, Niva, Dev & Panya

Great-grandchildren
Shivaan & Kabir

Kachhara Parivar (Sasural Side)
Babulal, Subhash, Surendra,Vinod, Dhanprakash, Pukhraj, Mahendra, Jitendra and Kachhara Family
Richhed | Mumbai

Gokhru Parivar (Piyar Side)
Malchand Ji, Sundarlal Ji, Parasmal Ji, Bhagwatilal Ji, Dilip Kumar Ji, Mohanlal Ji, Manohar Lal Ji & Rajmal Ji and Gokhru Family
Gangapur | Mumbai

Choksi Arun Ganesh Zaveri Bazaar
Sunalco
SWASTIK GROUP

# યાત્રિકોના આગમન માટે માતાનું મઢ સજ્જ : આશ્વિન નવરાત્રિ મહોત્સવની તડામાર તૈયારીઓ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના કુળદેવી મા આશાપુરાના પવિત્ર પ્રાગટ્ય સ્થાનક માતાના મઢ ખાતે આગામી આસો નવરાત્રિ મહોત્સવને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. પરંપરા અનુસાર ભાદરવા વદ અમાસ, તા. ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ની રાત્રિએ ૯:૩૦ કલાકે રાજાબાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે શાસ્ત્રોક્ત વિધિથી ઘટસ્થાપન કરવામાં આવશે. આ સાથે જ આસો સુદ એકમથી નવરાત્રિ અનુષ્ઠાનનો વિધિવત પ્રારંભ થશે. બીજા નોરતે સવારે ૮:૧૫ કલાકે મંદિરના શિખર પર નૂતન ધ્વજારોહણ કરાશે. આસો સુદ સાતમ, તા. ૧૮ ઓક્ટોબરના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે પવિત્ર સપ્તમી હવનનો પ્રારંભ થશે, જેની પૂર્ણાહુતિ મધરાત્રે ૧૨:૧૫ કલાકે શ્રીફળ હોમીને કરવામાં આવશે. ત્યારબાદ આઠમના પાવન દિને વહેલી સવારે કચ્છ રાજપરિવાર દ્વારા ઐતિહાસિક પતરીવિધિ સંપન્ન થશે. આસો સુદ દશમી, તા. ૨૦ ઓક્ટોબરના રોજ બપોરે ૧૨:૩૫ કલાકે ગરબા વિસર્જન સાથે ઉત્સવ સંપન્ન થશે. સ્થાનિક વ્યવસ્થા અંગે સરપંચ કાસમભાઈ કુંભારે વિગતો આપતાં જણાવ્યું હતું કે, દર વર્ષની માફક બહારથી આવતા વેપારીઓ માટે ૩૦૦થી વધુ પ્લોટની ફાળવણી કરવામાં આવશે. સમગ્ર પરિસરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે દિવસમાં ત્રણ વખત સફાઈ કરાશે તેમજ ગ્રામજનોને ૨૪ કલાકમાં બે વાર પીવાનું પાણી મળી રહે તેવું આયોજન ઘડાયું છે. દરમ્યાન, લખપત તાલુકાની મૂળ વસ્તી ૬૦ હજારની છે, તેની સામે નવરાત્રિ દરમિયાન પ્રતિદિન આટલી જ સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઊમટી પડે છે; જ્યારે રવિવારે આ આંકડો એક લાખને પાર પહોંચી જાય છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભુજથી મઢ સુધીના પદયાત્રી માર્ગો અને સેવા કેમ્પોમાં નર્મદાના પીવાના પાણીનો પૂરતો જથ્થો ફાળવવા માગ ઉઠી છે.

પદયાત્રીઓ અને માઈભક્તોની સલામતી માટે પૂર્વ અને પશ્ચિમ કચ્છ પોલીસ દ્વારા સામખિયાળીથી માતાના મઢ સુધી ૫૦૦થી વધુ પોલીસ જવાનો, મહિલા પોલીસ અને જી.આર.ડી.નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવે છે. ભાવિકોમાં સલામતીની ભાવના જળવાઈ રહે તે માટે આ વર્ષે પોલીસ પ્રશાસન અસામાજિક તત્ત્વો સામે વધુ કડક અને બાજ નજર રાખે તેવી વ્યાપક લોકલાગણી પ્રવર્તી રહી છે. ■

# ગુજરાત યુનિવર્સિટીની સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં ભોજનમાં જીવાતો આવતા હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેર સહિત રાજ્યભરમાં શૈક્ષણિક સંસ્થાઓની હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પિરસાતા ભોજન અને અન્ય સુવિધાઓનો અભાવ ચર્ચાનો વિષય બન્યો છે. અમદાવાદની ઘણી હોસ્ટેલમાં આ પ્રકારે વિદ્યાર્થીઓ ફરિયાદો કરી રહ્યા છે ત્યારે હવે ગુજરાત યુનિવર્સિટીની સમરસ હોસ્ટેલમાં ભોજનમાંથી જીવાત નીકળતા વિદ્યાર્થિનીઓએ હોબાળો મચાવ્યો હતો. વિદ્યાર્થિનીઓના જણાવ્યા અનુસાર આવું વારંવાર બનતું હોવા છતાં કોઈ ધ્યાન આપવામાં આવતું નથી. સોમવારે લગભગ ૧૦૦ જેટલી વિદ્યાર્થિની ધરણા પર બેઠી હતી. તેમની સથે એબીવીપીના વિદ્યાર્થી નેતાઓ પણ જોડાયા હતા. તેમણે વોર્ડન અને મેનેજમેન્ટ સામે નારાજગી વ્યક્ત કરી હતી.

મનપાના ફૂડ વિભાગ દ્વારા સમરસ હોસ્ટેલમાં ચેકિંગ કરવામાં આવ્યું અને રૂ. ૨૫,૦૦૦ના વહીવટી દંડ વસૂલ કર્યો છે તેમજ ૩ સર્વેલન્સ નમૂના લઈ નોટિસ આપવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

મળતી વિગતો અનુસાર અહીં ૮૦૦ વિદ્યાર્થિની રહે છે. એક એજન્સી દ્વારા ભોજન બનાવવામાં આવે છે. હોસ્ટેલ જ્યારે પણ ફરિયાદ આવે ત્યારે નોટિસ આપી સંતોષ માની લે છે, તેવા આક્ષેપો પણ વિદ્યાર્થિનીઓએ કર્યા હતા. વિદ્યાર્થિનીઓના આક્ષેપો અનુસાર ખાવામાંથી કાનખજૂરો અને જીવાતો નીકળવાની ઘટના બની છે. આ વિષય ઘણો ગંભીર છે. એક તરફ ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ સતત રેડ પાડે છે ત્યારે બીજી બાજુ સરકારી હોસ્ટેલમાં જ પિરસાતા ભોજનની ગુણવત્તા સામે સવાલો થઈ રહ્યા છે.■

# અમદાવાદમાં પાંચ બ્રાન્ડનું ઘી ગુણવત્તામાં નબળું, મનપાએ ૩૧૦૦ કિલો ઘી જપ્ત કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (મનપા)એ માધુપુરા વિસ્તારમાં તપાસ દરમિયાન વિવિધ પાંચ બ્રાન્ડ હેઠળ વેચાતા ઘીના નમૂના હલકી ગુણવત્તાવાળા હોવાનું જણાવ્યું હતું. એક જ દુકાનમાં વેચાતી પાંચ બ્રાન્ડના ઘીની ગુણવત્તા નબળી નીકળતા લગભગ ૩૧૦૦ કિલો જેટલું ઘી જપ્ત કરવામાં આવ્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

લેબોરેટરીના રિપોર્ટ્સ બાદ મનપા ફૂડ વિભાગે ઉત્પાદનોના વિતરણ અને વેચાણ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. અધિકારીઓએ અમદાવાદમાં વટવા નજીક પ્લેટિનમ ઇન્ડસ્ટ્રિયલ પાર્ક ખાતે અનેક એકમોમાં ઉત્પાદનોના વિતરણનો ટ્રેક મેળવ્યો હતો. કાર્યવાહી દરમિયાન, મહાનગરપાલિકાએ તેના અધિકારક્ષેત્રમાં આશરે રૂ. ૧૨.૯૩ લાખની કિંમતના ૩,૧૪૨ કિલો ઘીનું વેચાણ અટકાવ્યું હતું. વિભાગે ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ હેઠળ પરીક્ષણ માટે આઠ વધારાના નમૂના પણ એકત્રિત કર્યા હતા. મનપાએ જણાવ્યું હતું કે ગુજરાતના અન્ય ભાગોમાં જે ઉત્પાદનોના ઉત્પાદન એકમો સ્થિત છે તેની વિગતો આગળની કાર્યવાહી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવી હતી. મનપાએ ઘી ઉત્પાદકો અને વિતરકોને વેચાણ અથવા વિતરણ માટે ઉપલબ્ધ દરેક બેચ માટે લેબોરેટરી પરીક્ષણ અથવા વિશ્લેષણ અહેવાલો જાળવવાની સલાહ આપી છે. કેટરર્સ અને અન્ય ખાદ્ય વ્યવસાયો જે મોટી માત્રામાં ઘી ખરીદે છે તેમને પણ વિતરકો, છૂટક વિક્રેતાઓ અથવા ઉત્પાદકો પાસેથી બેચ-વિશિષ્ટ લેબોરેટરી અહેવાલો મેળવવા અને ખરીદેલા જથ્થા અને બેચ નંબરોના યોગ્ય રેકોર્ડ જાળવવાની સલાહ આપવામાં આવી છે. ■

# રાઈફલ શૂટર ઈલાવેનિલ વાલારીવને ₹ ૧.૩૩ કરોડના ખેલપ્રતિભા પુરસ્કારથી સન્માનિત કરાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એશિયન ગેમ્સ ૨૦૨૬માં રાઇફલ શૂટિંગમાં ૨-સિલ્વર મેડલ પ્રાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના હસ્તે ખેલ પ્રતિભાવન પુરસ્કાર યોજના અંતર્ગત રૂ. ૧.૩૩ કરોડનો ચેક અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જાપાનમાં આયોજિત એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ઇલાવેનિલ વાલારીવને રાઇફલ શૂટિંગમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિશ્વફલક પર દેશ અને રાજ્યનું નામ રોશન કર્યું છે.

યુવા ખેલાડીને અભિનંદન પાઠવતાં હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યની આવી ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવા અને તેમને વૈશ્વિક સ્પર્ધાઓ માટે તૈયાર કરવા જરૂરી તમામ તાલીમ-સુવિધાઓ સામે ગુજરાત સરકાર તૈયાર છે. તેમણે ઉમેર્યું હતું કે જ્યારે કોઈ દીકરો કે દીકરી આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરે છે, ત્યારે તેમાં માત્ર ખેલાડીની મહેનત જ નહીં પરંતુ તેમને સંસ્કારો આપીને આગળ વધારવામાં તેમના માતા-પિતાનું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે.

સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકારની ડીએલએસએસ યોજના અંતર્ગત કાર્યરત સંસ્કારધામ સંકુલમાંથી અભ્યાસ કરીને આજે ઇલાવેનિલ વાલારીવને એશિયન ગેમ્સમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે જે આપણા સૌ માટે ગર્વની વાત છે.

સંસ્કારધામમાં કેળવણી પામેલા યુવાનો જ્યારે રમતગમતની દુનિયામાં આ પ્રકારે ઇતિહાસ રચે છે, ત્યારે તે રાજ્યના અન્ય હજારો યુવા ખેલાડીઓ માટે પ્રેરણાસ્ત્રોત બને છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઇલાવેનિલ વાલારીવનને ખેલ જગતમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન જાળવી રાખવા માટે ગુજરાત સરકાર દ્વારા શક્તિદૂત યોજના અને ઓલિમ્પિક પ્રોત્સાહન અંતર્ગત કુલ રૂ. ૧.૩૩ કરોડ અને ડીએલએસએસ યોજના તથા ખેલ મહાકુંભ જેવી યોજનાઓ અંતર્ગત રૂ. ૭૪ લાખની સહાય આપવામાં આવી છે. આમ રાજ્ય સરકાર દ્વારા તેમને કુલ રૂ. ૨.૪૧ કરોડની પ્રોત્સાહક રકમથી સન્માનિત કરવામાં આવ્યાં છે. ■

# સુરતમાં લાલો ફિલ્મ જેવી ઘટના: ચોરી કરવા કારખાનામાં આવેલા બે ચોર ફસાઈ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરત: તાજેતરમાં જ ગુજરાતમાં 'લાલો' ફિલ્મે ખૂબ જ ધૂમ મચાવી હતી, તે ફિલ્મ જેવી જ એક ઘટના ચર્ચામાં આવી છે. સુરતના ખટોદરા વિસ્તારમાં બનેલી એક અનોખી અને હાસ્યાસ્પદ ઘટનાએ સૌનું ધ્યાન ખેંચ્યું છે, જે કોઈ ફિલ્મના દ્રશ્ય જેવી લાગે છે. રવિવારની રજાનો લાભ લઈને એક કારખાનામાં ચોરી કરવા ઘૂસેલા બે ચોરોની ગણતરી એવી તો ઊંધી પડી કે તેઓ અંદર ફસાઈ ગયા અને બહાર નીકળવાનો કોઈ રસ્તો ન મળ્યો. જોકે અહીં તેમને રસ્તો બતાવવા ભગવાન ક્રિષ્ણની જગ્યાએ ખાખીધારી પોલીસ આવી હતી અને તેઓ સીધા જેલહવાલે થયા હતા.

સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલી આશાપુરી સોસાયટીમાં રહેતો ૧૮ વર્ષીય રોશન બિનબહાદુર સહાની અને તેનો એક સગીર સાગરીત રવિવારે સાંજે બમરોલી રોડ પર આવેલા એક બંધ કારખાનાને ટાર્ગેટ બનાવીને અંદર છાનામાના ઘૂસી ગયા હતા. જોકે, અંદર ગયા બાદ અંધારામાં કે માલસામાન શોધવાના ચક્કરમાં તેઓ એટલા બધા ખોવાઈ ગયા કે મુખ્ય પ્રવેશદ્વાર ક્યાં હતો તે જ ભૂલી ગયા અને કલાકો સુધી બહાર નીકળવા માટે ફાંફા મારતા રહ્યા.

જ્યારે તમામ પ્રયાસો નિષ્ફળ ગયા, ત્યારે ભૂખ્યા-તરસ્યા પૂરાઈ રહેવાના ગભરાટ અને ડરથી બંને ત્રીજા માળે પહોંચ્યા હતા. ત્યાં આવેલી બારીમાંથી નીચે ઊભેલા રાહદારીઓને જોઈને તેઓએ જોરજોરથી ''બચાવો... બચાવો...'' ની બૂમો પાડવાનું શરૂ કર્યું હતું. રાતના સમયે બંધ કારખાનામાંથી ચીસાચીસનો અવાજ આવતાં આસપાસના સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને કોઈ મોટી શંકા જતા તુરંત કંટ્રોલ રૂમમાં ફોન કર્યો હતો.

માહિતી મળતાની સાથે જ પીસીઆર વાન અને મજુરા ફાયર સ્ટેશનની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. કારખાનું અંદરથી બંધ હોવાથી ફાયર જવાનોએ સીડી લગાવીને ભારે જહેમત બાદ બંને અણઘડ ચોરોને હેમખેમ નીચે ઉતાર્યા હતા. નીચે પગ મૂકતા જ રાહતનો શ્વાસ લેનારા બંને ચોરોની સામે સીધી ખાખી વરદી ઊભી હતી. પોલીસે બંનેની તાત્કાલિક ધરપકડ કરી ખટોદરા પોલીસ સ્ટેશનને હવાલે કર્યા છે. ■

# અમદાવાદમાં મેટ્રો સ્ટેશનની આસપાસ ૬૧૦૦થી વધુ વાહન પાર્ક થઈ શકશે, નવ પ્લોટમાં બનાવાશે પાર્કિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પબ્લિક ટ્રાન્સપોર્ટને વધુ સરળ બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અંતર્ગત મેટ્રો સ્ટેશનો અને બીઆરટીએસ સ્ટોપની નજીક પાર્કિંગ સુવિધા ઊભી કરવાના હેતુથી નવ મ્યુનિસિપલ પ્લોટની નક્કી કરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે,એસ્ટેટ વિભાગે ત્રણ ઝોનમાં પ્લોટ્સની ઓળખ કરી છે, જેમાં કુલ ૫૯૦૩ ટૂ-વ્હીલર અને ૨૪૬ કારના પાર્કિંગની ક્ષમતા હશે. આ પ્લોટ્સને પાર્કિંગ માટે ફાળવવાનો પ્રસ્તાવ ચાલુ સપ્તાહે એએમસીની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ થવાની શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, રેવન્યૂ-શેરિંગ મૉડેલ પર આ નવ પાર્કિંગ સુવિધાઓનું સંચાલન કરવા માટે ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. વાહન પાર્ક કરવા માટે વાહનચાલકો પાસેથી ચાર્જ વસૂલવામાં આવશે. એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટ્સ પર સીસીટીવી કૅમેરા લગાવવામાં આવશે, જેનાથી વાહનોની અવરજવરનો ડેટા એકત્રિત કરવામાં પણ મદદ મળશે. પશ્ચિમ વિસ્તારમાં, ઉત્તર-પશ્ચિમ ઝોનના બે પ્લોટ ૧૪૯૨૯ ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે, જેમાં ૨૩૮૯ ટુ-વ્હીલર અને ૯૯ ફોર-વ્હીલર પાર્ક થઈ શકશે. પશ્ચિમ ઝોનના ત્રણ પ્લોટ ૨૯૧૫ ચોરસ મીટર વિસ્તાર ધરાવે છે, જેમાં ૪૬૭ ટૂ-વ્હીલર અને ૨૦ ફોર-વ્હીલર માટે જગ્યા ઉપલબ્ધ બનશે. પૂર્વ ઝોનમાં ૧૯૦૪૬ ચોરસ મીટર વિસ્તાર ધરાવતા ચાર પ્લોટમાં ૩૦૪૭ ટૂ-વ્હીલર અને ૧૨૭ ફોર-વ્હીલર માટે પાર્કિંગ સુવિધા ઉપલબ્ધ થશે. સૂત્રોએ જણાવ્યું હતું કે, અમદાવાદ ખૂબ ઝડપથી વિસ્તરી રહ્યું છે, જેના કારણે ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી હજારો લોકો નોકરી-ધંધા અર્થે શહેરમાં આવી રહ્યા છે. આ સાથે જ, સ્થાનિક નાગરિકોના ખાનગી વાહનોની વધતી સંખ્યાને લીધે શહેરના રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું છે.■

# શ્વાન કરડવાના કેસમાં ગુજરાત દેશમાં પાંચમું: અમદાવાદમાં રોજના ૧૦૦ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ સહિત ગુજરાતમાં શ્વાન કરડવાના કેસમાં વધારો થઇ રહ્યો છે. શ્વાન કરડવાના મામલે ગુજરાત સમગ્ર ભારતમાં ટોપ પાંચ રાજ્યમાં સામેલ છે. ગુજરાતમાં શ્વાન કરડવાના દરરોજ ૭૦૦ જેટલા કેસ નોંધાય છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. રાજ્યમાં વર્ષે સરેરાશ ૧.૫૦ લાખથી વધુ લોકો પર શ્વાન એટેક કરે છે. અહેવાલો અનુસાર રાજ્યમાં પ્રતિદિન ૭૦૦થી વધુ લોકોને શ્વાન કરડી રહ્યા છે. રાજ્યમાં શ્વાન કરડવાની સરેરાશ જોઇએ તો વર્ષે એક અંદાજ મુજબ દોઢ લાખથી વધુ લોકોને શ્વાન પોતાનો શિકાર બનાવે છે. રાજ્યમાં સૌથી વધુ અમદાવાદ શહેરમાં શ્વાન કરડવાના કિસ્સાઓ નોંધાય છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શ્વાન નિયંત્રણ માટે કોર્પોરેશન કરોડોનો ખર્ચ કરે છે પણ પરિણામ મળી રહ્યું ન હોવાનું ચિત્ર ઊપસી રહ્યું છે. અમદાવાદ શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. કોર્પોરેશન દ્વારા શ્વાનોના ખસીકરણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવતો હોવા છતાં, શ્વાન કરડવાના બનાવોમાં ઘટાડો થવાને બદલે ચિંતાજનક ઉછાળો જોવા મળ્યો છે. ■

# લગ્નના ચાર દિવસ પહેલા દીકરીનું મોત થતાં પિતાને એરટિકિટનું ફુલ રિફંડ આપવાનો કન્ઝ્યુમર ફોરમે કર્યો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં રહેતા એક પરિવારની દીકરીનું રિસેપ્શન વારાણસીમાં રાખવામાં આવ્યું હતું, પરંતુ લગ્નના ચાર દિવસ પહેલા જ પુત્રીનું મોત થતા શોકમાં સરી પડેલા પરિવારે ટિકિટ રદ કરવાની ફરજ પડી હતી. આ મામલો વર્ષ ૨૦૨૨માં કન્ઝ્યુમર ફોરમમાં ગયો હતો, જેમાં ફોરમે એરલાયન્સને પૂરેપૂરું વળતર આપવાનો આદેશ આપ્યો હતો.

એક અહેવાલ અનુસાર વડોદરાના પરિવારે દીકરીનાં રિસેપ્શનમાં હાજરી આપવા અમદાવાદથી વારાણસીની ચાર ટિકિટ રૂ. ૩૦,૩૫૮ આપી બુક કરી હતી. જોકે દીકરીનું મોત થઈ જતા પિતાએ એરલાયન્સ પાસે રિફંડ માગ્યું હતું. એરલાઇન્સે રિફંડ પૂરતું ન આપતા માત્ર રૂ. ૯,૩૪૪ પરત કર્યા હતા. ત્યારબાદ પિતાએ ઓગસ્ટ ૨૦૨૨ માં એનજીઓની મદદથી વડોદરા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગ સમક્ષ એરલાયન્સ અને ટ્રાવેલ એજન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

એરલાઇન્સે દલીલ કરી હતી કે રિફંડની રકમ ટિકિટ રદ થવાના નિયમો અનુસાર આપવામાં આવી છે. પરિવાર પ્રત્યે માનવતાવાદી વ્યવહાર તરીકે તેમણે ટ્રાવેલ વાઉચર્સ ઓફર કર્યા હતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે લાગુ રદ કરવાના ચાર્જ બાદ કરીને રિફંડ કરેલી રકમ ચૂકવવામાં આવી હતી.

જોકે, કમિશને નોંધ્યું હતું કે ટિકિટની રકમમાંથી રૂ. ૨૧,૦૧૪ કાપવામાં આવ્યા હતા, જેમાં એરલાઇન્સે કઇ કલમ હેઠળ કપાત કરવામાં આવી હતી તેનો ઉલ્લેખ કર્યો ન હતો અથવા તેના માટે વાજબી સ્પષ્ટતા કરી ન હતી. ફોરમે એરલાઇન્સને કાપવામાં આવેલા રૂ. ૨૧,૦૧૪, ૮% વ્યાજ સાથે ફરિયાદીને પરત કરવાનો આદેશ આપ્યો હતો. આ સાથે એરલાઇનને માનસિક યાતના પેટે રૂ. ૨,૦૦૦ અને કેસના ખર્ચ પેટે રૂ. ૧,૦૦૦ ચૂકવવાનો પણ આદેશ આપ્યો હતો. ટ્રાવેલ એજન્ટ સામેની ફરિયાદ ફગાવી દેવામાં આવી હતી. ■

# સુરતમાં મકાન ખાલી કરાવવા મુદ્દે પાવડા અને લાકડાના ફટકા સાથે બે જૂથ વચ્ચે મારામારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના અમરોલી વિસ્તારમાં ગત રાત્રે મિલકત અને જૂની અદાવતના મુદ્દે બે જૂથો વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. જૂના કોસાડ રોડ પર આવેલી એક સોસાયટીમાં કેટલાક માથાભારે તત્ત્વોએ ખુલ્લેઆમ હથિયારો સાથે આતંક મચાવતા સમગ્ર વિસ્તારમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. પથ્થરમારો અને ઘાતક હથિયારો વડે થયેલા આ સામસામા હુમલાને કાબૂમાં લેવા માટે અમરોલી પોલીસને તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જવું પડ્યું હતું, જ્યારે વીડિયો પણ વાઇરલ થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર પરિસ્થિતિ વણસતી જોઈને પોલીસે હળવો લાઠીચાર્જ કરી મામલો શાંત પાડ્યો હતો. આ હિંસક ઘટનામાં બંને પક્ષે મળીને દસથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે, જેના પગલે વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, જૂના કોસાડ રોડની મનીષા સોસાયટીમાં રહેતા સંજય વરિયા અને તેમના પરિવાર પર આ જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. રાત્રિના દસ વાગ્યાની આસપાસ ધીરુ રબારી અને આર્યન રબારી સહિત આશરે બારથી ચૌદ શખ્સોનું ટોળું પાવડા અને લાકડાના ફટકા જેવા ઘાતક હથિયારો લઈને સોસાયટીમાં ધસી આવ્યું હતું.હુમલાખોરોએ કથિત રીતે આડેધડ માર મારતા સંજયભાઈના પરિવારની મહિલાઓ સહિત સાત જેટલા સભ્યો લોહીલુહાણ થયા હતા. તમામ ઇજાગ્રસ્તોને તાત્કાલિક સ્મીમેર અને ત્યાર બાદ વધુ સારવાર અર્થે ખાનગી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સામા પક્ષના કેટલાક લોકો પણ આ બબાલમાં ઈજાગ્રસ્ત થતા તેમને પણ સારવાર અપાઈ રહી છે. આ લોહિયાળ અથડામણ પાછળ મકાન પચાવી પાડવાનું ષડયંત્ર હોવાનો ગંભીર આક્ષેપ પીડિત પરિવારે કર્યો હતો. ફરિયાદીના જણાવ્યા મુજબ, અગાઉ ભાડુઆત રાખવા બાબતે થયેલી બબાલની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. આરોપીઓ હવે પૈસાની લાલચ આપીને સમાધાન માટે દબાણ કરી રહ્યા છે, પરંતુ પીડિત પરિવાર ઇનકાર કરી રહી હોવાનું પણ સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અમરોલી પોલીસે બંને પક્ષોની સામસામી ફરિયાદ નોંધી છે. એક પક્ષે સંજય વરિયાની ફરિયાદના આધારે ૧૪ લોકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે સામા પક્ષે આર્યન રબારીની ફરિયાદ મુજબ ૬ લોકો વિરુદ્ધ કેસ દાખલ થયો છે. પોલીસે રાયોટિંગ અને મારામારીનો ગુનો નોંધીને ત્વરિત કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# આણંદ પાસે જીવલેણ અકસ્માત: બે બાઈકની ટક્કરમાં ત્રણ યુવકના જીવ ગયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં જીવલેણ અકસ્માતનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો. આણંદ પાસે બે બાઈકની ટક્કરમાં ત્રણ યુવકોના જીવ ગયા હતા. મળતી વિગત પ્રમાણે, આણંદ-બોરસદ રોડ પર વાંસખીલીયા ગામની સીમમાં નિજાનંદ રિસોર્ટ નજીક બે બાઈક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે બંને બાઈકના ફુરચેફુરચા ઊડી ગયા હતા અને સવાર યુવાનો રસ્તા પર ફંગોળાઈ ગયા હતા. આ અકસ્માતમાં ત્રણ આશાસ્પદ યુવકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ત્રણ યુવાનો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

અકસ્માતનો ધડાકો સાંભળીને આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ગંભીર ઈજાઓને કારણે નાપા વાંટા ગામના બે યુવકો તેમજ બોરસદના એકનું મોત નીપજ્યું હતું. એકસાથે ત્રણ યુવાનોના અકાળે અવસાન થતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણ યુવકને સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ મૃતકો અને ઈજાગ્રસ્તોના પરિવારજનો મોટી સંખ્યામાં હૉસ્પિટલ પહોંચ્યા હતા, જેના કારણે પરિસરમાં ગમગીન માહોલ સર્જાયો હતો. ■

# રાજકોટમાં વધુ એક સ્પામાંથી સેક્સ રેકેટ ઝડપાયું, ચાર યુવતીઓને મુક્ત કરાવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: શહેરમાં સ્પાની આડમાં ચાલી રહેલા કથિત દેહવ્યાપારના ધંધાનો એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે પર્દાફાશ કર્યો હતો. રાજકોટના મવડી ચોક પાસે આવેલા રિદ્ધિ સિદ્ધિ કોમ્પ્લેક્સના બીજા માળે ચાલતા મૂન લાઇફ ફેમેલી વેલનેસ સ્પામાં પોલીસે દરોડો પાડી કાર્યવાહી કરી હતી. કાર્યવાહી દરમિયાન દેહવ્યાપારમાંથી ચાર યુવતીઓને મુક્ત કરાવવામાં આવી હતી.

પોલીસની માહિતી મુજબ, સ્પામાં યુવતીઓને રાખીને મસાજના નામે બહારથી ગ્રાહકો બોલાવવામાં આવતા હોવાની માહિતી મળી હતી. આ માહિતીના આધારે એન્ટિ હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા હકીકતની ખરાઈ કરવામાં આવી હતી. ત્યારબાદ ડમી ગ્રાહક મોકલી તેમજ બે પંચોને સાથે રાખીને સ્પામાં દરોડો પાડવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં સ્પાની એન્ટ્રી ફી તરીકે ગ્રાહકો પાસેથી રૂ.૧,૦૦૦ રોકડા લેવામાં આવતા હોવાનો અને ત્યારબાદ કથિત રીતે એક્સ્ટ્રા સર્વિસના નામે શરીરસંબંધ માટે ગ્રાહકદીઠ રૂ.૨,૫૦૦ અલગથી લેવામાં આવતા હોવાનો ખુલાસો થયો હતો. ■

# ગુજરાતમાં ટેકાના ભાવે કપાસની ખરીદી કરાશે, ખેડૂતોને 'કપાસ કિસાન' એપ પર નોંધણી કરાવવા અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ખેડૂતોને તેમની ઊપજના પૂરતા અને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ભારત સરકાર દ્વારા પ્રતિવર્ષ વિવિધ જણસીઓની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૬ -૨૭માં ગુજરાતના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કપાસ પાકની ખરીદી માટે સરકાર દ્વારા નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા ઈચ્છુક ખેડૂત મિત્રો આગામી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ભારતીય કપાસ નિગમ લિ.ની ''કપાસ કિસાન'' એપ્લિકેશન પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ ના ખરીફ પાકો માટે લઘુત્તમ ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હતા. ''કપાસ કિસાન'' એપ પર નોંધણી કરાવવાથી ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ હેઠળની ખરીદી સેવાઓ, ખરીદી કેન્દ્રોની વિગત અને તેને સંબંધિત અન્ય તમામ માહિતી મેળવવામાં સુગમતા રહેશે. ખરીદી કેન્દ્રો તથા એમએસપી અંગેની વધુ વિગતો માટે ભારતીય કપાસ નિગમ લિમિટેડ ની સત્તાવાર વેબસાઇટ પર મળી શકશે. ■

# કચ્છના ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કને નવી ઓળખ મળી: ટપાલ વિભાગે નવો પિનકોડ ફાળવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં નિર્માણ પામી રહેલા વિશ્વના સૌથી મોટા 'ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક'ને હવે દેશના નકશા પર એક વિશિષ્ટ અને સ્વતંત્ર ભૌગોલિક ઓળખ પ્રાપ્ત થઈ છે. ભારતીય ટપાલ વિભાગ દ્વારા આ વિશાળ ગ્રીન એનર્જી હબ માટે સમર્પિત ડિલિવરી પોસ્ટ ઓફિસ સાથે નવો પોસ્ટલ ઇન્ડેક્સ નંબર-પિનકોડ ૩૭૦૨૪૬ ફાળવવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થા ખાવડા પંથકના અભૂતપૂર્વ પરિવર્તન અને ઊર્જા ક્ષેત્રે તેના વૈશ્વિક મહત્વને ઉજાગર કરે છે.

અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ (એજીઈએલ) તેમજ અન્ય અગ્રણી ડેવલપર્સ દ્વારા આશરે ૫૩૮ ચોરસ કિલોમીટરના વિશાળ રણ વિસ્તારમાં આ પાર્કનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. વર્તમાન સમયમાં અહીં ૧૦ ગીગાવોટથી વધુ હરિત ઊર્જા ઉત્પાદનની ક્ષમતા સફળતાપૂર્વક કાર્યરત થઈ ચૂકી છે. વધારે વિગતે વાત કરવામાં આવે તો, ક્યારેક અવાવરુ અને વેરાન ભાસતો આ સીમાવર્તી વિસ્તાર આજે આધુનિક ટાઉનશિપમાં પરિવર્તિત થઈ ચૂક્યો છે, જ્યાં ૧૫,૦૦૦થી વધુ ઇજનેરો, અધિકારીઓ અને શ્રમિકો વસવાટ કરે છે. ■

મુંબઈ સમાચાર

# તન મન ધનથી રહો તરોતાજા

# લાંબા ગાળે સંપત્તિનું સર્જન માટે કયું માધ્યમ બહેતર?

## રોકાણનું જમા-ઉધાર



**અમિત ત્રિવેદી** feedback@bombaysamachar.com

થોડા દિવસ પહેલાં મારા એક મિત્રનો ફોન આવ્યો. તે પોતાના રોકાણના ખાસ કરીને ઇક્વિટી કે શૅરબજારમાં કરેલા રોકાણ ઘટતા મૂલ્યને લઈને ખૂબ ચિંતિત હતો. બે વર્ષથી વધુ સમય સુધી મ્યુચ્યુઅલ ફંડમાં પૈસા રોક્યા હોવા છતાં પોર્ટફોલિયો ખોટમાં દેખાતો હતો. તેથી તેણે મને પૂછ્યું કે શું તેણે આ ઇક્વિટી- મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ જાળવી રાખવું જોઈએ? શું તેણે પોતાની એસઆઈપી (SIP) ચાલુ રાખવી જોઈએ કે બંધ કરી દેવી?

ચર્ચા દરમિયાન તેણે એ વાત પર ભાર મૂક્યો કે અચાનક આવી પડેલા કેટલાક ખર્ચા માટે તેને તાત્કાલિક પૈસાની જરૂર છે. હવે આવી પરિસ્થિતિમાં તો કોઈ દલીલને સ્થાન જ નથી રહેતું. જ્યારે ઘરમાં કે જીવનમાં અચાનક પૈસાની જરૂરિયાત ઊભી થાય ત્યારે રોકાણમાંથી પૈસા પાછા ખેંચવા જ પડે છે.

અમારી વાતચીત આગળ વધી ત્યારે તેણે પૂછ્યું, 'શું હું PPF (પબ્લિક પ્રોવિડન્ટ ફંડ) કે NSC (નૅશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ) જેવા સુરક્ષિત વિકલ્પોમાં રોકાણ કરવાનું વિચારું?' મેં તેને સમજાવ્યું કે આ બંને ખૂબ જ ઉત્તમ અને સુરક્ષિત વિકલ્પ છે, પરંતુ ત્યાં પૈસા રોકતાં પહેલાં લિક્વિડિટી (નાણાંની તરલતા કે ઉપાડવાની સરળતા) ખાસ ધ્યાનમાં લેવી પડે, કારણ કે આ સરકારી યોજનાઓમાં પૈસા અમુક ચોક્કસ સમય માટે લૉક થઈ જાય છે. આ સાંભળીને તેણે તરત જ કહ્યું કે અત્યારે તો તેને કોઈ તાત્કાલિક પૈસાની જરૂર નથી અને તે લાંબા સમય સુધી પૈસા લૉક કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે!

હવે જરા આખી વાતનો વિરોધાભાસ સમજો: જ્યારે શૅરબજાર ઘટ્યું અને ઇક્વિટી પોર્ટફોલિયો નીચે આવ્યો ત્યારે તેને અચાનક 'ઇમર્જન્સી' ખર્ચ માટે લિક્વિડિટીની જરૂર ઊભી થઈ, પરંતુ બીજી જ ક્ષણે તે જ વ્યક્તિ પોતાના પૈસા વર્ષો સુધી લૉક-ઇનવાળી યોજનાઓમાં રોકવા તૈયાર હતો...!

વાસ્તવિકતા એ છે કે અહીં નિર્ણય પૈસાની સાચી જરૂરિયાત (લિક્વિડિટી) આધારે નહીં, પરંતુ બજારના ઘટાડાથી પેદા થયેલા 'ડર' અને 'ચિંતા'ના કારણે લેવાઈ રહ્યો હતો.

હા, એ ખરું કે પોતાના મહેનતના પૈસાનું મૂલ્ય ઘટતું જોવું એ કોઈ પણ વ્યક્તિ માટે ખૂબ દુઃખદાયક હોય છે, પરંતુ નાણાકીય નિર્ણયો ડર કે ભાવનાઓમાં આવીને ન લેવા જોઈએ. તેના બદલે પરિસ્થિતિનું શાંતિથી અને યોગ્ય વિશ્લેષણ કરીને આગળ વધવું જોઈએ.

શૅરબજારનાં જોખમો ઝીલવા માટે તમે સક્ષમ છો કે નહીં તે જાણવા માટે તમારી આર્થિક સ્થિતિ સમજો અને આ મહત્ત્વના પ્રશ્નોના જવાબ મેળવો, જેમકે

**શું તમારી પાસે નિયમિત આવક છે?**

- આ આવક તમારી નોકરીના પગાર, વ્યવસાય કે પછી રોકાણમાંથી મળતા ડિવિડન્ડ, વ્યાજ કે ઘરના ભાડા દ્વારા હોઈ શકે છે.

- શું આ આવક લાંબા સમય સુધી નિયમિત અને ટકી રહે તેવી છે?

* ઇમર્જન્સી ફંડઃ જો આ મુખ્ય આવક અચાનક બંધ થઈ જાય, તો તમારી પાસે આગામી ૬થી ૧૨ મહિના માટે શું વૈકલ્પિક વ્યવસ્થા કે કટોકટી ફંડ છે?

* દેવાની ચુકવણીઃ શું તમે તમારી જૂની લોન કે અન્ય જવાબદારીઓની સમયસર ચુકવણી માટે યોગ્ય આયોજન કર્યું છે?

* વીમાનું કવચઃ શું તમારી પાસે અને તમારા પરિવાર પાસે પૂરતો હેલ્થ ઇન્સ્યુરન્સ (આરોગ્ય વીમો) અને લાઇફ ઇન્સ્યુરન્સ છે?

* રોકાણની સમયમર્યાદાઃ શું તમે ઇક્વિટીમાં રોકેલા પૈસાને અડ્યા વગર તમારું રોજિંદું જીવન આરામથી જીવી શકો છો? જો તમને આગામી પાંચથી સાત વર્ષમાં આ પૈસાની જરૂર પડવાની હોય તો ઇક્વિટીમાં રોકાણ કરતી વખતે વધુ સાવચેત રહો.

ટૂંકમાં, શૅરબજારમાં વધઘટ અને જોખમ રહેલું જ છે, તેથી નાના અને સામાન્ય રોકાણકારોએ સમજી-વિચારીને રોકાણ કરવું જોઈએ. જોકે એ પણ એટલું જ સાચું છે કે લાંબા ગાળે સંપત્તિનું સર્જન કરવા માટે ઇક્વિટી એવું બહેતર માધ્યમ છે જેને કોઈ પણ રોકાણકાર નજરઅંદાજ કરી શકે નહીં અને એ કરવું પણ ન જોઈએ. ■

# વ્યાજદર વધે ત્યારે જરૂરી નથી કે કરન્સી ઘટે

નવી કૉલમ



**કરન્સી કંપાસ**
**ડૉ.યોગેશ દડકે**
feedback@bombaysamachar.com

સેન્ટ્રલ બૅન્ક વ્યાજદર વધારે તો તેની કરન્સી મજબૂત બનવી જ જોઈએ આ તાર્કિક છે અને અનેક વાર એમ થયું છે. જોકે ગયા અઠવાડિયાએ ઉપયોગી રિમાઇન્ડર આપ્યો કે ફૉરેન એક્સચેન્જ માર્કેટ આવા સાદા સમીકરણનું પાલન કરતી નથી. અમેરિકાની ફેડરલ રિઝર્વ બૅન્કે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઇન્ટનો વધારો કર્યો, બૅન્ક ઑફ જપાને પણ તેની નીતિ કડક કરી હતી. બીજી બાજુ બૅન્ક ઑફ ઇંગ્લૅન્ડે વ્યાજદર જાળવી રાખ્યા હતા. આ નિર્ણયોને પગલે ડૉલર મજબૂત થયો હતો, યેન નબળો પડ્યો હતો. વૈશ્વિક બજારો આજે તેલ-ફુગાવો અને જિયોપૉલિટિક્સનો સામનો કરી રહી છે. આનો પદાર્થપાઠ એ છે કે મહત્ત્વની કરન્સી નીતિ ઘડનારા શું કરે છે એના પર બજાર પ્રતિક્રિયા દેતું નથી, પરંતુ બજારો શેની અપેક્ષા રાખે છે, ભવિષ્યમાં શું બનવાનું છે અને એક અર્થતંત્ર બીજા જોડે કેવી તુલના કરે છે એ મુજબ બજારો ચાલે છે.

ફેડરલ રિઝર્વ બૅન્કનું પગલું મહત્ત્વનું છે, કારણ કે એ અમેરિકાની મૉનેટરી પૉલિસીને વધુ નિયંત્રણવાળી બનાવવાનો ટ્રેન્ડ સૂચવે છે. ફેડરલ ફંડ રેટની ટાર્ગેટ રેન્જ ૩.૭૫ ટકાથી ૪ ટકા સુધી પહોંચી ગઈ. ફેડરલ બૅન્કે સર્વાનુમતે નિર્ણય લીધો હતો કે આર્થિક પ્રવૃત્તિ સારી છે, ઘરેલુ ખર્ચ પણ ઉત્સાહ વધારનારો છે અને ફુગાવો વધી ગયો છે. અમેરિકાના ઊંચા વ્યાજદરને લીધે ડૉલરનું આકર્ષણ વધી જશે, વિશ્વમાં નાણાં ઉછીના લેવાની કૉસ્ટ વધારશે અને અમેરિકા અને બીજે મૂડીનો પ્રવાહ વધારશે. જોકે ટ્રેન્ડ એકદમ બદલાયો નથી. તેલના ભાવ વિકાસની અપેક્ષા, રાજકોષીય સ્થિતિ અને ભાવિ દરનો અંદાજિત ટ્રેન્ડ વગેરેએ કરન્સીના પ્રતિસાદ લેવાની ફરજ પાડી હતી.

જપાને અઠવાડિયાનો સૌથી ઉલ્લેખનીય દાખલો આપ્યો હતો. બૅન્ક ઑફ જાપાને વ્યાજદરમાં ૧.૨૫ ટકાનો વધારો કર્યો હતો જે ૩૧ વર્ષમાં સૌથી વધારે છે. જોકે યેન મજબૂત થવાને બદલે નબળો પડ્યો. રોકાણકારોએ નિર્ણય લેતી વખતે મતોના વિભાજન અને વ્યાજદર ભવિષ્યમાં વધશે એવી સ્પષ્ટતાના અભાવ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો વ્યાજદર વધે એ બધાને ખબર હતી, પરંતુ આવતી કાલ અંગે કોઈ સંદેશો દેવામાં આવ્યો નહોતો. કરન્સી માર્કેટમાં આ મહત્ત્વનો સિદ્ધાંત છે કે હેડલાઇન બનાવતા નિર્ણય કરતાં ભાવિ આશાવાદ વધુ મહત્ત્વનો છે.

બ્રિટને બીજી વિવિધતા બતાડી હતી. બૅન્ક ઑફ ઇંગ્લૅન્ડે તેનો વ્યાજદર ૩.૭૫ ટકા રાખ્યો હતો. નવમાંથી ત્રણ નીતિ ઘડનારાઓએ તત્કાળ વ્યાજદર વધારવાની તરફેણ કરી હતી. બૅન્કે એ પણ ચેતવણી આપી હતી કે લાંબા સમય સુધી ઊંચા ઊર્જા ભાવ ફુગાવાને વધુ સ્થિર બનાવી શકે છે. તેથી આ અર્થતંત્રોમાં, સામાન્ય વાત ફક્ત 'ઉચ્ચ દરો'' નથી. તે એક અસ્વસ્થતાપૂર્ણ નીતિ પ્રશ્નનો જવાબ છે. જ્યારે ઊર્જા આંચકાઓ એકસાથે ઘરો અને વ્યવસાયો પર દબાણ લાવી રહ્યા હોય ત્યારે કેન્દ્રીય બૅન્કોએ ફુગાવા સામે લડવામાં કેટલી આક્રમકતા રાખવી જોઈએ?

બીજી તરફ, ભારત તુલનાત્મક રીતે મજબૂત વૃદ્ધિ દરની સ્થિતિ સાથે આ વ્યાજદરના વૈશ્વિક વધારામાં પ્રવેશે છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં રિયલ જીડીપી વાર્ષિક ધોરણે ૭.૮% વધ્યો જે બજારની અપેક્ષાઓ કરતાં વધુ અને રોકાણ, ઉત્પાદન અને વપરાશ દ્વારા સમર્થિત હતો. ત્યાર બાદ મૂડીઝે તેના ૨૦૨૬-૨૭ વર્ષનો ભારતના વૃદ્ધિ દરની આગાહીને ૭% સુધી વધારી. આ આંકડા ભારતની આસપાસ આંતરરાષ્ટ્રીય રોકાણ કથાને મજબૂત બનાવે છે, પરંતુ વૃદ્ધિ અર્થતંત્રને બાહ્ય આંચકાઓથી બચાવી ન શકે. ભારત એક મુખ્ય ઊર્જા આયાતકાર રહે છે, તેથી મોંઘું ક્રૂડ આયાત બિલને તગડું કરી શકે છે, ડૉલરની માગમાં વધારો થઈ શકે છે અને ફુગાવા અને રૂપિયા પર દબાણ આવી શકે છે.

આ અઠવાડિયે તે સંબંધ ફરીથી દૃશ્યમાન થયો. ૯૬ ડૉલર પ્રતિ ડૉલરના દબાણ હેઠળ ટ્રેડિંગ કર્યા પછી, ગયા મંગળવારે રૂપિયો લગભગ ૯૫.૫૯ પર બંધ થયો, જેને તેલના ભાવમાં ઘટાડો અને સત્તાવાર સમર્થનના સંકેતોથી મદદ મળી. ગલ્ફ સપ્લાયની સ્થિતિમાં સુધારો થવાની આશા જાગતાં બ્રેન્ટ ક્રૂડ પણ ૧૦૦ ડૉલરથી નીચે આવી ગયું. આ દર્શાવે છે કે ચલણનો એક દિવસીય નિર્ણય શા માટે નવા ટ્રેન્ડ તરીકે ભૂલથી ન ગણવો જોઈએ. ભારતનો રૂપિયો યુએસ વ્યાજ દરો, તેલ, મૂડી પ્રવાહ, સ્થાનિક વૃદ્ધિ અને રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના ઑપરેશને એકસાથે પ્રતિભાવ આપી રહ્યો છે.

વિદેશમાં ટ્યુશન ફી ચૂકવતાં માતા-પિતા માટે આ પરિબળો આખરે રૂપિયાના શિક્ષણ ખર્ચ અને જીવન ખર્ચમાં ફેરફાર કરે છે. નૉન રેસિડન્ટ ઇન્ડિયન કે હાઈ નેટવર્થ ઇન્ડિવિજ્યુઅલ માટે સંબંધિત ગણતરી એ રોકાણ વળતર છે જે તેને ચલણમાં પાછું અનુવાદિત કર્યા પછી મળે છે, જેમાં સંપત્તિ માપવામાં આવે છે. આયાતકાર અથવા બિઝનેસ ઓનર માટે તેલ અને ડૉલરની મજબૂતાઈ માલની મૂળ કિંમતને અને વર્કિંગ કૅપિટલને અસર કરી શકે છે . નિકાસકારો ચલણના વિનિમયથી લાભ મેળવી શકે છે, પરંતુ ઉચ્ચ આયાતી-ઇનપુટ ખર્ચનો પણ સામનો કરી શકે છે. સીએફઓ માટે મુખ્ય પ્રશ્ન એ છે કે આવક, ખર્ચ, દેવું અને હેજીસનાં ચલણો વચ્ચે મેળ ખાતો નથી. વૈશ્વિક સ્તરે કાર્યરત પ્રોફેશનલ્સ માટે ચલણ અને વ્યાજ દરમાં ફેરફાર કૉર્પોરેટ બજેટ, વળતર અર્થશાસ્ત્ર અને જ્યાં કંપનીઓ રોકાણ અથવા ભાડે રાખવાનું પસંદ કરે છે તેને પ્રભાવિત કરી શકે છે.

એક વધારાનો મુદ્દો આગાહી કરવાને બદલે જોવા યોગ્ય છે. હાલમાં બહાલ થયેલો અમેરિકાનો નવો કાયદો નોંધપાત્ર પ્રમાણમાં રશિયન તેલ ખરીદતા દેશો પર ૧૦૦% સુધીના ટૅરિફને મંજૂરી આપે છે. રશિયન ક્રૂડનો મુખ્ય ખરીદદાર ભારતના સામે આવાં પગલાં લાગુ કરવામાં આવે તો તેને અસર થઈ શકે છે. તે શક્યતાને રૂપિયાની આગાહીમાં રૂપાંતરિત કરવાનું હજુ સુધી કોઈ કારણ નથી, પરંતુ ટ્રાન્સમિશન પાઠ સમજવા યોગ્ય છે કે ઊર્જા સોર્સિંગ પરના પ્રતિબંધો ક્રૂડ ખર્ચ અને વેપાર પ્રવાહને બદલી શકે છે જે પછી ફુગાવા, ડૉલરની માગ અને ચલણની સ્થિતિને પ્રભાવિત કરી શકે છે. તેથી અઠવાડિયાનો મોટો સંદેશ એ નથી કે ઊંચા દર આપમેળે ચલણમાં મજબૂતાઈ લાવે છે. નાણાકીય નીતિ અપેક્ષાઓ, સંબંધિત વળતર, ઊર્જા ભાવો દ્વારા કાર્ય કરે છે. વૃદ્ધિ અને મૂડી પ્રવાહ ઘણીવાર એકસાથે થાય છે. ભારત માટે, મજબૂત વૃદ્ધિ સ્થિતિસ્થાપકતા અને રોકાણ આકર્ષણનો મહત્ત્વપૂર્ણ સ્રોત પ્રદાન કરે છે, જ્યારે તેલ અને વૈશ્વિક નાણાકીય પરિસ્થિતિઓ બાહ્ય નબળાઈ રહે છે. 'કરન્સી કંપાસ' તે સમીકરણની બંને બાજુઓ પર નજર રાખશે. સોય ક્યાં નિર્દેશિત થવી જોઈએ તેની આગાહી નહીં, પરંતુ તેને ખસેડતાં પરિબળોને સમજો. ■

**ડિસ્ક્લેમર** *'કરન્સી કંપાસ' કૉલમ માત્ર માહિતીપ્રદ હેતુ માટે છે અને તે નાણાકીય રોકાણ અથવા ટ્રેડિંગની સલાહ આપતું કે સૂચવતું નથી - તે બજારની હિલચાલની આગાહી કરવાને બદલે તેનું અર્થઘટન કરે છે. અહીં વ્યક્ત કરેલાં મંતવ્યો વ્યક્તિગત છે અને કોઈ પણ સંસ્થા અથવા સંગઠનનું પ્રતિનિધિત્વ કરતાં નથી.*

# ક્રેડિટ કાર્ડ - ઈએમઆઈ પર નભતું જીવન

## જ્યારે એક છૂપો આર્થિક બોજ બની જાય છે ત્યારે...



**અર્થતંત્રની આજ-કાલ**
**કિશન દેસાઈ**
feedback@bombaysamachar.com

નવી કૉલમ

આજના આધુનિક યુગમાં ડિજિટલ ટેકનોલોજી અને નાણાકીય સુવિધાઓએ માનવ જીવનને ખૂબ સરળ બનાવી દીધું છે, પરંતુ તેની સાથે જ એક નવી આર્થિક માનસિકતાનો જન્મ થયો છે. 'પહેલાં કમાઓ અને પછી વાપરો'ના ભારતીય સંસ્કાર હવે 'પહેલાં વાપરો અને પછી ચૂકવો'ના પશ્ચિમી મૉડેલમાં પરિવર્તિત થઈ ગયા છે. ક્રેડિટ કાર્ડ અને ઈઝી ઈએમઆઈ (EMI) સંસ્કૃતિએ સામાન્ય માણસના જીવનને એક અદૃશ્ય દેવાના ચક્રમાં ધકેલી દીધું છે. આજના ગ્રાહકવાદી યુગ માટે એક ખૂબ જ પ્રાસંગિક વિચાર છે કે જે વસ્તુઓની આપણને જરૂર નથી, તે વસ્તુઓ પૈસાથી નકામા એવા લોકોને પ્રભાવિત કરવા ખરીદીએ છીએ, જેમને આપણે પસંદ પણ નથી કરતા. આ આધુનિક જીવનશૈલી પાછળ ઈ-કોમર્સ કંપનીઓ અને નાણાકીય સંસ્થાઓની એક અત્યંત ચતુરાઈપૂર્વક તૈયાર કરવામાં આવેલી વ્યૂહરચના કામ કરી રહી છે, જેને આપણે ઊંડાણપૂર્વક સમજવાની જરૂર છે.

આ લોભામણી સ્કીમ્સ સીધી રીતે Impulse buying આવેગજન્ય ખરીદીને ઉત્તેજન આપે છે. પહેલાના સમયમાં લોકો વિચાર-વિમર્શ કરીને જરૂરિયાત મુજબ ખરીદી કરતા હતા, જ્યારે આજે માત્ર સોશ્યલ મીડિયા કે ઈ-કોમર્સ એપ પર સ્ક્રોલ કરતી વખતે ગમતી વસ્તુ તુરંત ખરીદી લેવાય છે. નોટિફિકેશન, લિમિટેડ ટાઇમ ઓફર્સ અને 'ઓન્લી 2 લેફ્ટ' જેવા ડિજિટલ ટાઇમર્સ ગ્રાહકમાં 'FOMO' (ફિયર ઓફ મિસિંગ આઉટ) ઊભો કરે છે. પરિણામે, વ્યક્તિ તાર્કિક વિચારણા કર્યા વગર જ ક્રેડિટ કાર્ડ સ્વાઇપ કરી દે છે. આ આવેગજન્ય ખરીદી પાછળથી પસ્તાવો અને મોટો નાણાકીય બોજ લાવે છે, કારણ કે આવેગમાં લેવાયેલા નિર્ણયના હપ્તા મહિનાઓ સુધી ભરવા પડે છે.

સૌથી પહેલાં, બેંકો અને ડિજિટલ પ્લેટફોર્મ્સ ગ્રાહકોને આકર્ષવા માટે અત્યંત લોભામણી સ્કીમ્સ રજૂ કરે છે. 'નો કોસ્ટ ઈએમઆઈ', 'ઝીરો ડાઉન પેમેન્ટ', 'કેશબેક ઓફર્સ' અને 'ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ' જેવી જાહેરાતો ગ્રાહકના માનસિક મનોવૈજ્ઞાનિક મિકેનિઝમ પર સીધો પ્રહાર કરે છે. જ્યારે કોઈ વ્યક્તિ ₹૫૦,૦૦૦ નો સ્માર્ટફોન એકસાથે ખરીદવા જાય છે ત્યારે તેનું ખિસ્સું તેને રોકે છે, પરંતુ જ્યારે એ જ સ્માર્ટફોન ₹૨,૫૦૦ ના માસિક ઈએમઆઈ પર ઓફર કરવામાં આવે છે, ત્યારે તે ખર્ચ ખૂબ નાનો અને પરવડે તેવો લાગે છે. હકીકતમાં, આ સ્કીમ્સમાં છૂપા પ્રોસેસિંગ ચાર્જિસ, વ્યાજ અને ટેક્સ ઉમેરાયેલા હોય છે. આ લોભામણી ઓફર્સ ગ્રાહકને એવી ભ્રમણામાં રાખે છે કે તેઓ પૈસા બચાવી રહ્યા છે, જ્યારે વાસ્તવમાં તે પોતાની ભવિષ્યની આવકને અગાઉથી જ ગીરવે મૂકી રહ્યા હોય છે.

આ પ્રક્રિયા માત્ર એક વારની ખરીદી પૂરતી મર્યાદિત નથી રહેતી, પરંતુ ગ્રાહકને આ વસ્તુઓની આદત પાડવી એ આ આખી ઇકોસિસ્ટમનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ઈ-કોમર્સ અને ફિનટેક કંપનીઓ ગ્રાહકના વર્તનનો અભ્યાસ કરીને તેને સરળ હપ્તા અને ક્રેડિટ લિમિટ વધારવાના વિકલ્પો સતત આપે છે. ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવાથી ભૌતિક રીતે પૈસા આપવાનો અહેસાસ થતો નથી, જેના કારણે 'પેઇન ઓફ પેઇંગ' (પૈસા ચૂકવતી વખતે થતો દુખાવો) ગાયબ થઈ જાય છે. પરિણામે, બિનજરૂરી વસ્તુઓ ખરીદવી એ વ્યસન બની જાય છે. ધીમે ધીમે આ આદત એવી સ્થિતિમાં ફેરવાઈ જાય છે કે ગ્રાહક પોતાની મૂળભૂત જરૂરિયાતોથી લઈને લક્ઝરી સેવાઓ સુધીની તમામ વસ્તુઓ માટે ઈએમઆઈ અને ક્રેડિટ કાર્ડ પર નિર્ભર થઈ જાય છે.

આ આદતને વધુ દૃઢ બનાવવા માટે ડિજિટલ પ્લેટફોર્મ્સ નાનામાં નાના વ્યવહારો પર પણ પોતાનું નેટવર્ક ફેલાવી રહ્યા છે, જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્લેટફોર્મ ચાર્જ અને ડિલિવરી એપ્સ છે. ક્વિક-કોમર્સ અને ફૂડ ડિલિવરી એપ્સ દ્વારા શરૂઆતમાં મફત ડિલિવરી અને ભારે ડિસ્કાઉન્ટ આપીને ગ્રાહકોને ઘરેબેઠા સેવાઓની ટેવ પાડવામાં આવી. એકવાર ગ્રાહક આ સુવિધાનો આદતી બની જાય પછી આ કંપનીઓ દરેક ઓર્ડર પર ₹૫ થી ₹૧૦ નો પ્લેટફોર્મ ચાર્જ, હેન્ડલિંગ ફી, સર્જ ચાર્જ અને હાઇ-ડિમાન્ડ ફી ઉમેરવાનું શરૂ કરે છે. ગ્રાહકને આ નાની રકમ બહુ સામાન્ય લાગે છે, પરંતુ મહિનાના અંતે આવા ના નાના ખર્ચા ભેગા થઈને એક મોટો આર્થિક બોજ બની જાય છે.

આવી જ રીતે, ક્રેડિટ કાર્ડ કંપનીઓ પણ નાના આંકડાઓમાં ફી વસૂલીને ગ્રાહકની અજાણતામાં મોટા નફા કમાય છે.

અહીં સૌથી ગંભીર બાબત એ છે કે આ તકનીકી ઇકોસિસ્ટમ પાસે તમારી દરેક આવક અને ખર્ચની સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ છે. બેંકિંગ એપ્સ, ક્રેડિટ સ્કોર એપ્સ અને UPI એપ્સના માધ્યમથી કંપનીઓ જાણે છે કે તમારી માસિક આવક કેટલી છે, તમારો પગાર કઈ તારીખે જમા થાય છે અને તમે ક્યાં, ક્યારે અને કેટલો ખર્ચ કરો છો. જો તમે દર મહિનાની ૧લી તારીખે ગ્રોસરી ખરીદો છો કે દર વીકેન્ડ પર રેસ્ટોરન્ટમાં ખર્ચ કરો છો તે બધું AI સિસ્ટમ ઓળખી લે છે અને બરાબર એ જ સમયે તમને ચોક્કસ ઈએમઆઈ ઓફર્સ કે ક્રેડિટ લિમિટ વધારવાની નોટિફિકેશન મોકલે છે. આ રીતે ગ્રાહક પોતાની કમાણી કરતાં વધુ ખર્ચ કરવાના જાળમાં સતત ફસાયેલો રહે છે.

અંતમાં, ક્રેડિટ કાર્ડ અને ઈએમઆઈ પોતે કોઈ ખરાબ સાધનો નથી-જો તેનો ઉપયોગ શિસ્તબદ્ધ રીતે અને કટોકટીના સમયે કરવામાં આવે તો તે ખૂબ ઉપયોગી નીવડી શકે છે, પરંતુ જ્યારે આ સુવિધાઓ આપણી જીવનશૈલીનો કાયમી હિસ્સો બની જાય છે અને આપણે દેવાના જોરે આભાસી સમૃદ્ધિ દર્શાવવા લાગીએ છીએ, ત્યારે તે માનસિક તણાવ અને નાણાકીય અસ્થિરતા તરફ દોરી જાય છે. આજના આભાસી ડિજિટલ યુગમાં સાચી આર્થિક સ્વતંત્રતા મેળવવા માટે ઈએમઆઈના ચક્રવ્યૂહમાંથી બહાર નીકળીને આપણી વાસ્તવિક આવક મુજબ મર્યાદિત અને વિવેકપૂર્ણ ખર્ચ કરવાની સંસ્કૃતિ પુનઃ અપનાવવી અનિવાર્ય બની ગઈ છે. ■

# ઘર ખરીદતાં પહેલાં આ પાંચ વાત ખાસ ચકાસી લો



**ઘર બસાકે દેખો**
**વરુણ સિંહ**
feedback@bombaysamachar.com

નવી કૉલમ

**મુંબઈમાં** ઘર ખરીદવું એ ભાગ્યે જ સરળ કામ છે. આ એક એવો નિર્ણય છે, જે દાયકાઓ સુધી તમારી આર્થિક સ્થિતિ, તમારા દૈનિક જીવન અને ઘણીવાર તમારા પડોશીઓ પણ નક્કી કરે છે. વર્ષોથી મહારેરા-એમઆરઈએટી અને બોમ્બે હાઇ કોર્ટમાં રિયલ એસ્ટેટ સાથે જોડાયેલા વિવાદો પર નજર રાખ્યા પછી જોયું છે કે કેવી રીતે ઘર ખરીદતા સમયે કરવામાં આવતી નાની બેદરકારી પણ વર્ષો સુધી ચાલતા કાયદાકીય લડાઈમાં ફેરવાઈ જાય છે. અહીં પાંચ એવી બાબત જણાવવામાં આવી છે, જે આ શહેરમાં ઘર ખરીદનારા તમામ વ્યક્તિને દસ્તાવેજ પર સહી કરતા પહેલાં જરૂર ચકાસવી જોઈએ, જેમકે...

૧) ફક્ત તમારી લોનની ક્ષમતા જ નહીં, પરંતુ પોતાનું વાસ્તવિક બજેટ પણ ઓળખો. બેન્ક તમને જણાવશે કે તમે કેટલી લોન લઈ શકો છો, પરંતુ તેનો અર્થ એ નથી કે તમે વાસ્તવમાં કેટલો ખર્ચ કરી શકો છો. સ્ટેમ્પ ડ્યુટી, રજિસ્ટ્રેશન ચાર્જિસ, જીએસટી, બ્રોકરેજ, સોસાયટી ટ્રાન્સફર ફી અને કોઈ પણ પ્રકારના વિલંબ કે વિવાદો માટે એક ઈમરજન્સી ફંડને પણ બજેટમાં સામેલ કરો. જે ખરીદદાર પોતાની જીવનની તમામ કમાણી ખર્ચ કરી દે છે તે ઘરનું પઝેશન મળવામાં વિલંબ પર બિલ્ડર વિરુદ્ધ કોર્ટમાં કેસ લડી શકતા નથી, કારણ કે તેમની પાસે કાયદાકીય ખર્ચ માટેની જોઈતી રકમ-રૂપિયા હોતા નથી.

૨) લીગલ ટાઇટલ અને પ્રોજેક્ટની મંજૂરીઓની તપાસ કરો, કારણ કે મોટાભાગના વિવાદો અહીંથી જ શરૂ થાય છે. પ્રોપર્ટીની ટાઇટલ ચેઇન કન્ફર્મ કરો. તમે જુવો કે પ્રોજેક્ટ મહારેરામાં રજિસ્ટર્ડ છે કે નહીં અને તમામ મ્યુનિસિપલ મંજૂરીઓ, કમેન્સમેન્ટ સર્ટિફિકેટ (કામ શરૂ કરવાનું પ્રમાણપત્ર), અને ઓક્યુપેશન સર્ટિફિકેટ (ઓસી) ઉપલબ્ધ છે કે નહીં તેની ખાતરી કરો. રેરા રજિસ્ટ્રેશન વિનાના અથવા મંજૂરીઓ પેન્ડિંગ હોય તેવો પ્રોજેક્ટને નજરઅંદાજ કરી શકાય નહીં. આ એક ચેતવણીનો સંકેત છે. એવામાં તમારે પીછેહઠ કરવી જોઈએ અથવા તો પછી સખત વાટાઘાટો (નેગોશિયેશન) કરવી જોઈએ.

૩) બિલ્ડર વિશે તમામ જાણકારી મેળવો અને રીસેલ માટે સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવો,કારણ કે બિલ્ડરના કાયદાકીય વિવાદોનો ઈતિહાસ, પ્રોજેક્ટ પર સમય પુરા કરવાનો રેકોર્ડ અને તેમના વિરુદ્ધ મહારેરામાં કોઈ ફરિયાદ થઈ હોય તો એની જાણકારી મેળવો. રિસેલ ફ્લેટ માટે, સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવવાનું ચુકશો નહીં. જૂની પ્રોપર્ટી પર આ બિનજરૂરી ખર્ચ લાગી શકે છે, પરંતુ યોગ્ય ઓડિટ તમને વાસ્તવિક ભાવતાલ કરવાની શક્તિ આપે છે. જો રિપોર્ટમાં સીપેજ (ભેજ/પાણી ઝરવું), તિરાડો અથવા ઇલેક્ટ્રિકલ સમસ્યાઓ જણાય તો તમારી પાસે કિંમત ઘટાડવા માટે માત્ર એક અનુમાન નહીં પણ લેખિત પુરાવો હશે.

૪) આસપાસના વિસ્તારના ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ભવિષ્યની રિસેલ વેલ્યુ વિશે રિસર્ચ કરો. માત્ર ફ્લેટ સુધી સીમિત ના રહો. પાણી પુરવઠાની વિશ્વસનીયતા, રોડ કનેક્ટિવિટી, આગામી મેટ્રો અથવા ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને છેલ્લા પાંચ વર્ષમાં વિસ્તારના ભાવમાં કેટલો વધારો થયો છે તે ચકાસો. સારી કનેક્ટિવિટી અને યોગ્ય આયોજન ધરાવતા વિસ્તારમાં આવેલો ફ્લેટ મંદીના બજારમાં પણ તેનું મૂલ્ય જાળવી રાખે છે. જ્યારે નબળી સગવડ ધરાવતા વિસ્તારનો ફ્લેટ ગમે તેટલો સારી રીતે મેઈન્ટેન થયો હોય તો પણ પાછળથી વેચવો મુશ્કેલ બની શકે છે.

૫) હાઉસીંગ સોસાયટી અને તેના નિયમો (બાયલોઝ) નો અભ્યાસ કરો, ખાસ કરીને રિસેલ ડીલ મામલામાં આ એવી બાબત છે જેને ખરીદદારો સૌથી વધુ નજરઅંદાજ કરે છે. જ્યારે તમે રિસેલ ફ્લેટ ખરીદો છો, ત્યારે તમે માત્ર ચાર દીવાલો નથી ખરીદી રહ્યા. તમે એક સોસાયટી, તેની મેનેજિંગ કમિટી, તેના કોઈ પેન્ડિંગ કાનૂની વિવાદો, તેની મેન્ટેનન્સ બાકી રકમ અને તેની સંસ્કૃતિનો ભાગ બની રહ્યા છો. આ એ જ લોકો હશે જેમની સાથે તમે લિફ્ટ શેર કરશો, પાર્કિંગ અંગે ચર્ચા કરશો અને કટોકટીમાં તેમના પર નિર્ભર રહેશો. સોસાયટીના ઓડિટેડ એકાઉન્ટ્સ માગો, કોઈ ચાલુ વિવાદો છે કે નહીં તે ચકાસો અને હા પાડતા પહેલા બાયલોઝ (નિયમો) ને સમજો. અસ્તવ્યસ્ત કે અયોગ્ય રીતે ચાલતી સોસાયટીમાં આવેલો સુંદર ફ્લેટ એ એવો નિર્ણય છે જે ખરીદ્યા બાદ તમને પસ્તાવો થશે.

મુંબઈના રિયલ એસ્ટેટમાં ઝડપ કરતાં ધૈર્ય અને સાવધાનીથી વધુ સારું પરિણામ મળે છે. આ પાંચ બાબતની યોગ્ય રીતે ચકાસણી કરવા માટે એક વધુ અઠવાડિયાનો સમય લો. ભૂલ સુધારવામાં લાગતા વર્ષો કરતાં આ સરવાળે ઘણું સસ્તું છે. ■

KIND ATTN. TO: CHAIRMAN, SECRETARY & MEMBERS
CONSULT US FOR :
A) Complete Re-Development Services from Feasibility, Tender Process, Builder Appointment, Occupation Certificate and Till Possession of New Flats.
B) Building Repairs.
PIONEER IN SELF RE - DEVELOPMENT
SEND ME FOLLOWING DETAILS
1) NAME OF SOCIETY AND ADDRESS
2) PLOT AREA
3) NO. OF. MEMBERS
4) CONVEYANCE WITH SOCIETY (Yes/ No)
SANJAY BAKUL SHETH GROUP
+ 91 9323344345
(SEND MESSAGE ON WHATSAPP)
E-MAIL ID : pmcsanjayrex@gmail.com
40 + YEARS EXPERIENCE

# સ્વાસ્થ્ય માટે ઔષધિ સમાન ગણાય છે કાચું આદું

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com



**ચોમાસું** શરૂ થાય તેની સાથે વરસાદની મોજ માણવામાં આવતી હોય છે. તેમાં વળી વરસાદી મોસમના અનેક વેલાંના શાકભાજી -ફળો ખાવાનો આનંદ માણવાની એક અલગ જ મજા હોય છે. અનેક રસિયાઓ વરસાદ પડે તેની સાથે બજારમાં ખાસ મળતાં કાચા સફેદ રંગના આદુંની આતુરતાથી રાહ જોતા હોય છે. આ કાચું આદું સ્વાદમાં ઓછું તીખું તેમ જ નરમ હોય છે. તેમાં રેસાનું પ્રમાણ હોતું જ નથી. સાદા આદુંની સરખામણીમાં તેમાં તીખાશનું પ્રમાણ ઓછું હોય છે. આજકાલ તો સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ લોકો આ વરસાદી મોસમમાં ખાસ ચાર માસ મળતાં આદુંના દીવાના બની ગયેલાં જોવા મળે છે. અનેક રસિયાઓ આ કાચા આદુંને ૫૦૦ ગ્રામ કે ૧ કિલો લાવીને તેને છીણી લે છે. તેમાં લીંબુ તેમ જ સંચળ ભેળવીને રોજ સવારે ભોજનમાં તેનો ઉપયોગ કરતાં હોય છે. સામાન્ય રીતે સૂકા મસાલાની સાથે આપણું ભોજન બનાવતી વખતે તેમાં આદું-મરચાંને વાટીને કે ઝીણાં સમારીને ખાસ દાળ-શાકમાં ભેળવવામાં આવે છે. આયુર્વેદમાં તેને એક ચમત્કારીક ઔષધિ ગણવામાં આવે છે. આપણાં આયુર્વેદમાં ખાસ જણાવવામાં આવેલું છે કે ભોજન સપ્રમાણ માત્રામાં કરવું આવશ્યક છે. તેમ જ ભોજનમાં વપરાતી સામગ્રીનો ઉપયોગ પ્રમાણભાન રાખીને કરવો જરૂરી છે. કુમળું કુમળું કાચું આદું સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. તેનો સ્વાદ એટલો તો ચટપટો સ્વાદિષ્ટ લાગે છે કે એક વખત ભાણાંમાં પીરસાયું હોય તો તેને બીજી વખત લેવાનું મન રોકી શકાતું નથી.

**કાચા આદુંના સ્વાસ્થ્ય લાભ :**

**પાચન શક્તિ વધારે છે :** આદુંમાં જિંજરોલ નામક સત્ત્વ સમાયેલું હોય છે. જે પાચન તંત્રને સક્રિય કરવામાં મદદ કરે છે. જેને કારણે ભોજન સરળતાથી પચવામાં મદદ મળે છે.

**શરદી-ખાંસીમાં રાહત :** કાચું આદું કફને કારણે ગળામાં દુખાવો થવો કે સૂકી ઊધરસની તકલીફ કે પછી મોસમમાં બદલાવને કારણે તાવ આવવો જેવી નાની-મોટી તકલીફમાં રાહત આપે છે. શરીરની રોગ-પ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે.

**સોજા-દુખાવામાં લાભકારક :** મોસમમાં બદલાવને કારણે અનેક લોકોને થોડું વધુ ખારું કે ખાટું ભોજન ખાવામાં આવે કે શરીર ઉપર સોજા આવી જતાં હોય છે. જેને કારણે શરીરમાં ઝીણો દુખાવો રહ્યા કરે છે. આદુંની ગણતરી કુદરતી ઍન્ટિ ઈન્ફ્લેમેટરી ભોજનમાં કરવામાં આવે છે. કાચા આદુંનું સેવન નિયમિત સવારના સમયે પ્રમાણભાન રાખીને કરવાથી સાંધાનો દુખાવો. માથામાં દુખાવો કે શરીર ઉપર દેખાતાં સોજામાં રાહત આપે છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ :** વરસાદી મોસમમાં મળતું કાચું આદું એટલું તો કૂણું હોય છે કે તેનું સેવન કરવાનું મન રોકી શકાતું નથી. તેને છીણીને કે તેની કતરણ કરીને ખાઈ શકાય છે. તેનો ઉપયોગ કરીને આદું-ગોળ-મરી-તજને પાણીમાં ઉકાળીને કાઢો બનાવીને પીવાથી ચોમાસામાં ઝડપથી ફેલાતા રોગથી રાહત મેળવી શકાય છે. આદુંનું સેવન કરવાથી મેટાબોલિઝમ તેજ બને છે. જેને કારણે શરીર ઉપર જામી ગયેલાં ચરબીના થર પીગળવા લાગે છે. સાથે પૂરતાં પ્રમાણમાં વ્યાયામ કરવો આવશ્યક છે. આમ વજનને નિયંત્રણમાં રાખવા માટે કાચા આદુંની કતરણ કે કાચા આદુંનો કાઢો અક્સીર ઉપાય ગણાવી શકાય.

**ડાયાબિટીસમાં ગુણકારી :** ડાયાબિટીસના દર્દીઓ માટે કાચા આદુંનું સેવન અત્યંત ગુણકારી ગણાય છે. આદું લોહીમાં શર્કરાની માત્રાને સમતોલ રાખવામાં મદદ કરે છે.

આદુંનું સેવન ડાયાબિટીસને કારણે શરીરમાં પ્રવેશતી અન્ય બીમારી જેવી કે મોતિયાબિંદું, લિવર કે કિડનીને ધીમું નુકસાન તેમજ અચાનક વજન ઘટવાની સમસ્યાથી રાહત આપવામાં મદદ કરે છે. ઑસ્ટ્રેલિયાની સિડની યુનિવર્સિટીમાં કરવામાં આવેલાં એક અભ્યાસ મુજબ આદુંનું પ્રમાણભાન રાખીને કરવામાં આવતું નિયમિત સેવન ટાઈપ-૨ ડાયાબિટીસના દર્દીઓ માટે અસરકારક ઔષધિ ગણાય છે. આદુંમાં સમાયેલાં પોષક તત્ત્વો ગ્લુકૉઝ વગર સ્નાયુની કોશિકા સુધી પહોંચાડવાની પ્રક્રિયા વધારી શકે છે. જેને કારણે લોહીમાં વધેલી શર્કરાના સ્તરને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

**પાચનક્રિયા માટે અતિગુણકારી :** આદુંની ખેતી હજારો વર્ષથી ભારતમાં થતી આવે છે. તેમાં પણ કાચા અદુંનું સેવન પાચનક્રિયાને સુધારવા માટે અતિ ગુણકારી ગણાય છે. એવું કહેવાય છે કે પેટમાં ગેસ થવો કે પેટ ફૂલી જવું કે વારંવાર ચૂંક આવવાની તકલીફ હોય તેમને માટે આદુંનું સેવન અતિઆવશ્યક બની જાય છે. આદુંનું સેવન કરવાથી માંસપેશીઓને આરામ મળે છે. કાચા આદુંને છીણીને તેની ઉપર સંચળ તેમજ લીંબુનો રસ ભેળવીને ખાવાથી મોઢામાં લાળ વધે છે. જે ભોજનને પચાવવામાં મદદ કરે છે. એવું પણ કહેવાય છે કે ભારી ભોજન બાદ સૂકા આદુંની કતરણ ખાવાથી કે આદુંની ચા પીવાથી પેટની સમસ્યામાં રાહત મેળવી શકાય છે. અનેક વખત બહારનું ભોજન ખાવાથી ખોરાકી ઝેરની અસરને કારણે પેટમાં ગરબડ થાય છે. તે સમયે કાચા આદુંનું સેવન કરતાં રહેવાથી રાહત મેળવી શકાય છે.બાળકોના પેટમાં કૃમિની તકલીફ હોય કે અપચાની તકલીફમાં આદુંનું સેવન અક્સીર ઉપાય આયુર્વેદમાં ગણાવ્યો છે.

**આદુંનું સેવન પ્રવાસ સમયે થતી તકલીફમાં રાહતદાયક :** અનેક વ્યક્તિને પ્રવાસ સમયે કે ઊંચાણવાળાં સ્થળોના પ્રવાસ સમયે ચક્કર આવવાં કે ઉબકા આવવાં કે ઊલટી થવાની તકલીફ થવા લાગે છે. તો કિમોથેરપીની સારવાર બાદ દર્દીને વારંવાર ઊબકા આવવાં કે ચક્કરની સમસ્યા સતાવતી હોય છે. અનેક વખત એવું જોવા મળે છે કે કિમોથેરપી પહેલાં દર્દીને ઊબકાં કે ઊલટીની તકલીફ ના થાય તે માટે ખાસ દવા આપવામાં આવે છે. તેમ છતાં ૯૦ ટકા દર્દીને ઊબકાં-ઊલટીની તકલીફ જોવા મળે છે. આવા સંજોગોમાં કિમોથેરપી પહેલાં-પછી દર્દીને કાચા આદુંમાં લીંબુ-સંચળ ભેળવીને આપવાથી મહદઅંશે રાહત મળે છે. તેનું મુખ્ય કારણ આદુંનું સેવન કરવાથી મસ્તિષ્ક તેમ જ સ્વાદેન્દ્રિય ઉપર ચક્કર આવવાં કે ઊલટી જેવું થવાની તકલીફમાં રાહત મળે છે.

**સાંધાના દુખાવામાં કાચું આદું વરદાન સમાન :** કાચા આદુંનું સેવન માંસપેશિયોમાં થતાં દુખાવાની સાથે સોજાને દૂર કરવામાં ઉપયોગી ગણાય છે. કેમ કે આદુંમાં જીંજરોલ નામક એક અસરકારક પદાર્થ સમાયેલો હોય છે. હૉંગકૉંગમાં થયેલાં એક અભ્યાસ મુજબ આદું તથા સંતરાના તેલની માલિશ કરવાથી ઘૂંટણના દુખાવામાં રાહત મળે છે. ઓસ્ટિયોઆર્થરાઈટિસના દર્દીઓ દ્વારા નિયમિત રીતે આદુંનું સેવન કરવાથી દુખાવામાં રાહતની સાથે હરવા-ફરવામાં સુગમતા રહે છે. અસહ્ય દુઃખાવાની ફરિયાદ રહેતી નથી.

**કાચું આદું એક શક્તિશાળી ઍન્ટિ-ઓક્સિડન્ટ છે :** ભારતીય આયુર્વેદિક ગ્રંથો તેમ જ વિશ્વમાં થયેલાં અધ્યયનો દ્વારા જાણવા મળે છે કે આદુંમાં ઍન્ટિ -ઓક્સિડન્ટની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. ઍન્ટિ-ઓક્સિડન્ટ સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કેમ કે તે ફ્રિ રેડિકલ્સની સામે સુરક્ષા પ્રદાન કરે છે. વય વધવાની સાથે દેખાતી વિવિધ બીમારી જેવી કે હૃદય રોગ, ડાયાબિટીસ, અલ્ઝાઈમર્સ, આર્થરાઈટિસ તેમ જ સાંધાના દુખાવા જેવા રોગથી બચાવે છે. સામાન્ય રીતે પ્રત્યેક મસાલામાં ઍન્ટિ-ઓક્સિડન્ટ સમાયેલું હોય છે. આદુંમાં અલગ-અલગ ૨૫ પ્રકારના ઍન્ટિ-ઓક્સિડન્ટની વિશેષતા સમાયેલી હોય છે. તેથી જ આદુંનું નિયમિત સેવન કરવાથી શરીરના અલગ-અલગ અંગોમાં રહેલાં ફ્રિ-રેડિકલ્સની સામે લડવામાં અસરકારક ગણાય છે.

કાચા આદુંમાંથી તેની કતરણ બનાવીને તેની ઉપર સંચળ-લીંબુ ભભરાવીને ખાઈ શકાય છે. કાચા આદુંની ચા પી શકાય છે. અથવા કાચા આદુંનું અથાણું બનાવીને તેની લહેજત માણી શકાય છે. વળી આ કાચા આદુંનો ઉપયોગ દાળ-શાકમાં કરીને તેને સ્વાદિષ્ટ બનાવી શકાય છે. તેની સૂકવણી કરીને લાંબો સમય ઉપયોગમાં લઈ શકાય છે. ■

### કાચા આદુંનો ગોળવાળો કાઢો



**સામગ્રી :** ૫૦ ગ્રામ કાચા આદુંની છીણ, ૪ ગ્લાસ પાણી, ૧ નાનો ટુકડો તજ, ૩-૪ નંગ મરી, ૨ નંગ એલચી, ૧ મધ્યમ વાટકી ગોળ, ૨ ચમચી લીંબુનો રસ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ આદુંને બરાબર સાફ કરી લેવું. ત્યારબાદ તેને પાણીમાં ડૂબાડીને રાખવું. ત્યારબાદ તેને બહાર કાઢીને થોડું સૂકવવું. એક તપેલીમાં ૪ ગ્લાસ પાણી લેવું. તેમાં ૫૦ ગ્રામ આદુંની છીણ ઉમેરવી. તેમાં ૧ મધ્યમ વાટકી ગોળ ઉમેરવો. સ્વાદ માટે ૧ નાનો ટુકડો તજ, ૩-૪ નંગ મરી તેમ જ ૨ નંગ એલચી ઉમેરવી. પાણીને બરાબર ઉકાળી લેવું. ગોળ ઓગળી જાય ત્યારબાદ ગેસ બંધ કરીને તેમાં લીંબુનો રસ ૨ચમચી ભેળવવો. ગરમા-ગરમ કાઢો પીવાથી શરીરમાં શક્તિનો સંચાર થવા લાગશે. શરીર તાજગીસભર બની જશે.

# એક જટિલ સમસ્યા છે અલ્ઝાઈમર...

આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com



**જીવનશૈલી** ખૂબ જ મોટા પાયે અસ્તવ્યસ્ત થઈ ગઈ છે. ખૂબ જ વ્યસ્તતાને કારણે શારીરિક અને માનસિક આરોગ્ય વ્યવસ્થિત સચવાતું નથી. અલ્ઝાઈમર કે મનોભ્રંશ એ મગજનો એક ગંભીર રોગ છે. આ તકલીફ વૃદ્ધાવસ્થા કે સાંઈઠની ઉંમર પછી વધુ જોવા મળે છે. યાદશક્તિ ઓછી થઈ જાય છે કે નાની નાની ઘટનાઓ, કોઈને ઓળખવું, શબ્દો બોલવામાં વગેરે ભૂલ થવા લાગે છે. અચાનક મૂડ બદલાવો, સામાન્ય રોજિંદા કાર્યોમાં મુશ્કેલી અનુભવાય છે. આ બીમારીનો કોઈ ચોક્કસ કે સંપૂર્ણ ઈલાજ હજુ સુધી શોધાયો નથી. આ તકલીફ હવે મોટા સ્તરે દેખાવા લાગી છે ઘણાંય વૃદ્ધો ઘરનો રસ્તો ભૂલી જાય છે. પોતાના પરિવાર જનોને પણ ભૂલી જાય છે. જીવનશૈલીમાં પરિવર્તનને કારણે આ સમસ્યા લગભગ દરેક ઉંમરના લોકોમાં જણાવા લાગી છે.

વિશ્વ અલ્ઝાઈમર દિવસ ઓગણીસો ચોરાણુથી દર એકવીસ સપ્ટેમ્બરના દિવસે મનાવવામાં આવે છે અલ્ઝાઈમર ડિસીસ ઈન્ટરનેશનલ સંગઠનની દસમી વર્ષ ગાંઠના અવસર પર શરૂ કરવામાં આવ્યો હતો. અલ્ઝાઈમર રોગ કે ડિમ્નેશિયા(મનોભ્રંશ)ની જાણકારીની જાગૃતતા માટે મનાવવામાં આવે છે. આ સંગઠનનું એવું માનવું છે કે આ એક સામાજિક કલંક (Stigma) છે એને નાબૂદ કરવું એ આપણી સામાજિક ફરજ છે.

અલ્ઝાઈમર મગજને પ્રભાવિત કરે છે તેથી માનવીને વિચારવામાં અને લાગણીની અભિવ્યક્તિ કરવામાં મુશ્કેલી થાય છે. મોટી ઉંમરમાં આનો પડકાર ઘણોય મોટો છે કારણ મોટી વયના દર્દીને સમજવા માટે ઘણી મુશ્કેલી થાય છે. આ દિવસ મનાવવાનો હેતુ એ છે કે અલ્ઝાઈમર થયા પછી આનો ઈલાજ બહુ જ મુશ્કેલ છે તેથી જીવનશૈલીમાં બદલાવ, ખાન-પાનની ખોટી આદતોમાં બદલાવ, સામાજિક વ્યવહાર (સમાજના કાયક્રમોમાં જોડાવું) તહેવારોના ઉજવણીમાં જોડાવું, સમાજના વ્યક્તિઓ સાથે હળવું મળવું, પારિવારિક સંમેલન કરવા જેથી માનસિક સ્વાસ્થ્ય જળવાઈ રહે. દર્દી અને પરિવારજનોને પ્રોત્સાહન મળી રહે તેની માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

ઝડપી જીવનશૈલીના કારણે સામાજિક વ્યવસ્થા પર પણ અસર પડી છે. વધુ દોડભાગ, આર્થિક ઉપાર્જન માટેની દોડભાગના કારણે સામાજિક વ્યવહારના કાર્યક્રમોમાં યોગદાન આપી શકાતું નથી. એકલવાયુ જીવન છે તેની અસર માનસિક સ્વાસ્થ્ય પર પડી છે. લગભગ બધા જ ડૉક્ટરોનું માનવું એ જ છે આનો કોઈ ચોક્કસ ઈલાજ નથી. લાઈફસ્ટાઈલ બદલવી એ જ ઈલાજ છે. રોગ થયા પછી લાઈફસ્ટાઈલ બદલવી એ વ્યાજબી નથી. સમજદારી એ છે કે લાઈફસ્ટાઈલ પહેલેથી જ સુધારણા પર રાખવી. લોકો એ ભ્રમમાં રહે છે મને કાંઈ નહીં થાય અને લાઈફસ્ટાઈલ સુધારતા નથી.

અલ્ઝાઈમર થવાનાં અન્ય કારણો જે લગભગ મુખ્ય છે તે થાઈરોઈડ, ડાયાબિટીસ, વિટામિન બી-૧૨ની ઊણપ, મીઠાઈઓનું સેવન (બધા જ પ્રકારના સુગરી પ્રોડક્ટસ, હાઈડ્રોજનેટ ઘી (નકલી ઘી)થી બનતી પ્રોડક્ટસ જેમ કે આઈસક્રીમ, બિસ્કીટ, બ્રેડ, અમુક પ્રકારની મીઠાઈઓ, ડિઝર્ટ, નકલી ઘીમાં તળેલા ફરસાણ, દવાઓ, સુગરી કોલ્ડડ્રીંકના કારણે અલ્ઝાઈમરની બીમારી થાય છે. અન્ય કારણ વધુ પડતો માનસિક બોજ પણ જવાબદાર છે. વધુ પડતી કબજિયાત જેવાં કારણો છે શારીરિક અને માનસિક બન્ને કારણો આની માટે જવાબદાર છે.

સિક્કાની બે બાજુ હોય તેવી જ રીતે આ બીમારીનાં શારીરિક અને માનસિક કારણો જવાબદાર છે.

આ અલ્ઝાઈમર કે મનોભ્રંશથી બચવા માટે નાની વયથી સુધારણા જરૂરી છે. આ રોગ ધીરે ધીરે આગળ ધપે છે બાળપણથી જ સુગર વાળા ખાદ્યપદાર્થની વસ્તુઓનો ઉપયોગ ન કરવો. સ્વાસ્થ્યવર્ધક, પોષણયુક્ત ખોરાકનો ઉપયોગ કરવો, સદ્ભાવના કેળવવી, સામાજિક જીવનનું મહત્ત્વ સમજવું, તહેવારોની ઉજવણીથી પારસ્પરીક સંબંધો વધે છે. સામાજિક ઉન્નતિ થાય છે. આર્થિક ઉપાર્જનના સાધનો વધે છે તેમ જ માનસિક ખુશી કે મનોરંજન મળી રહે છે. વર્ષમાં એકાદવાર કુદરતી સ્વાસ્થ્યથી ભરપૂર જગ્યાએ ફરવા જવું, પારિવારિક સંબંધો મજબૂત બનાવવા તહેવારોની ઉજવણીમાં વપરાતા વસાણા યુક્ત કે પારંપરિક ભોજનનો ઉપયોગ જરૂર કરવો. હા પણ તે કુદરતી સામગ્રીથી બનેલા હોય એ જરૂરી છે.

અલ્ઝાઈમર હોય તેવા દર્દીને ઠંડા પાણીનો નેપકીન કપાળ અને પેટ ઉપર રાખવો, જેથી મન શાંત રહે અને પેટની સફાઈ થાય. માલકર્ગોની બ્રાહ્મી, અશ્વગંધા જેવી ઘણીય ઔષધીનો ઉપયોગ કરી શકાય. ચિકિત્સકની સલાહ મુજબ ભોજનમાં લીલાપાંદડાવાળી ભાજીનો ઉપયોગ કરવો, ડબ્બાપેક ફળો ન લેવાં, તાજાં ફળોનો ઉપયોગ કરવો, ઘરમાં રાંધેલી વાનગીનો ઉપયોગ કરવો જેથી બાહ્ય કેમિકલવાળી અને અપ્રાકૃત ખાદ્યપદાર્થથી બચી શકાય. ચાલવાનું વધુ રાખવું. ઋતુ અનુસાર ખાવામાં બદલાવ કરવો. આ અલ્ઝાઈમર વિશે આ બાબતો યાદ રાખવી એજ આ બીમારીથી દૂર રાખી શકે છે. ■

# નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં

## સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો...

### સ્ત્રીરોગ

(ગતાંકથી ચાલુ)

- ઘઉંની સેવને પાણીમાં બાફી તે પાણી કપડાથી ગાળી લઈને, ૨૦૦ ગ્રામ પાણીમાં ૩થી ૪ ચમચી ચોખ્ખું ઘી નાખી પ્રસવ થનાર સ્ત્રીને પાવાથી પ્રસૂતી સરળતાથી અને જલદી થાય છે.
- જે સ્ત્રીઓને પૂરતું ધાવણ ન આવતું હોય તેમણે ચોળાનું શાક વધુ તેલમાં બનાવી ખાવાથી ધાવણ વધે છે.
- તુવેરની દાળનો સૂપ બનાવી બેથી ત્રણ ચમચી ઘી નાખીને પીવાથી ધાવણ વધે છે.
- સ્ત્રીઓને ઘણીવાર પ્રસૂતિમાં વિલંબ થાય છે. દર્દ જેવું ઊપડવું જોઈએ તેવું ઊપડતું નથી. તે વખતે બને તેટલો જૂનો ગોળ ૩૦ થી ૪૦ ગ્રામ લઈને, ૧૦૦ ગ્રામ પાણીમાં નાખી, ગરમ કરી, ઓગાળી લઈ, તેમાં ફુલાવેલો ટંકણખાર બે ગ્રામ જેટલો મેળવીને પીવાથી જલદીથી અને સુખથી પ્રસવ થાય છે.
- તુલસીના પાનનો રસ પીવાથી પ્રસવની પડા ઓછી થઈ જાય છે.
- અર્ધી ચમચી સૂંઠનું ચૂર્ણ અને એક ચમચી ગોળ સવારે અને રાત્રે લેવાથી ગર્ભાશયના દોષો મટે છે અને ગર્ભાશય મજબૂત બને છે.
- રોજ સવારમાં એક લવિંગ ૪૦ દિવસ સુધી ખાવાથી ગર્ભ રહેવાની સંભાવના રહેતી નથી.
- પાકું કેળું ઘી અને સાકાર સાથે લેવાની લોહીવા મટે છે.
- કળથીનો ઉકાળો પીવાથી ગર્ભપાત કે પ્રસવ પછી સ્ત્રીઓના ગર્ભાશયની પૂરેપૂરી શુદ્ધિ થાય છે.
- દરરોજ ગાજરનો ૧૦૦ ગ્રામ રસ પીવાથી સ્ત્રીઓને લોહીવા (રક્તપ્રદર)માં તરત જ ફાયદો થાય છે.
- તંદુરસ્ત ગાયના તાજા છાણને કપડાથી ગાળી ૭૫ મિલી. જેટલો રસ લઈ તેમાં તેટલું જ ગાયનું દૂધ મેળવીને પિવડાવવાથી બાળક જન્મ્યા પહેલાં ગર્ભાશયમાં મરણ પામ્યું હોય તો મરેલા બાળકને બહાર લાવવામાં ઉપયોગી થાય છે.
- આમળાં, હરડે, સૂકો ફુદીનો, પીપરી મૂળ, સૂંઠ, મેથી દસ-દસ ગ્રામ ને મીઠું પાંચ ગ્રામ લઈ, બધાંને સાથે લસોટી, ચૂર્ણ બનાવી, તેમાં ૧૦ ગ્રામ ગૂગળ મેળવી, લસણના રસમાં પાંચ - પાંચ ગ્રામની ગોળીઓ બનાવી, પાણી સાથે લેવાથી પ્રસૂતિ બાદ સ્ત્રીઓને થતો કમરથી નીચેના ભાગનો દુખાવો ઓછો થાય છે.■

# ડાયાબિટીસ (મધુપ્રમેહ)ની દવા

હેલ્થને હેમખેમ રાખો
મિતા બાવીસી
feedback@bombaysamachar.com

## વિભાગ-૧ ડાળખાં ટાઈપ

૧. ઊસબો ૨૦ ગ્રામ
૨. સહાતર ૨૦ ગ્રામ
૩. ચિરાયત ૨૦ ગ્રામ
} ત્રણે દવા મિક્સ કરી સાત ભાગ કરવા

### વિભાગ-૨ પાઉડર ટાઇપ

૧. ગુલવેલ સત્ત્વ ૨૦ ગ્રામ
૨. સુવર્ણમાક્ષિક ૧૦ ગ્રામ
૩. પ્રવાહ ભસ્મ ૧૦ ગ્રામ
} ત્રણે દવા મિક્સ કરી છવ્વીસ ભાગ કરવા




**દવા કેવી રીતે ઉપયોગમાં લેવી?**

**સૌ પ્રથમ** ખાંડ ચેક કરાવવી ત્યારબાદ વિભાગ નં. ૧માં જે ત્રણ દવા બતાવે છે તે ત્રણેયને મિક્સ કરી સાત સરખા ભાગ કરવા. ત્યારબાદ તેમાંથી એક ભાગ લઈ બે ગ્લાસ જેટલા પાણીની અંદર આખી રાત પલાળી રાખવો. ત્યાર બાદ સવારે તે પાણીને એક ગ્લાસ જેટલું પાણી રહે ત્યાં સુધી ઉકાળીને ગાળી લેવું અને તેમાં એક ચમચી માખણ નાખવું અને સવારે ખાલી પેટે (નરણે કોઠે) તે પાણી પી લેવું. દવા પીધા પછી એક કલાક બાદ ચા તથા અન્ય વસ્તુ લેવી. આ દવા સાત દિવસ સુધી ચાલુ રાખવી.

હવે વિભાગ નં.૧ની દવા પૂરી થયા બાદ વિભાગ નં.૧ની દવા શરૂ કરવી. વિભાગ નં.૨ની દવામાં જે ત્રણ દવા બતાવેલ છે તે ત્રણેયને મિક્સ કરીને ૨૬ સરખા ભાગ કરવા અને પછી તેમાંથી એક-એક ભાગ એક ચમચી માખણ સાથે સવારે ખાલી પેટે (નરણે કોઠે) લેવી. આ દવા પૂરી થાય પછી ફરીથી ખાંડ ચેક કરાવી લેવી.

ખાસ નોંધઃ આ દવા જ્યાં સુધી ચાલતી હોય ત્યાં સુધી ગરમ તથા વાયુ થાય તેવા (દા. ત., કાંદા બટાટા, લસણ, રીંગણ, ચણાના લોટની બનાવટની વસ્તુ વગેરે) પદાર્થો ન ખાવાં.

**ડાયાબિટીસ**

★ આમલીના ચિચુકા શેકીને ખાવાથી ડાયાબિટીસ મટે છે.

★ લીમડાના પાનનો રસ નિયમિત પીવાથી ડાયાબિટીસ મટે છે.

★ કુમળાં કારેલાનાં કટકા કરી છાંયડામાં સૂકવી, બારીક ભૂકો કરી, એક તોલા જેટલી ભૂકી સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.

★ સારાં, પાકાં જાંબુને સૂકવી, બારીક ખાંડી, ચૂર્ણ બનાવી પાણી સાથે દિવસમાં બે વાર લેવાથી ડાયાબિટીસ મટે છે.

★ લસણને પીસીને તેનું પાણી પીવાથી ડાયાબિટીસ મટે છે.

★ રોજ રાત્રે દોઢથી બે તોલા મેથી પાણીમાં પલાળી રાખી, સવારે ખૂબ મસળી, ગાળીને પીવાથી ડાયાબિટીસ મટે છે.

★ આમળાનું ચૂર્ણ ફાંકવાથી ડાયાબિટીસમાં રાહત થાય છે.

★ હળદરના ગાંઠિયાને પીસી, ઘીમાં શેકી, સાકર મેળવી, રોજ ખાવાથી ડાયાબિટીસમાં ખૂબ ફાયદો થાય છે.

★ હરડે, બહેડાં, કડવા લીમડાની અંતરછાલ, મામેજવો અને જાંબુના ઠળિયા સરખે ભાગે લઈ બારીક ચૂર્ણ કરી સવાર-સાંજ લેવાથી ડાયાબિટીસ મટે છે.

★ હળદર એક ચમચી અને આમળાંનું ચૂર્ણ એક ચમચી ભેગાં કરી રોજ સવાર સાંજ લેવાથી ડાયાબિટીસમાં ખૂબ રાહત થાય છે.

★ ૫૦ ગ્રામ લીલી હળદર, કાળી તુલસીનાં પાન ૧૦, બિલિપત્રનાં પાન ૩૦ને વાટી ૧ ગ્લાસ પાણીમાં રાત્રે ભીંજાવી, સવારે ખૂબ મસળી, કપડાંથી ગાળી, સવારે નરણે કોઠે પીવું, આ પાણી પીધા પછી એક કલાક સુધી કંઈ પણ ખાવું પીવું નહિ. ૨૧ દિવસ આ પ્રમાણે લેવાથી ડાયાબિટીસ ચોક્કસ મટે છે.

**રતવા**

★ શેકેલા જવનો લોટ અને જેઠીમધનું ચૂર્ણ ધોયેલા ઘીમાં મેળવી લેપ કરવાથી રતવા મટે છે.

★ ઠંડા પાણીમાં ચીકણી સોપારી ઘસી લેપ કરવાથી રતવા મટે છે.

★ નાગોરનાં પાન વાટી લેપ કરવાથી રતવા મટે છે.

★ કમરકાકડીનું ચૂર્ણ બનાવી દૂધમાં નાખી ખીર જેવું બનાવી ખાવાથી રતવા મટે છે. ■

# તમારા માટે શું યોગ્ય છે ફૅમિલી ફ્લોટર કે ઈન્ડિવિજ્યુઅલ હેલ્થ ઈન્સ્યોરન્સ?

વીમા સુરક્ષાકવચ
નિશા સંઘવી
feedback@bombaysamachar.com

ઘર માટે હેલ્થ ઇન્સ્યોરન્સ પૉલિસી ખરીદવા જાવ ત્યારે સૌથી પહેલો સવાલ થાય છે - દરેક સભ્ય માટે અલગ પૉલિસી લેવી (ઇન્ડિવિજ્યુઅલ) કે આખા પરિવાર માટે એક જ પૉલિસી (ફૅમિલી ફ્લોટર) લેવી? બંનેના પોતાના ફાયદા અને મર્યાદાઓ છે અને સાચો નિર્ણય તમારા પરિવારની ઉંમર, તબિયત અને જરૂરિયાત પર આધાર રાખે છે.

**ઇન્ડિવિજ્યુઅલ હેલ્થ ઇન્સ્યોરન્સ એટલે શું?**

ઇન્ડિવિજ્યુઅલ પૉલિસીમાં પરિવારના દરેક સભ્ય માટે અલગ-અલગ સમ ઇન્સ્યોર્ડ (કવર રકમ) નક્કી થાય છે. ધારો કે તમે પતિ, પત્ની અને બે બાળક માટે દરેકનું પાંચ લાખ રૂપિયાનું અલગ કવર લો તો કુલ ૨૦ લાખ રૂપિયાનું કવર થયું, પણ દરેક વ્યક્તિનું પાંચ લાખ સ્વતંત્ર છે. એક સભ્યની બીમારીની અસર બીજા સભ્યના કવર પર નથી પડતી.

**ફૅમિલી ફ્લોટર પૉલિસી એટલે શું?**

ફૅમિલી ફ્લોટરમાં આખા પરિવાર માટે એક જ સમ ઇન્સ્યોર્ડ હોય છે જે બધા સભ્યો વચ્ચે શેર થાય છે. ધારો કે તમે ૨૦ લાખ રૂપિયાનો ફૅમિલી ફ્લોટર લો તો આ ૨૦ લાખ પતિ, પત્ની અને બંને બાળક - ચારેય જણ વચ્ચે વહેંચાયેલા છે. જો વર્ષ દરમિયાન કોઈ એક સભ્યને મોટી બીમારી થાય અને ૧૫ લાખનો ખર્ચ થાય તો બાકીના ત્રણ સભ્યો માટે એ જ વર્ષે ફક્ત પાંચ લાખ જ કવર બચે છે. આ વાત ઉદાહરણથી સમજીએ

ધારો કે રમેશભાઈની ઉંમર ૪૦ વર્ષ, પત્ની ૩૮ વર્ષ અને બે બાળક ૧૦ અને ૧૨ વર્ષનાં છે. જો તે ૨૦ લાખ રૂપિયાનો ફૅમિલી ફ્લોટર લે તો પ્રીમિયમ અંદાજે ૧૮,૦૦૦-૨૦,૦૦૦ રૂપિયા વાર્ષિક આવી શકે, પણ જો દરેક સભ્ય માટે અલગ પાંચ લાખનું ઇન્ડિવિજ્યુઅલ કવર લે (કુલ ૨૦ લાખ) તો પ્રીમિયમ ૨૮,૦૦૦-૩૦,૦૦૦ રૂપિયા સુધી જઈ શકે, કારણ કે ચાર અલગ પૉલિસી પર દરેકનું અલગ રિસ્ક એસેસમેન્ટ થાય છે.

હવે ધારો કે રમેશભાઈના ૬૫ વર્ષનાં માતા-પિતા પણ પરિવારમાં સામેલ કરવાં હોય. ફૅમિલી ફ્લોટરમાં પ્રીમિયમ સૌથી મોટી ઉંમરના સભ્ય (એટલે કે માતા-પિતા) પ્રમાણે નક્કી થાય છે એટલે આખા પરિવારનું પ્રીમિયમ ખૂબ વધી જાય છે.

આવા કિસ્સામાં માતા-પિતા માટે અલગ ઇન્ડિવિજ્યુઅલ પૉલિસી અને બાકીના યુવાન સભ્યો માટે ફૅમિલી ફ્લોટર - આ કૉમ્બિનેશન વધુ ફાયદાકારક રહે છે.

**કયું પસંદ કરવું?**

ફૅમિલી ફ્લોટર ક્યારે યોગ્યઃ યુવાન દંપતી અને નાના બાળક હોય, પરિવારમાં કોઈને ગંભીર બીમારીનો ઇતિહાસ ન હોય અને પ્રીમિયમ ઓછું રાખવું હોય ત્યારે ફ્લોટર સારો વિકલ્પ છે. મૅનેજ કરવામાં પણ સહેલી છે - એક જ પૉલિસી, એક જ રિન્યુઅલ ડેટ.

**ઇન્ડિવિજ્યુઅલ ક્યારે યોગ્ય?**

ઘરમાં સિનિયર સિટિઝન હોય, કોઈ સભ્યને પહેલેથી બીમારી હોય (પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ) અથવા તમે ઇચ્છતા હો કે એક સભ્યની બીમારીથી બીજા સભ્યનું કવર ઘટે નહીં, ત્યારે ઇન્ડિવિજ્યુઅલ પૉલિસી વધુ સલામત છે.

**બીજી અગત્યની આ કેટલીક વાત પણ જાણી લો, જેમકે..**

ફૅમિલી ફ્લોટર પૉલિસીમાં જ્યારે બાળક પૉલિસીના નિયમ પ્રમાણે નક્કી ઉંમર (સામાન્ય રીતે ૧૮ કે ૨૧ વર્ષ) વટાવે ત્યારે તેને પરિવારના ફ્લોટરમાંથી બહાર નીકળીને પોતાની અલગ પૉલિસી લેવી પડે છે અને એ સમયે નવેસરથી મેડિકલ અંડરરાઇટિંગ થઈ શકે છે. જો એ સમય સુધીમાં બાળકને કોઈ સ્વાસ્થ્ય સમસ્યા વિકસી હોય તો નવી પોલિસી લેવામાં મુશ્કેલી પડી શકે છે અથવા વધારે પ્રીમિયમ ભરવું પડી શકે છે. આ મુદ્દો ઘણા વાલીઓ ધ્યાનમાં નથી લેતા.

બીજી અગત્યની વાત - કેટલીક ફૅમિલી ફ્લોટર પૉલિસીમાં 'રિસ્ટોરેશન બેનિફિટ' મળે છે. આમાં જો વર્ષ દરમિયાન સમ ઇન્સ્યોર્ડ સંપૂર્ણ કે અમુક ભાગ વપરાઈ જાય તો ઇન્સ્યોરન્સ કંપની અમુક શરતોને આધીન કવર આપોઆપ ફરીથી રિસ્ટોર કરી આપે છે. આવો બેનિફિટ પૉલિસીમાં હોય તો ફ્લોટરની સૌથી મોટી મર્યાદા - એટલે કે એક સભ્યની બીમારીથી બાકીના સભ્યોનું કવર ખતમ થઈ જવું - ઘણી હદે ઓછી થઈ જાય છે. પૉલિસી પસંદ કરતી વખતે આ ફીચર છે કે નહીં અને એની શરતો શું છે એ ચોક્કસ ચેક કરવું જોઈએ.

વચ્ચેનો રસ્તો શું ?

ઘણા નિષ્ણાતો સૂચવે છે કે ફૅમિલી ફ્લોટર લીધા પછી તેની ઉપર સુપર ટૉપ-અપ પ્લાન ઉમેરવો, જેથી ઓછા પ્રીમિયમમાં વધારે કવર મળે અને એક સભ્યની મોટી બીમારીથી આખા પરિવારનું કવર ખતમ ન થાય. આ રીતે ફ્લોટરના સસ્તા પ્રીમિયમનો ફાયદો પણ મળે અને સુરક્ષા પણ વધે.

**નિષ્કર્ષ**

ફૅમિલી ફ્લોટર કે ઇન્ડિવિજ્યુઅલ - બેમાંથી કોઈ એક સાચો જવાબ નથી. તમારા પરિવારની ઉંમર, સભ્યોની તબિયત અને બજેટ પ્રમાણે નિર્ણય લેવો જોઈએ. દર વર્ષે પૉલિસી રિન્યુ કરતી વખતે એકવાર વિચારો કે પરિવારની જરૂરિયાત બદલાઈ છે કે નહીં અને જરૂર પડે તો કવરની રચના બદલવામાં અચકાશો નહીં. ■

# પ્રોટીન શરીર માટે જરૂરી છે, પણ કેટલા પ્રમાણમાં?

આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક
feedback@bombaysamachar.com

શરીર માટે પ્રોટીન કેટલું જરૂરી છે તે ડૉક્ટર્સથી લઈને જાહેરાતો સુધી બધે જ સાંભળવા મળે છે. કસરત કરવા જનારા લોકો પણ પ્રોટીનનો ઘણો ઉપયોગ કરતા હોય છે. આજકાલ સુપરસ્ટોરમાં ફરો તો એવું લાગે છે કે બધી જ વસ્તુ પ્રોટીનમય છે. પ્રોટીનવાળા સિરિયલ, પ્રોટીનવાળા પેનકેક, પ્રોટીન બાર્સ અને પ્રોટીન ચિપ્સ પણ! આ બધું જ 'પ્રોટીન મેક્સિંગ' નામના આહારના ટ્રેન્ડમાં બંધ બેસે છે. પ્રોટીન કોઈ પણ આહારનો મહત્ત્વપૂર્ણ હિસ્સો હોવા છતાં તેનું વધુ પ્રમાણમાં સેવન કરવું હંમેશા જરૂરી કે સ્વાસ્થ્યપ્રદ હોતું નથી.

## કેટલું પ્રોટીન વધુ પડતું ગણાય?

અમેરિકામાં જાહેર થયેલી ૨૦૨૫-૨૦૩૦ની આહાર સંબંધી માર્ગદર્શિકાની ભલામણ મુજબ પુખ્ત વયના લોકોએ દરરોજ શરીરના વજનના પ્રતિ કિલોગ્રામદીઠ ૧.૨થી ૧.૬ ગ્રામ પ્રોટીન લેવાનું લક્ષ્ય રાખવું જોઈએ. આપણી શારીરિક પ્રવૃત્તિ કેવી છે અને કેટલી ઉંમર છે તેના ઉપર આધાર રાખે છે કે આપણા શરીરને કેટલા પ્રોટીનની જરૂર છે. ઉદાહરણ તરીકે જે લોકો નિયમિતપણે અને સઘન કસરત કરે છે તેમને દૈનિક ધોરણે વધુ પ્રોટીનની જરૂર પડી શકે છે. તેવી જ રીતે વૃદ્ધો, ખાસ કરીને ૬૫ વર્ષની ઉંમર પછીના લોકોને પણ પ્રોટીનની વધુ જરૂર પડે છે.

નિષ્ણાતો અને કેટલાક અભ્યાસો મુજબ જો તમે શારીરિક રીતે સક્રિય વ્યક્તિ હો તો શરીરના વજનના પ્રતિ કિલોગ્રામદીઠ બે ગ્રામ સુધીનું પ્રોટીન લેવું સુરક્ષિત છે. જોકે તેનો અર્થ એ નથી કે જ્યારે તમે જમવા બેસો ત્યારે શક્ય તેટલું વધુ પ્રોટીન લેવાનો પ્રયાસ કરો, કારણ કે સ્નાયુઓના નિર્માણ માટે આપણું શરીર એક સમયે વધુમાં વધુ ૨૫થી ૩૫ ગ્રામ પ્રોટીનનો ઉપયોગ કરી શકે છે.



## જરૂર કરતાં વધુ પ્રોટીન લઈ રહ્યા છો તેના સંકેત?

જો તમે પ્રોટીનનું પ્રમાણ વધુ પડતું લઈ રહ્યા હો તો તમારું શરીર તમને તેનો સંકેત આપી શકે છે. ઉચ્ચ-પ્રોટીનયુક્ત આહારનું પ્રમાણ જરૂરિયાત કરતાં વધી રહ્યું છે તે દર્શાવતા સંકેતોમાં પાચન સંબંધી સમસ્યાઓઃ વધુ પ્રોટીનવાળો આહાર કબજિયાતનું કારણ બની શકે છે, ખાસ કરીને ત્યારે જ્યારે પ્રોટીનયુક્ત ખોરાક ફળો, શાકભાજી, કઠોળ અને આખા અનાજ જેવા ફાઇબરયુક્ત ખોરાકનું સ્થાન લે છે.

**ડિહાઇડ્રેશન (નિર્જલીકરણ):** પ્રોટીનનું વધુ માત્રામાં પાચન કે પ્રક્રિયા કરવાથી શરીરમાં પાણીની અછત (નિર્જલીકરણ) થઈ શકે છે. તેનું કારણ એ છે કે આટલા બધા પ્રોટીનના વિઘટનથી ઉત્પન્ન થતા નકામા પદાર્થોને બહાર કાઢવા માટે તમારું શરીર વધુ પાણી પેશાબ વાટે બહાર કાઢે છે.

**શ્વાસની દુર્ગંધઃ** ખૂબ વધુ પ્રોટીનવાળો આહાર, ખાસ કરીને એવો આહાર જેમાં કાર્બોહાઇડ્રેટ્સનું પ્રમાણ પણ ખૂબ ઓછું હોય, ક્યારેક શ્વાસમાં દુર્ગંધ પેદા કરી શકે છે. આ આડઅસરને ઘણીવાર 'કીટો બ્રેથ' (keto breath) કહેવામાં આવે છે.

**વજન વધવું અથવા વજન ઘટવાની પ્રક્રિયા અટકી જવીઃ** પ્રોટીનમાં પણ કૅલરી હોય છેઃ પ્રતિ ગ્રામ લગભગ ૪ કૅલરી. જો વધારાના પ્રોટીનને કારણે તમારી કુલ કૅલરીની માત્રા તમારી જરૂરિયાત કરતાં વધી જાય તો તેનાથી વજન વધી શકે છે અથવા વજન ઘટાડવું મુશ્કેલ બની શકે છે.

## અતિશય પ્રોટીન લેવાની (પ્રોટીન મેક્સિંગના) આડઅસર

નિયમિતપણે ખૂબ વધારે પ્રમાણમાં પ્રોટીન લેવાથી આરોગ્યને લગતાં જોખમો ઊભાં થઈ શકે છે, ખાસ કરીને જો તે મુખ્યત્વે પ્રાણી-આધારિત ખોરાક અથવા પોષક પૂરક આહાર (સપ્લિમેન્ટ્સ) દ્વારા લેવામાં આવતું હોય.

જ્યારે તમારું શરીર પ્રોટીનનું વિઘટન કરે છે ત્યારે ઉત્પન્ન થતા નકામા પદાર્થોને દૂર કરવામાં તમારી કિડની મદદ કરે છે. જો તમે સતત તમારા શરીરની જરૂરિયાત કરતાં વધુ પ્રોટીનનું સેવન કરતા રહો તો તેનાથી તમારી કિડની પર દબાણ આવી શકે છે અથવા તેને નુકસાન પણ થઈ શકે છે. પ્રાણીજન્ય પ્રોટીનનું ખૂબ ઊંચું પ્રમાણ ધરાવતો આહાર કેટલાક લોકોમાં મૂત્રપથરી (કિડની સ્ટોન્સ) થવાની શક્યતા વધારી શકે છે. પ્રોટીન શેક્સ, માંસાહારી પદાર્થો કે અન્ય ઉચ્ચ પ્રોટીનયુક્ત ખોરાક પર વધુ ધ્યાન આપવાથી વનસ્પતિ-આધારિત ખોરાક પરથી તમારું ધ્યાન ઘટી શકે શકે છે. આવી સ્થિતિમાં તમારા શરીરને જરૂરી એવા ફાઇબર, વિટામિન્સ અને અન્ય પોષક તત્ત્વો તમને કદાચ પૂરતા પ્રમાણમાં ન મળે. પ્રોટીન મેળવવા માટે પ્રોટીન રેડ મીટ અથવા પ્રોસેસ્ડ મીટ પર વધારે પડતો આધાર હૃદય માટે ચિંતાનો વિષય છે, કેમ કે તેમાં સંતૃપ્ત ચરબી (saturated fat)નું પ્રમાણ ઊંચું હોય છે, જેનાથી હૃદયરોગનું જોખમ વધે છે.

**પ્રોટીનનું પ્રમાણ કેવી રીતે નિયંત્રણમાં રાખવું?**

માત્ર પ્રોટીન પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે તમારા ખોરાકમાંથી અન્ય પોષક તત્ત્વો બાકાત ન રહી જાય તેનું ધ્યાન રાખો. વિવિધતાપૂર્ણ આહાર ફાઇબર, વિટામિન્સ, ખનિજો, ઍન્ટિઑક્સિડન્ટ્સ અને અન્ય એવાં પોષક તત્ત્વો પૂરાં પાડે છે જે માત્ર પ્રોટીનથી મળી શકતાં નથી. કઠોળ, નટ્સ (સૂકા મેવા), બીજ અને અન્ય વનસ્પતિ-આધારિત ખોરાક પ્રોટીનનું પ્રમાણ વધારી શકે છે અને સાથે જ ફાઇબર તથા અન્ય એવાં પોષક તત્ત્વો પૂરાં પાડે છે જે પ્રાણીજન્ય ઉત્પાદનોમાં જોવા મળતાં નથી. આ ઉપરાંત વનસ્પતિ-આધારિત પ્રોટીનનું વધુ સેવન કરવાથી ડાયાબિટઝ, હૃદયરોગ અને સ્થૂળતા જેવા દીર્ઘકાલીન રોગોનું જોખમ ઘટાડી શકાય છે.

ઘણા લોકો મોટા ભાગનું પ્રોટીન રાતના ભોજનમાં લેતા હોય છે, તેના બદલે દિવસના દરેક ભોજનમાં થોડું પ્રોટીન સામેલ કરવાનો પ્રયાસ કરો. સવારના નાસ્તા અને બપોરના ભોજનમાં પ્રોટીનનો સમાવેશ કરીને તમારા આહારને સંતુલિત કરો. અને હા, પ્રોટીન પાવડરનો ઉપયોગ સમજી વિચારીને કરવો, જરૂર પડે તો તબીબની સલાહ લઈને કરવો.

વાતનો સાર એ છે કે યાદ રાખો કે ભલે તમારા આહારમાં પ્રોટીન મહત્ત્વપૂર્ણ હોય, પરંતુ પ્રોટીનનું પ્રમાણ અતિશય વધારીને (પ્રોટીન મેક્સિંગ દ્વારા) આંકડા ઊંચા લઈ જવામાં કોઈ ઇનામ મળતું નથી. તમારા પ્રોટીનના નિર્ધારિત લક્ષ્યાંકને પ્રાપ્ત કરવાથી જ સંતોષ માનો. ■

# માત્ર જંક ફૂડ જ નહીં, પણ...

ફોકસ
રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

સવારના છ વાગ્યાનો સમય છે. એલાર્મ વાગતાંની સાથે જ તમે ઊઠો છો. નવશેકું પાણી પીઓ છો. સ્પોર્ટ્સ શૂઝ પહેરો છો અને પાર્ક તરફ નીકળી પડો છો. થોડા કિલોમીટરનું રનિંગ, થોડી સ્ટ્રેચિંગ અને પછી ઘરે પાછા ફરીને પ્રોટીનથી ભરપૂર નાસ્તો- તમારી નજરમાં ફિટનેસની આનાથી ઉત્તમ શરૂઆત બીજી શું હોઈ શકે? પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આ જ ફિટનેસ રૂટિન વચ્ચે એક ખૂબ જ નાનો જીવ તમારી આખી મહેનત પર પાણી ફેરવી શકે છે? હા, મચ્છર!



ફિટનેસની દુનિયામાં આપણે સામાન્ય રીતે સ્થૂળતા, બીપી, જંક ફૂડ, ઊંઘનો અભાવ અને શારીરિક નિષ્ક્રિયતાને સ્વાસ્થ્યના દુશ્મન માનીએ છીએ, પરંતુ મચ્છરોને લઈને આપણી ચિંતા ત્યારે જ જાગે છે જ્યારે ડેન્ગ્યૂના કેસ સામે આવવા લાગે છે. સત્ય એ છે કે મચ્છરજન્ય ઇન્ફેક્શન પણ આપણી ફિટનેસ, સક્રિયતા અને રોજિંદા જીવનને ખરાબ રીતે પ્રભાવિત કરી શકે છે.

**ફિટ શરીર પણ ચેપથી નથી બચતું**

કસરત કરવાથી શરીર મજબૂત થાય છે. રોગપ્રતિકારક શક્તિ અને શારીરિક ક્ષમતા જાળવી રાખવામાં મદદ મળે છે. પરંતુ એનો અર્થ એ નથી કે નિયમિત એક્સરસાઇઝ કરનાર વ્યક્તિ ચેપથી સુરક્ષિત થઈ જાય છે. મચ્છરજન્ય બીમારીઓ આનું ઉત્તમ ઉદાહરણ છે. ડેન્ગ્યૂ, મલેરિયા, ચિકનગુનિયા અને અન્ય કેટલાક રોગો શરીરને ઘણા સ્તરે પ્રભાવિત કરી શકે છે. તાવ, નબળાઈ, શરીરમાં દુખાવો, માથાનો દુખાવો અને થાક જેવી સમસ્યાઓ વ્યક્તિને થોડા દિવસો માટે તેની સામાન્ય પ્રવૃત્તિઓથી દૂર કરી શકે છે. કેટલાક ચેપ પછી, કસરતની દિનચર્યામાં પાછા ફરવામાં પણ સમય લાગી શકે છે. કહેવાનો અર્થ એ છે કે તમે મહિનાઓ સુધી સ્ટેમિના બનાવવા માટે મહેનત કરો અને એક ચેપ અચાનક તમારી રનિંગ, જિમ, યોગ કે રમતગમત બધું જ અટકાવી દે છે.

**ફિટનેસનો અર્થ માત્ર મસલ્સ નથી**

ફિટનેસને જો આપણે માત્ર વજન, કમરના માપ, મસલ્સ કે સ્ટેમિના સાથે જ જોડીશું તો ચિત્ર અધૂરું રહેશે. વાસ્તવિક ફિટનેસમાં શરીરને બીમારીઓથી બચાવવાની ટેવો પણ સામેલ છે. આ જ કારણ છે કે મચ્છરોથી બચવાને પણ રોજિંદા હેલ્થ રૂટીનનો એક ભાગ સમજવો જોઈએ. જેવી રીતે આપણે કસરત માટે સમય કાઢીએ છીએ, તેવી જ રીતે ઘરની આસપાસ પાણી એકઠું ન થવા દેવા માટે પણ થોડી મિનિટ કાઢી શકીએ છીએ. જેવી રીતે આપણે બહાર નીકળતી વખતે તડકાથી બચવાના ઉપાયો કરીએ છીએ, તેવી જ રીતે મચ્છરોથી બચવા માટે યોગ્ય કપડાંનો ઉપયોગ કરી શકીએ છીએ. આ નાની સરખી સાવચેતી તમને કોઈ મોટી મુશ્કેલીમાંથી બચાવી શકે છે.

**આઉટડોર ફિટનેસવાળા રહે સાવધાન**

ફિટનેસનો ટ્રેન્ડ હવે ઘર કે જિમ સુધી સીમિત નથી રહ્યો. લોકો પાર્કમાં રનિંગ કરે છે, સાઇકલ ચલાવે છે, ખુલ્લાં મેદાનોમાં યોગ કરે છે અને સાંજે ચાલવા નીકળે છે. આ સારી ટેવ છે, પરંતુ વરસાદ અને ભેજવાળા ગરમ વાતાવરણમાં આઉટડોર પ્રવૃત્તિઓ દરમિયાન મચ્છરોથી બચવા પર પણ ધ્યાન આપવું જોઈએ. ખાસ કરીને એવી જગ્યાઓ પર જ્યાં આસપાસ પાણી એકઠું થયેલું હોય, ઘાટી ઝાડીઓ હોય કે લાંબા સમયથી સફાઈ ન થઈ હોય. આનો અર્થ એ બિલકુલ નથી કે મચ્છરોના ડરથી આઉટડોર એક્સરસાઈઝ છોડી દેવી. જરૂરિયાત બસ એટલી છે કે ફિટનેસ અને સાવચેતી સાથે ચાલે.

**ઘર પણ બને ફિટનેસ ઝોન**

મચ્છરોથી બચવાની સૌથી મહત્ત્વપૂર્ણ શરૂઆત ઘરથી થાય છે. કુંડાંની નીચે મૂકેલી ટ્રે, કૂલર, ખુલ્લા કન્ટેનર, જૂના ટાયર, છત પર પડેલાં વાસણો કે એવી કોઈ પણ જગ્યા જ્યાં પાણી ઘણા દિવસો સુધી એકઠું રહી શકે છે, તે મચ્છરો માટે પ્રજનન સ્થળ બની શકે છે. તેથી સપ્તાહમાં એક દિવસ ઘરની આસપાસ પમચ્છર ચેક' કરવું એ એક ઉપયોગી ટેવ બની શકે છે. જ્યાં પાણી એકઠું થયેલું છે તેને ખાલી કરો, વાસણોને સાફ કરો અને પાણીની ટાંકી ઢાંકીને રાખો. આ કામ કોઈ મોટા અભિયાન જેવું નથી, માત્ર થોડી મિનિટોની સાવચેતી ખૂબ મોટો તફાવત લાવી શકે છે.

**હેલ્થ ઈન્વેસ્ટમેન્ટ છે મચ્છરોથી બચાવ**

આપણે ફિટનેસ માટે જિમની ફી આપીએ છીએ, સારા શૂઝ ખરીદીએ છીએ, પૌષ્ટિક ખોરાક પર ખર્ચ કરીએ છીએ અને ફિટનેસ ટ્રેકરનો પણ ઉપયોગ કરીએ છીએ. પરંતુ રોગ નિવારણ પર ઘણીવાર ખૂબ ઓછું ધ્યાન આપીએ છે. વાસ્તવમાં, સ્વાસ્થ્યમાં સૌથી સમજદારીભર્યું રોકાણ એ જ છે જે બીમારી આવ્યા પહેલા કરવામાં આવે. મચ્છરોથી બચાવ આ જ વિચારસરણીનો એક ભાગ છે. એક મચ્છરને મારી નાખવો એ કોઈ મોટી સિદ્ધિ નથી લાગતી, પરંતુ મચ્છરોના પ્રજનનને રોકવું એ જાહેર આરોગ્યની દ્રષ્ટિએ વધુ મહત્ત્વપૂર્ણ છે. તેથી માત્ર પોતાના શરીરની ફિટનેસ જ નહીં, પણ પોતાની આસપાસના વાતાવરણની સ્વચ્છતા પણ આપણી જ જવાબદારી છે.

**વિશ્વ મચ્છર દિવસનો સંદેશ**

૨૦ ઓગસ્ટે ઉજવવામાં આવતો પવિશ્વ મચ્છર દિવસ' સર રોનાલ્ડ રોસની એ ઐતિહાસિક શોધની યાદ અપાવે છે જેણે મલેરિયા અને મચ્છરો વચ્ચેના સંબંધને સમજવામાં વિજ્ઞાનને નિર્ણાયક દિશા આપી. પરંતુ આજે આ દિવસનું મહત્ત્વ માત્ર ઇતિહાસ યાદ કરવા પૂરતું સીમિત નથી. તે આપણને યાદ અપાવે છે કે સ્વાસ્થ્યની લડાઈ અનેક મોરચે લડવામાં આવે છે. યોગ્ય ખોરાક, પૂરતી ઊંઘ, નિયમિત કસરત અને તણાવ પર નિયંત્રણ જરૂરી છે, પરંતુ ઇન્ફેક્શનથી બચાવ પણ એટલો જ મહત્ત્વપૂર્ણ છે. તેથી બીજી વાર જ્યારે તમે તમારી ફિટનેસ લિસ્ટ બનાવો, ત્યારે તેમાં માત્ર પ૩૦ મિનિટ રનિંગ', પ૧૦ હજાર કદમ' કે પઓછી ખાંડ' એટલું જ ન લખો. તેમાં વધુ એક પૉઇન્ટ ઉમેરજો- પમચ્છર નિવારણ, કારણ કે ફિટનેસનો સાચો અર્થ માત્ર મજબૂત શરીર બનાવવું નથી, પરંતુ એ શરીરને બિનજરૂરી બીમારીઓથી સુરક્ષિત રાખવું પણ છે. ■

# ટાઇફોઇડ...

આરોગ્ય પ્લસ
સંકલનઃ
સ્મૃતિ શાહ મહેતા
feedback@bombaysamachar.com

**ટાઇફોઇડના લક્ષણઃ**

- શરૂઆતમાં શરીર તૂટે, માથું દુઃખે, કબજિયાત અને બેચેની જણાય. આ તાવમાં વાયું અને કફની પ્રધાનતા સાથે પિત્ત પણ હોય છે.

- ઠંડીને લઇને ધ્રૂજારી, ઝાડા, ઊલટી, માથાનો અસહ્ય દુઃખાવો વર્તાય.

- પેટ પર દબાવવાથી ત્યાં દુઃખાવો થાય અને વિશેષ કરીને જમણી બાજુ પેઢુના ભાગમાં દર્દ અધિક થાય.

ભૂખ બિલકુલ મરી જાય, અનિદ્રામાં વધારો અને તેથી સુસ્તી વર્તાય આ તાવ લાંબો સમય ચાલી શકે છે.

**ટાઇફોઇડ થવાનાં કારણઃ**

આ તાવ સાલ્મોનેલા ટાઇફી (Salmonella Typhi) નામના બેકટેરિયાથી થાય છે.

- ઉપર જણાવેલ બેકટેરિયાયુક્ત દૂષિત પાણી, દૂધ કે અન્ય ખોરાક લેવાથી આ તાવ આવી શકે છે.



**ટાઇફોઇડમાં આહાર સંબંધી વિવેકઃ**

- આ બધાની શરૂઆતમાં ૧થી ૨ દિવસ માત્ર ગરમ પાણી ઉપર રહી ઉપવાસ કરવા શ્રેષ્ઠ છે.

- ત્યારબાદ ધીરે-ધીરે હલકો અને પ્રવાહી ખોરાક લેવો. જેથી આંતરડાને આરામ મળે, શક્ય હોય તેટલા પ્રવાહી વધુ લેવા.

- ફ્રૂટ જયુસ, મગનું ઓસામણ, સુપ, નાળિયેરનું પાણી વગેરે લઇ શકાય.

આ રોગમાં ઝાડા કે મરડો થવાની વધુ સંભાવના હોવાથી વધારે રેસાવાળો તથા મસાલેદાર આહાર ન લેવો.

દહીં અને છાશ લઇ શકાય, પરંતુ દૂધનો ત્યાગ રાખવો.

તાવમાંથી રાહત થયા બાદ ધીરે ધીરે દહીં ભાત જેવો હળવો ખોરાક લેવાનું શરૂ કરવું.

**સાવધાની...**

- દર્દીએ ખાસ સંપૂર્ણ આરામ કરવો. ભૂલથીય કોઇ પણ શારીરિક કે માનસિક શ્રમ કરવો નહીં.

- દર્દી વધુ ને વધુ આનંદમાં રહે તેવું વાતાવરણ રાખવું.

- દર્દીએ સંડાસ ગયા પછી વ્યવસ્થિત રીતે હાથ-પગ ધોવા. નહિતર આ રોગમાં દર્દીનો ચેપ અન્ય લોકોમાં ફેલાવાની ખૂબ જ સંભાવના હોય છે.

- દર્દીની પથારી, ચાદર, કપડાં તથા તેની દરેક વસ્તુઓ યોગ્ય રીતે સાફ કરી, જંતુરહિત કરી, અલગ રાખવી.

- ઘરના સભ્યોએ ખાદ્યપદાર્થો સંપૂર્ણ જંતુરહિત રહે તેની ખાસ સાવધાની રાખવી.

- દર્દીની સંભાળ રાખનાર વ્યક્તિને તે દર્દીનો ચેપ ન લાગે તેની ખાસ સાવધાની રાખવી. જેમ કે, દર્દીનો સ્પર્શ કર્યા બાદ તુરંત જ હાથ વ્યવસ્થિત ધોઇ નાખવા.

- રસોઇ કરનાર વ્યક્તિને ટાઇફોઇડ થયો હોય તો સંપૂર્ણ સારવાર થયા બાદ ચિકિત્સકની સલાહ બાદ જ રસોડામાં જવું. જેથી અન્ય લોકોને આહાર દ્વારા તેનો ચેપ ન લાગે.

**ટાઇફોઇડના ઉપચાર...**

માથા પર વારંવાર મીઠાવાળા ઠંડા પાણીનાં પોતા મૂકવા, જરૂરિયાત મુજબ વારંવાર ફળોનો રસ પીવો.

૧૦ ગ્રામ તુલસીનો રસ અને ૨ ગ્રામ મરીના ચૂર્ણને ૨ ચમચી મધમાં મેળવીને લેવું.

૫૦૦ મિ. લી. પાણીમાં ૮થી ૯ લવિંગ ઉમેરીને પાણી અડધું રહે ત્યાં સુધી ઉકાળવું પછી ગાળીને દિવસ દરમિયાન તે પાણી પીવું.

દિવસમાં ૨થી ૩ મોસંબીનો રસ લેવો કે સફરજન ખાવું.

૧ કપ છાશમાં ૩ ચમચી કોથમીરનો રસ ઉમેરી દિવસમાં ૨થી ૩ વાર પીવો.

હૂંફાળા પાણીમાં અડધી ચમચી જીરુનો પાઉડર અને ૧ ચમચી મધ ઉમેરીને પીવું.

જો દર્દીને કબજિયાત રહેતો હોય તો તેને રોજે ૨-૩ અંજીર ખાવા રાત્રે ૧ ચમચી ઇસબગુલ પાણીમાં લેવું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**એશિયન ગેમ્સમાં ભારત માટે શુકનિયાળ સોમવાર**

# ૪ સિલ્વર, ૩ બ્રૉન્ઝ મેડલ મળ્યા

નાગોયા : જાપાનમાં ચાલી રહેલી એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનું પ્રભાવશાળી પ્રદર્શન યથાવત છે. ૨૮ સપ્ટેમ્બર સુધીમાં એશિયન ગેમ્સમાં ભારતે ૪ ગોલ્ડ, ૨૦ સિલ્વર અને ૨૧ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૪૫ મેડલ જીત્યા હતા. આ સાથે ભારત મેડલ ટેલીમાં ૧૨ ક્રમ પર છે. ચીન ૧૩૦ ગોલ્ડ, ૫૩ સિલ્વર અને ૪૫ બ્રોન્ઝ સહિત કુલ ૨૨૮ મેડલ સાથે ટોચ પર છે.

ભારત તરફથી પુરુષોમાં ભાલાફેંકમાં યશવીરે ૮૫.૭૨ મીટરના થ્રો સાથે સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે રોહિત યાદવે ૮૪.૩૫ મીટરના થ્રો સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. યુવા શૂટર ઈશા સિંહ, દોડવીર ગુલવીર સિંહ અને લાંબી કૂદના ખેલાડી મુરલી શ્રીશંકરે સોમવારે એશિયન ગેમ્સમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યા હતા. ભારતીય મહિલા શૂટર ઈશા સિંહ સોમવારે એશિયન ગેમ્સમાં મહિલા ૨૫ મીટર પિસ્તોલ વ્યક્તિગત ઇવેન્ટમાં એક ખોટા શોટ મારવાને કારણે ગોલ્ડ મેડલથી ચૂકી ગઈ હતી પરંતુ પીડા, થાક અને દબાણ વચ્ચે પાંચ રાઉન્ડના રોમાંચક શૂટ-ઓફ પછી સિલ્વર મેડલ મેળવવામાં સફળ રહી હતી. જ્યારે વિથ્યા રામરાજે મહિલાઓની ૪૦૦ મીટર હર્ડલ્સમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જેમાં પી.ટી. ઉષાનો ચાર દાયકાથી વધુ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો હતો. રામરાજે ૫૪.૭૫ સેકન્ડનો સમય લઈને ઉષાનો ૧૯૮૪ના લોસ એન્જલસ ઓલિમ્પિકમાં સ્થાપિત ૫૫.૪૨ સેકન્ડનો રેકોર્ડ તોડ્યો હતો. તે સિવાય લાંબા અંતરની દોડવીર પારુલ ચૌધરી પોતાના ગોલ્ડ મેડલનો બચાવ કરી શકી ન હતી, પરંતુ મહિલાઓની ૫૦૦૦ મીટર દોડની ફાઇનલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૩૧ વર્ષીય પારુલ ૧૫ મિનિટ ૧૪.૬૧ સેકન્ડનો સમય સાથે ત્રીજા સ્થાને રહી હતી. બહેરીનની વિનફ્રેડ યાવીએ ૧૫ મિનિટ ૧૦.૧૮ સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો, જ્યારે જાપાનની નોઝોમી તનાકાએ ૧૫ મિનિટ ૧૧.૬૫ સેકન્ડના સમય સાથે સિલ્વર મેડલ જીત્યો. ચાલુ એશિયન ગેમ્સમાં પારુલનો આ બીજો મેડલ છે, તેણે ૨૦૨૩માં હાંગઝોઉમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. તેણે રવિવારે મહિલાઓની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મહિલાઓની ૧૦,૦૦૦ મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ જીતનાર સીમા ૧૫ મિનિટ ૧૫ સેકન્ડના સમય સાથે છઠ્ઠા સ્થાને રહી હતી. ■

## શૂટર ઈશા સિંહે જીત્યો સિલ્વર મેડલ, ખાલી હાથે પરત ફરશે મનુ ભાકર

ભારતીય મહિલા શૂટર ઇશા સિંહ સોમવારે એશિયન ગેમ્સમાં મહિલા ૨૫ મીટર પિસ્તોલ વ્યક્તિગત ઇવેન્ટમાં એક ખોટા શોટ મારવાને કારણે ગોલ્ડ મેડલથી ચૂકી ગઈ હતી પરંતુ પીડા, થાક અને દબાણ વચ્ચે પાંચ રાઉન્ડના રોમાંચક શૂટ-ઓફ પછી સિલ્વર મેડલ મેળવવામાં સફળ રહી હતી. હૈદરાબાદની ૨૧ વર્ષીય ઇશા આ શ્રેણીમાં વર્તમાન વર્લ્ડ નંબર વન છે. તેણીએ વિયેતનામની ટી થૂ વિન્હ સામે ત્રણ શૂટ-ઓફ જીત્યા અને સિલ્વર મેડલની રેસમાં રહી હતી. ત્યારબાદ તેણીએ ગોલ્ડ મેડલ મેચમાં ચીનની ઝિયાઓ જિયારુઇશુઆન સાથે વધુ બે શૂટ-ઓફનો સામનો કર્યો હતો. નિર્ધારિત સિરીઝ પછી બંનેના ૩૮-૩૮ પોઈન્ટ હતા, પરંતુ ઇશા અંતિમ શોટ ચૂકી ગઈ અને તેને બીજા સ્થાન પર સંતોષ માનવો પડ્યો. આ પહેલા બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા મનુ ભાકર આ ઇવેન્ટના ફાઇનલમાં પહોંચવામાં નિષ્ફળ રહ્યા બાદ એશિયન ગેમ્સમાંથી મેડલ વિના પરત ફરશે. ■

## ભારતની પુરુષ અને મહિલા સ્ક્વોશ ટીમ ક્વાર્ટર ફાઈનલમાં

ભારતીય પુરુષ અને મહિલા ટીમો સોમવારે એશિયન ગેમ્સ સ્ક્વોશ સ્પર્ધાના ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. ત્રીજા ક્રમની ભારતીય મહિલા ટીમે જાપાનને એક મેચમાં ૨-૧થી હરાવ્યું હતું. ભારતની ટોચની ખેલાડી અનાહત સિંહને વિશ્વની છઠ્ઠા ક્રમની ખેલાડી સાતોમી વાતાનબે સામે પાંચ ગેમ સુધી ચાલેલી મેચમાં હારી ગઈ હતી. વિશ્વ રેન્કિંમાં ૧૭મા ક્રમાંકિત અનાહતે અગાઉ વ્યક્તિગત સેમિફાઇનલમાં સાતોમીને હરાવી હતી અને બાદમાં ઐતિહાસિક સિલ્વર મેડલ જીત્યો હતો.

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય પુરુષ ટીમે દક્ષિણ કોરિયાને ૩-૦ થી હરાવીને અંતિમ-૮માં પ્રવેશ મેળવ્યો હતો. શરૂઆતની સિંગલ્સ મેચમાં વેલાવન સેન્થિલકુમારે જુયોંગ નાને ૧૧-૬, ૧૧-૪, ૧૧-૭ થી હરાવ્યો હતો. ■

## જેવલીનમાં ડબલ ધમાકા



ભારતે ૨૦૨૬ એશિયન ગેમ્સમાં પુરુષોના ભાલા ફેંકમાં બે મેડલ જીત્યા હતા. યશવીર સિંહે વ્યક્તિગત સર્વશ્રેષ્ઠ પ્રદર્શન સાથે સિલ્વર મેડલ જીત્યો હતો જ્યારે રોહિત યાદવે બ્રોન્ઝ મેળવ્યો હતો. શ્રીલંકાના રૂમેશ પાથિરાગેએ ૮૮.૫૫ મીટરના શાનદાર થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. યશવીર સિંહે તેના અંતિમ પ્રયાસમાં ૮૫.૭૨ મીટરનો થ્રો કર્યો હતો. આ તેની કારકિર્દીનો વ્યક્તિગત શ્રેષ્ઠ છે. તેનો અગાઉનો વ્યક્તિગત શ્રેષ્ઠ ૮૫.૧૪ મીટર હતો. ■

## વિથ્યા રામરાજે રચ્યો ઈતિહાસ, બ્રોન્ઝ સાથે તોડ્યો પી.ટી. ઉષાનો ૪૦ વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ



નાગોથાઃ ભારતની વિથ્યા રામરાજે સોમવારે અહીં એશિયન ગેમ્સમાં મહિલાઓની ૪૦૦ મીટર હર્ડલ્સ (વિઘ્ન દોડ)માં ૫૪.૭૫ સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ પ્રદર્શન સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો અને ભારતની મહાન દોડવીર પી.ટી. ઉષાના ચાર દાયકાથી વધુ જૂના રાષ્ટ્રીય રેકોર્ડને તોડ્યો હતો. કોઈમ્બતૂરની ૨૮ વર્ષીય વિદ્યાએ સંયુક્ત આરબ અમીરાતની મરિયમ કરીમ અને કઝાકિસ્તાનની એડેલિના જેમ્સ પછી ત્રીજા સ્થાને રહી હતી. મરિયમે ૫૪.૩૧ સેકન્ડના ગેમ્સનો રેકોર્ડ સમય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો જ્યારે એડેલિનાએ ૫૪.૫૮ સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ સમય સાથે સિલ્વર મેડલ જીત્યો હતો.

વિથ્યાએ ૧૯૮૪ના લોસ એન્જલસ ઓલિમ્પિકમાં ઉષાના ૫૫.૪૨ સેકન્ડના રાષ્ટ્રીય રેકોર્ડને તોડી નાખ્યો હતો. ઉષા હાલમાં ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ છે અને એશિયન ગેમ્સ માટે જાપાનમાં છે. વર્તમાન એશિયન ગેમ્સમાં વિદ્યાનો આ બીજો મેડલ છે. તે ૪ બાય ૪૦૦ મીટર મિક્સ રિલે ઇવેન્ટમાં સિલ્વર મેડલ જીતનાર ભારતીય ટીમનો પણ ભાગ હતી. ભારતની અનુ રાઘવન ૫૫.૮૮ સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ સમય સાથે પાંચમા સ્થાને રહી હતી. ■

## મૅન્સ ટી-૨૦માં ભારત સીધું સેમિમાં પહોંચી ગયું: શ્રીલંકા અથવા નેપાળ સામે થશે મુકાબલો

### પાકિસ્તાન પણ પહોંચ્યું સેમિ ફાઈનલમાં, ભારત સામે ફાઈનલ રમાશે?

નિશીન (જાપાન): એશિયન ગેમ્સ ટી-૨૦ ટૂર્નામેન્ટમાં આજે અહીં ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે કવોર્ટર ફાઈનલ રમાવાની હતી, પરંતુ વરસાદને કારણે આ મેચ ન રમાઈ હોવાથી ભારતને સીધો સેમિ ફાઇનલમાં પ્રવેશ મળી ગયો છે. મહિલાઓની ટી-૨૦માં હરમનપ્રીત કૌરની કેપ્ટન્સીમાં ભારતીય ટીમે ગયા અઠવાડિયે જ દેશને ગોલ્ડ મેડલ અપાવી દીધો હતો.

ભારતીય ટીમમાં કોણ કોણ?

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય ટીમ માટે હવે ગોલ્ડ મેડલ માત્ર બે ડગલાં દૂર છે. શ્રેયસ ઐયરના નેતૃત્વ હેઠળની ટીમમાં સંજુ સેમસન (વિકેટકીપર), વૈભવ સૂર્યવંશી તેમ જ ઈશાન કિશન (વિકેટકીપર), તિલક, અભિષેક, અર્શદીપ, બુમરાહ, શિવમ દુબે, અક્ષર પટેલ, વિપ્રજ નિગમ, બિશ્નોઈ, વોશિંગ્ટન સુંદર અને યશ ઠાકુરનો સમાવેશ છે.

સેમિ ફાઈનલ ક્યારે કોની સામે?

ગુરુવાર, પહેલી ઑક્ટોબરે (સવારે ૧૦:૩૦ વાગ્યાથી) આ જ સ્થળે ભારતની સેમિ ફાઇનલ શ્રીલંકા અથવા નેપાળ સામે રમાશે. શ્રીલંકા અને નેપાળ વચ્ચે મંગળવારે કવોર્ટર ફાઇનલ રમાશે જેમાં જીતનાર ટીમ ભારત સામે સેમિમાં રમશે.

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ક્વોર્ટર ફાઈનલમાં ટોસ પણ નહોતો થઈ શક્યો. પિચ અને આઉટફીલ્ડ રમવાલાયક ન હોવાથી મેચ રદ જાહેર કરવામાં આવી હતી. આ ટૂર્નામેન્ટના નિયમ મુજબ રેન્કિંગને આધારે ભારતને સીધો સેમિ ફાઇનલમાં પ્રવેશ મળી ગયો હતો.

પહેલી ક્વોર્ટર ફાઈનલ આ જ સ્થળે પાકિસ્તાન અને હોંગ કોંગ વચ્ચે રમાવાની હતી, પણ ખૂબ વરસાદ પડ્યો હોવાથી આ મેચ પણ નહોતી રમાઈ. પાકિસ્તાનને સીધું સેમિ ફાઇનલમાં જવા મળી ગયું છે. બાંગ્લાદેશ અને મલયેશિયા વચ્ચે મંગળવારે કવોર્ટર ફાઇનલ રમાશે જેમાં જીતનાર ટીમ પાકિસ્તાન સામે સેમિ ફાઇનલમાં રમશે.

જો ભારત અને પાકિસ્તાન પોતપોતાની ફાઈનલ જીતી જશે તો શનિવારે ત્રીજી ઑક્ટોબરની ફાઇનલમાં બંને વચ્ચે ટક્કર થશે. ■

## લવલીના, પ્રિયા બૉક્સિંગ સેમિ ફાઈનલમાંઃ ત્રણ મેડલ પાક્કા

ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા લવલીના બોરગોહેન (૭૫ કિગ્રા), પ્રિયા ઘંઘાસ (૬૦ કિગ્રા) અને કપિલ પોખરિયા (૯૦ કિગ્રા) એ સોમવારે એશિયન ગેમ્સ બોક્સિંગ સ્પર્ધાની સેમિફાઇનલમાં પહોંચીને ભારત માટે ત્રણ મેડલ નિશ્ચિત કર્યા હતા. લવલીનાએ દક્ષિણ કોરિયાની સિયોંગ સુયોનને ક્વાર્ટર ફાઇનલમાં ૫-૦થી હરાવી હતી જ્યારે એશિયન ચેમ્પિયનશિપ ગોલ્ડ મેડલ વિજેતા અને કોમનવેલ્થ ગેમ્સ ચેમ્પિયન પ્રિયાએ ૬૦ કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં તાજિકિસ્તાનની મિઝગોના સામાદોવા સામે સર્વસંમતિથી નિર્ણય લઈને જીત મેળવી હતી. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં મેડલ જીતવામાં નિષ્ફળ રહેલા પોખરિયાએ પુરુષોના ૯૦ કિગ્રા ક્વાર્ટર ફાઇનલમાં દક્ષિણ કોરિયાની કિમ ગિયેને ૫-૦થી હરાવી હતી. આ ત્રણ ઉપરાંત પરવીન હુડા (૬૫ કિગ્રા), અંકુશ પંઘાલ (૮૦ કિગ્રા) અને નરેન્દ્ર બરવાલ (૯૦ કિગ્રાથી ઉપર) એ પણ ભારત માટે મેડલ નિશ્ચિત કર્યા છે. ટોક્યો ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા લવલીનાએ છેલ્લી એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ગયા મહિને કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીતનાર લવલીનાએ વર્લ્ડ ચેમ્પિયનશિપ, એશિયન ગેમ્સ, એશિયન ચેમ્પિયનશિપ અને વર્લ્ડ કપમાં મેડલ જીત્યા છે. ■

## ગુલવીરનો બીજો મેડલ, સાબળેનું ખરાબ પ્રદર્શન



ભારતીય દોડવીર ગુલવીર સિંહે પુરુષોની ૧૫૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ગુલવીરે અગાઉ આ જ એશિયન ગેમ્સમાં ૧૦,૦૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ જીત્યો હતો. તેણે સતત બીજો મેડલ જીત્યો, જે તેમના પ્રભાવશાળી ફોર્મનું પ્રદર્શન કરે છે. જોકે, અવિનાશ સાબળે પુરુષોની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝમાં નિરાશ કર્યા હતા અને જેના કારણે તે મેડલ મેળવવાથી ચૂકી ગયો હતો. સંતોષ કુમાર તમિલસરન પણ પુરુષોની ૪૦૦ મીટર હર્ડલ્સમાં પોડિયમ ફિનિશ કરવામાં નિષ્ફળ રહ્યો હતો. ભારતના ગુલવીર સિંહે પુરુષોની ૧૫૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ જીત્યો હતો. ગુલવીર અંતિમ લેપમાં સૌથી આગળ હતો પરંતુ અંતિમ થોડી સેકન્ડમાં પાછળ રહી ગયો અને બીજા સ્થાને રહ્યો હતો. ભારતનો અવિનાશ સાબલે પુરુષોની ૩૦૦૦ મીટર સ્ટીપલચેઝમાં મેડલ ચૂકી ગયો. સાબળે ૮:૨૧.૬૭ના સમય સાથે ચોથા સ્થાને રહ્યો હતો. ■

## તીરંદાજીઃ જ્યોતિ બહાર, ચિતિકા અને ગણેશ ક્વાર્ટર ફાઈનલમાં

ડિફેન્ડિંગ ચેમ્પિયન જ્યોતિ સુરેખા દક્ષિણ કોરિયાની ૧૪ વર્ષીય કાંગ યોનસિયો સામે હારીને બહાર થઈ ગઈ છે, જ્યારે ડેબ્યૂ કરી રહેલી ચિકિતા તાનીપર્થી અને ગણેશ મણિરત્નમ એશિયન ગેમ્સ કમ્પાઉન્ડ મહિલા અને પુરુષોની તીરંદાજીમાં પોતપોતાની મેચ જીતીને ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા હતા. હાંગઝોઉમાં છેલ્લી એશિયન ગેમ્સમાં વ્યક્તિગત, મહિલા ટીમ અને મિશ્ર ટીમ ઇવેન્ટ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર જ્યોતિએ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં ૧૪૬નો સ્કોર કર્યો. અગાઉ જ્યોતિએ કઝાકિસ્તાનની એડેલ જેશેનિબાનોવાને ૧૪૮-૧૪૫થી હરાવી હતી. ચિકિતાએ શૂટ-આઉટમાં ૧૦ વધુ શોટ સાથે મેચ હારી ગયા બાદ ચેન યી ઝુઆન સામે ૧૪૮-૧૪૮થી મેચ જીતી હતી. ત્રણ રાઉન્ડ પછીનો સ્કોર ૮૯.૮૯ હતો ત્યારબાદ ચેને ચોથા રાઉન્ડ પછી ૧૧૯-૧૧૮ની લીડ મેળવી હતી. ચિકિતાએ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું અને શૂટ-ઑફ જીતી લીધું. અગાઉ ગણેશે રોમાંચક પુરુષોની કમ્પાઉન્ડ તીરંદાજી મેચમાં પોતાના દેશબંધુ સાહિલ જાધવને ૧૪૯-૧૪૮થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.





## શબ્દ લાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | | | ૩ | ૪ | | |
| | | | | ૫ | | | | | |
| | | ૬ | | | | | ૭ | | |
| | ૮ | | | ૯ | | ૧૦ | | | |
| | | | ૧૧ | | | | | ૧૨ | |
| ૧૩ | | | | | ૧૪ | | | | |
| | | ૧૫ | | | | | ૧૬ | | |
| ૧૭ | | | | | ૧૮ | | | | ૧૯ |
| | | ૨૦ | ૨૧ | | | | | | |
| ૨૨ | | | | | | ૨૩ | | | |

### આડી ચાવી

૧. હાથની કારીગરી (૪)
૩. --- અઢ્ઢની, ખર્ચા રૂપૈયા (૪)
૫. શક્યતા (૪)
૬. ભાવુક, રસજ્ઞ (૩)
૭. વચ્ચેનું, વચલું (૩)
૮. પ્રીતિ, સ્નેહ (૨)
૯. એક છોડ જેને અડકવાથી તેનાં પાન સંકોચાઈ જાય છે તે (૪)
૧૧. કાયા, શરીર (૨)
૧૨. સાથ, સોબત (૨)
૧૩. હેતુ, મતલબ (૨)
૧૪. બકરો (૨)
૧૫. રાજા (૨)
૧૬. અનુમાન, કલ્પના (૨)
૧૭. પરીક્ષા, પારખું (૩)
૧૮. આશ્રય, ઓથ (૩)
૨૦. હાથી --- પ્રાણી છે (૪)
૨૨. ગલપટ્ટો (૪)
૨૩. સિફારસ, સોંપણી (૪)

### ઊભી ચાવી

૧. હર્ષ, આનંદ (૨)
૨. મધુર ધ્વનિ (૪)
૩. --- બલા પકડ ગલા (૨)
૪. --- કરવી=મનાવવું (૪)
૫. સંગ્રહ, એકઠું કરેલું (૪)
૮. મતલબ, તાત્પર્ય (૩)
૧૦. કામદેવ (૩)
૧૧. બરબાદી, પાયમાલી (૩)
૧૨. સંબંધ, સંગ (૩)
૧૪. પુષ્કળ, ઘણું જ (૪)
૧૫. એક જાતનું રેશમી કાપડ (૪)
૧૬. વણ બોલાવ્યું બોલે તે --- ને તોલે (૪)
૧૯. માહિતગાર નહીં તેવું (૩)
૨૧. પરાજય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ખે | ચ | ર | | ૩ ગ | ર્વ | | ૪ કું | દ | ૫ ન |
| રા | | ૬ મ | દા | રી | | ૭ રે | વા | | ય |
| ૮ ત | ૯ ખ | ત | | ૧૦ મા | ૧૧ ઈ | | ૧૨ રું | ૧૩ ધ | ન |
| | ફા | | ભો | | મા | | | તિં | |
| રો | | | પો | બા | ર | | ૧૮ ન | ગ | ૧૯ રું |
| ૨૦ ગ | ૨૧ વા | ક્ષ | | રો | ત | લ | | | ડ |
| | દિ | | | બા | | ક્ષ્ય | | ઘો | |
| પ | ત | ન | | ૨૭ ર | વ | | ખ | ર | ચો |
| ડા | | ર | ક્ત | ૩૨ ચ | પ | લા | | | વ |
| વ | ર | વું | | ભા | ન | | ૩૫ સ | ચો | ટ |

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ઘટ્ટ | TIME |
| ઘટા | DECREASE |
| ઘટાડો | DIVORCE |
| ઘટસ્ફોટ | TREES |
| ઘટિકા | THICK |

### માતૃભાષાની મહેક

શહેરમાં રહેતા લોકો કોઈ છીંક ખાય અને 'બ્લેસ યૂ' કહે, પણ કાઠિયાવાડમાં તો વાતે વાતે 'ખમ્મા ઘણી' સંભળાય. આમ તો 'ખમ્મા' શબ્દ 'ક્ષમા' પરથી બન્યો છે, પણ કોઈને આપણે 'ઘણી ખમ્મા' કહીએ ત્યારે માફી માગવા કરતાં એનું ક્ષેમકુશળ ઇચ્છતા હોવાનો ભાવ વધુ વ્યક્ત થાય છે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OMBROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વાહન  બ) ઓશીકું
ક) સંગીત  ડ) વરસાદ

### ઈર્શાદ

જળ તણાતું જાય છે તે જોઉં છું, તું
જુએ છે કે નદી વહી જાય છે !
- ભરત વિંઝુડા

### ઓળખાણ રાખો



શરીર માટે ઉપયોગી ફાઈબરની સારી માત્રા ધરાવતા અને કાશ્મીરમાં સારો પાક ધરાવતા આ ગુણકારી ફળની ઓળખાણ પડી?

અ) જામફળ બ) પપનસ ક) પેર ડ) સક્કરટેટી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'થોડાં ટીપાં ઝંખતો તુષાર છે' પંક્તિમાં તુષાર શબ્દનો અર્થ જણાવો.

અ) સારડી  બ) ઝાકળ  ક) તોલમાપ  ડ) વ્યવસ્થા

### માઈન્ડ ગેમ

આજની તારીખમાં મહારાષ્ટ્રનું છત્રપતિ સંભાજી નગર તરીકે જાણીતું શહેર અગાઉ કયા નામથી ઓળખાતું હતું એ જાણો છો?

અ) ઔરંગાબાદ  બ) ગાઝિયાબાદ  ક) હુમાયૂં નગર  ડ) અહમદનગર

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૧ | | | ૫ | ૩ | | |
| ૯ | | | | ૨ | ૬ | | | ૮ |
| | | | | ૮ | | ૪ | | |
| ૬ | | | | | | | ૯ | |
| | | | ૭ | | ૧ | | | |
| | ૫ | | | | | | | ૬ |
| | | ૩ | | ૫ | | | | |
| ૪ | | | ૬ | ૩ | | | | ૭ |
| | | ૭ | ૯ | | | ૬ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૯ | ૮ | ૨ | ૫ | ૪ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૨ | ૭ | ૮ | ૬ | ૪ | ૯ | ૫ |
| ૪ | ૫ | ૬ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ | ૨ |
| ૫ | ૬ | ૭ | ૮ | ૩ | ૯ | ૧ | ૨ | ૪ |
| ૯ | ૮ | ૪ | ૬ | ૧ | ૨ | ૫ | ૩ | ૭ |
| ૧ | ૨ | ૩ | ૫ | ૪ | ૭ | ૯ | ૬ | ૮ |
| ૮ | ૭ | ૫ | ૯ | ૨ | ૧ | ૬ | ૪ | ૩ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૭ | ૮ | ૨ | ૫ | ૧ |
| ૨ | ૪ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ઘંટ | BELL |
| ઘઉં | WHEAT |
| ઘટ | LOSS |
| ઘટના | INCIDENT |
| ઘટમાળ | COURSE |

ગુજરાત મોરી મોરી રેઃ પુસ્તક

ઓળખાણ પડી? Brazil Nut

માઈન્ડ ગેમ : ઉત્તર પ્રદેશ

ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ પુષ્કળ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) મુલરાજ કપૂર (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) રસિક જુટ્ટાણી - કેનેડા (૧૨) ખુશરુ કાપડિયા (૧૩) લજીતા ખોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) કમલ માતલિયા (૧૮) નિખીલ બંગાળી (૧૯) અમિષી બંગાળી (૨૦) મનિષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નંદુભાઈ એ. ગોઠી (૨૩) વિપીન શાહ (૨૪) શિલ્પા શ્રોફ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) નિતીન જયંતીલાલ બજરીયા (૨૮) વીણા સંપટ (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) હીનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) અબ્દુલ્લા એફ મુનીમ (૪૪) મહેશ દોશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) અતુલ સંપત (૪૭) નેહુલ એમ. સંઘવી (૪૮) હેમાંગી કે. મારુ (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ.

# ભૂરાજકીય અનિશ્ચિતતા અને ક્રૂડ તેલ ઊછળતાં સેન્સેક્સ ૧૧૨૬ પૉઈન્ટ પટકાઈને છ મહિનાના તળિયે, નિફ્ટીમાં ૩૬૦ પૉઈન્ટનું ધોવાણ

## વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ₹ ૫૩૫૩ કરોડની વેચવાલી સામે સ્થાનિક ફંડોની ₹ ૫૧૮૯ કરોડની ખરીદી

મુંબઈઃ વૈશ્વિક સ્તરે ભૂરાજકીય જોખમોમાં વધારો થતાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૮ ડૉલરની સપાટી પર પહોંચતા આજે વૈશ્વિક બજારો ગબડતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં પણ ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૧૧૨૪.૦૨ પૉઈન્ટ પટકાઈને છ મહિનાના તળિયે પહોંચ્યો હતો અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી વધુ ૩૬૦.૨૫ પૉઈન્ટ ગબડીને ૨૩,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયો હતો. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૯૦૪૭.૫૬ કરોડની ખરીદી સામે રૂ. ૧૪,૪૦૦.૭૮ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૩૫૩.૨૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૧૫,૯૧૮.૩૨ કરોડની ખરીદી સામે રૂ. ૧૦,૭૨૯.૩૦ કરોડની વેચવાલી રહેતાં કુલ રૂ. ૫૧૮૯.૦૨ કરોડની ખરીદી રહી હોવાનું એક્સચેન્જની આંકડાકીય માહિતી પરથી જાણવા મળ્યું છે. આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ આગલા ૭૩,૮૯૫.૭૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૩,૭૩૪.૮૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૨,૭૧૬.૨૩ અને ઉપરમાં ૭૩,૭૪૦.૮૫ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૧.૫૨ ટકા અથવા તો ૧૧૨૪.૦૨ પૉઈન્ટ ઘટીને ગત ૩૦મી માર્ચ, ૨૦૨૬ પછીની નીચી ૭૨,૭૭૧.૭૨ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૩,૧૪૦.૫૦ના બંધ સામે ૨૩,૦૬૪.૯૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૨,૭૬૨.૨૦ અને ઉપરમાં ૨૩,૦૮૦.૨૫ની રેન્જમાં રહીને અંતે આગલા બંધ સામે ૧.૫૬ ટકા અથવા તો ૩૬૦.૨૫ પૉઈન્ટ ઘટીને ૨૨,૭૮૦.૨૫ના મથાળે રહ્યો હતો. આમ નિફ્ટીએ આજે ૨૨,૮૦૦ની સપાટી પણ ગુમાવી હતી. આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી એકમાત્ર ઈન્ફોસિસમાં ૦.૨૦ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાયના તમામ ૨૯ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. તેમ જ નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી માત્ર ત્રણ શૅરના ભાવ વધીને બંધ રહ્યા હતા અને ૪૭ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. એકંદરે ભૂરાજકીય તણાવમાં થયેલા વધારાની સાથે ક્રૂડ તેલના ભાવ વધી આવતાં વૈશ્વિક અર્થતંત્રો પર તેની માઠી અસર પડે તેવી ભીતિ હેઠળ રોકાણકારોએ આજે સાવચેતીનો અભિગમ અપનાવતા બજાર પર મંદીવાળાની પકડ મજબૂત રહી હતી.

અમેરિકાએ ઈરાનના શાંતિ પ્રસ્તાવને નકારી દેતાં રાજદ્વારી સ્તરે વિવાદનો ઉકેલ આવે તેવી શક્યતા મંદ પડી હતી અને પશ્ચિમ એશિયામાં તણાવનો સમયગાળો વધુ રહે તેમ જણાતા પુરવઠા સ્થિતિ વિક્ષેપિત થવાની ભીતિ હેઠળ ક્રૂડતેલના ભાવ વધી આવતાં બજાર વધુ દબાણ હેઠળ આવી હોવાનું જિઓજિત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું. તે જ પ્રમાણે ઓનલાઈન વૅલ્થ ટેક કંપની એનરિચ મનીનાં ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર પોન્મુડી આરએ જણાવ્યું હતું કે ક્રૂડ તેલના ભાવમાં વધારો અને ભૂરાજકીય અનિશ્ચિતતામાં વધારો થવાથી ભારતીય ઈક્વિટી માર્કેટમાં ઓલરાઉન્ડ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. વધુમાં એચએસટી વૅલ્થ નાં સ્થાપક અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર હરિસેલ્વન રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે ગત સપ્તાહના અંતે ઈરાનના પ્રસ્તાવને અમેરિકાએ નકાર્યા બાદ ક્રૂડ તેલના ભાવમાં જોવા મળેલો વધારો, અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સ્થાનિકમાં હેવી વેઈટ શૅરો ઉપરાંત બૅન્કિંગ ક્ષેત્રના શૅરોમાં વ્યાપક વેચવાલીનું દબાણ રહેતાં બજારમાં મોટો કડાકો જોવા મળ્યો છે. આજે બીએસઈ ખાતે કુલ ૪૭૧૭ શૅરમાં કામકાજ થયા હતા, જેમાંથી ૧૨૭૧ શૅરના ભાવ વધીને, ૩૨૧૮ શૅરના ભાવ ઘટીને અને ૨૨૮ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૬૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૯૮ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા. આજે સેન્સેક્સ હેઠળના મુખ્ય ઘટનાર શૅરોમાં સૌથી વધુ ૨.૮૧ ટકાનો ઘટાડો લાર્સન ઍન્ડ ટૂબ્રોમાં જોવા મળ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૨.૬૨ ટકાનો, અદાણી પોર્ટસમાં ૨.૩૮ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૨.૩૦ ટકાનો, હિન્દુસ્તાન યુનીલિવરમાં ૨.૨૭ ટકાનો અને રિલાયન્સમાં ૨.૨૪ ટકાનો ઘટાડો આવ્યો હતો. આજના સાર્વત્રિક સ્તરેથી ઘટાના માહોલમાં બીએસઈ સ્મોલકેપ સિલેક્ટ ઈન્ડેક્સ ૧.૯૦ ટકા અને મિડકેપ સિલેક્ટ ઈન્ડેક્સ ૧.૩૯ ટકા ઘટ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના તમામ સેક્ટોરિયલ ઈન્ડેક્સ ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં સૌથી વધુ પીએસયુ બૅન્ક ઈન્ડેક્સમાં ૩.૨૫ ટકાનો, પાવર ઈન્ડેક્સમાં ૨.૩૦ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૨.૩૦ ટકાનો, યુટિલિટી ઈન્ડેક્સમાં ૨.૨૭ ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૨.૧૭ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં બે ટકાનો, મિડસ્મોલ પ્રાઈવેટ બૅન્ક ક્વૉલિટી ટિલ્ટ ઈન્ડેક્સમાં ૧.૯૯ ટકાનો, સર્વિસીસ ઈન્ડેક્સમાં ૧.૯૩ ટકાનો અને પ્રાઈવેટ બૅન્ક ઈન્ડેક્સમાં ૧.૮૬ ટકાનો ઘટાડો આવ્યો હતો.

# ક્રૂડ તેલના ભાવ ઊછળતાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસા ઘટીને ૯૬ની નજીક

મુંબઈઃ અમેરિકાએ ઈરાનના પ્રસ્તાવને નકારી કાઢતાં પુનઃ ભૂરાજકીય તણાવ સપાટી પર આવવાની સાથે સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાની આશા પર પાણી ફરી વળતાં વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં ૩.૫૦ ટકા જેટલો ઉછાળો આવી જતાં વૈશ્વિક બજારો દબાણ હેઠળ આવી હતી અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બાવીસ પૈસાના ધોવાણ સાથે ૯૬ની નજીક ૯૫.૯૭ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવતા ઉમેર્યું હતું કે જો ક્રૂડ તેલના ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહેશે તો રૂપિયો હજુ વધુ દબાણ હેઠળ આવી શકે છે.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૭૫ના બંધ સામે નરમાઈના વલણ સાથે ૯૫.૮૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૦૫ અને ઉપરમાં ૯૫.૮૭ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે બાવીસ પૈસા નબળો પડીને ૯૫.૯૭ના મથાળે બંધ રહ્યો હતો.

અમેરિકાએ ઈરાનનાં પ્રસ્તાવને નકારી કાઢતાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખૂલવાની શક્યતાઓ મંદ પડતાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૮ ડૉલર સુધી પહોંચતાં ઈક્વિટી માર્કેટમાં કડાકા બોલાયા હતા અને ડૉલર ઈન્ડેક્સ તથા અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતાં રૂપિયામાં ધોવાણ જોવા મળ્યું હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલના વૈશ્વિક ભૂરાજકીય પરિબળોને ધ્યાનમાં લેતા આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નબળાઈ જળવાઈ રહેશે. તેમ છતાં જો બજારમાં રિઝર્વ બૅન્કનો હસ્તક્ષેપ રહે તો અમુક અંશે રૂપિયાને ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૬ ટકા વધીને ૧૦૧.૧૨ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૩.૫૭ ટકા વધીને બેરલદીઠ ૧૦૮.૦૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૧૧૨૪.૦૨ પૉઈન્ટ અને ૩૬૦.૨૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યા હોવાથી તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૬૯૩.૯૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયામાં ઑલ ફોલ ડાઉન જોવા મળ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લીક નોટીસ**

જાહેર જનતાને આથી ખબર આપવાની કે અમારા અસીલોએ (૧) સિધ્ધાર્થ કુસુમગર અને (૨) સપના કુસુમગર (લેસીસ/માલિકો) પાસેથી તેમના હક્ક, ટાઈટલ અને હિત ખરીદવા વાટાઘાટ ચલાવેલ છે જે બાન્દ્રાના નોંધણી પેટા-જીલામાં મુંબઈ પરા જીલામાં ગામ જૂહુ, તાલુકા અંધેરીના પ્લોટ નંબર ૪૪, સીટીએસ નં. ૩૧૧ ધરાવતી લીઝહોલ્ડ જમીનના તે તમામ ટૂકડા અને કકડાની બાબતમાં છે જેનું માપ ૧૦૦૬ ચોરસવાર બરાબર ૮૪૧.૧ ચોરસ મીટર્સ પ્રોપર્ટી રજીસ્ટર કાર્ડ મુજબ તેની પરના ગ્રાઉન્ડ વત્તા એક ઉપરના માળના માળખા સાથે છે જેનો કુલ કંસ્ટ્રક્ટેડ એરિયા ૩૩૬.૪૦ ચોરસ મીટર્સ છે અને તા. ૭મી જાન્યુઆરી ૧૯૯૭ના શેર સર્ટિફિકેટ નં. ૪૬ ધરાવતા ડીસ્ટીંક્ટીવ નંબર ૨૨૬ થી ૨૩૦ (બંને સહિત) ધરાવતા વિઠ્ઠલ નગર કો.હા.સો.લિ.ના દરેક રૂ. ૫૦/-ના ૫ (પાંચ) ફુલ્લી પેઈડ-અપ શેર્સ સાથે છે (અહીં પાછળથી સંયુક્તપણે ''સદર મિલકત'' તરીકે ઉલ્લેખાયેલ). લેસીસ / માલિકો અશિત ગોરધનભાઈ પટેલ (તેમાના એસાઈનર) અને લેસીસ/માલિકો (તેમાના એસાઈનીસ) વચ્ચે અને દ્વારા બજાવાયેલ તારીખ ૨૬મી નવેમ્બર ૨૦૨૪ના ડીડ ઓફ એસાઈમેન્ટ દ્વારા સદર મિલકતના હકદાર બનેલ જે સીરીયલ નં. બીડીઆર-૧૫-૧૯૭૯૭/૨૦૨૪ હેઠળ અંધેરી ખાતેના સબ-રજીસ્ટ્રાર ઓફ એસ્યુરંસીસ પાસે રજીસ્ટર કરાવેલ છે.

સદર મિલકત કે તેના કોઈપણ ભાગની બાબતમાં વેચાણ, ટ્રાન્સફર, અદલાબદલી, પાર્ટીશન, હિસ્સો, લીઅન, લીઝ, સબ-લીઝ, લાયસંસ, ટેનંસી, સબ-ટેનંસી, સોંપણી, રીલીઝ, રેલીંકવીશમેન્ટ, ગીરો, ચાર્જ, ભેટ, કોવેનંટ, ટ્રસ્ટ, વારસો, સકસેસન, વીલ, ભોગવટો, કબજો, ફાળવણી, વ્યવસ્થા/પતાવટ, જાળવણી, ઈઝમેન્ટ, બોજા, બીકવેસ્ટ, પાવર ઓફ એટર્ની, ટાંચ, વિકાસ હક્કો, રાઈટ ઓફ વે, લીસ્પેન્ડન્સ, આરક્ષણ, કરાર, ભાગીદારી, કેરટેકર બેસીસ, સમજૂતી, જવાબદારી, લીટીગેશન, આર્બીટ્રેશન, એવોર્ડ, ડીક્રી કે કાયદાની કોર્ટના કોઈપણ આદેશ, ટ્રીબ્યુનલ કે સત્તા, ડીમાન્ડ કે કમીટમેન્ટ કે બીજી કોઈપણ રીતે કોઈપણ વિરોધ, દાવો, માંગણી, હક્ક, ટાઈટલ, લાભ અને/કે હિત ધરાવનાર તમામ શખ્સો/એન્ટીટીસ જેઓ વ્યક્તિગત, હિન્દુ અવિભાજીત પરિવારો, કંપનીઓ, બેન્ક(કો), નાણાંકીય સંસ્થા(ઓ), નોન-બેન્કીંગ ફાઈનાન્સ કંપનીઓ, હાઉસીંગ ફાઈનાન્સ કંપનીઓ, પેઢીઓ, એસોસિએશન ઓફ પર્સન્સ કે બોડી ઓફ ઈન્ડીવીજ્યુઅલ્સ જે ઈનકોર્પોરેટેડ હોય કે ન હોય, લેન્ડર્સ અને/કે ક્રેડીટર્સ સહિત હોય તેઓ અને/કે ટાઈટલ ડીડસનો તાબો/કબજો ધરાવવાનો કે બીજી રીતે દાવો કરનારા હોય તેઓ એની જાણ લેખિતમાં ટેકાના દસ્તાવેજી પૂરાવા સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ સ્વાગતમ, ૪થો માળ, પ્લોટ નં. ૧૪૧, એસ. વી. રોડ, ખાર પોલીસ સ્ટેશન સામે, ખાર (પ), મુંબઈ-૪૦૦૦૫૨ ખાતે આ નોટીસના છપાયાની તારીખથી ૧૪ દિવસમાં કરે નહીં તો દાવા અને/કે વિરોધો જો કોઈ હશે તો તે ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ ગણાશે અને અમારા અસીલો આવા દાવા/વિરોધો જો કોઈ હશે તો તેને ધ્યાનમાં લીધા વિના સદર લેસીસ/માલિકો સાથે લેવડદેવડ પૂર્ણ કરશે.

આજ તારીખ ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૬

·D·S·A·
DIVYA SHAH ASSOCIATES
advocates, solicitors & notaries



BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ચીફ એન્જિનિયર (મીકેનિકલ અને ઈલેક્ટ્રિકલ)નો ડિપાર્ટમેન્ટ**

**નં. E.E. MECH/૨૦૩૦/REF/તા. ૨૮.૯.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

વિષયઃ V.N. દેસાઈ હોસ્પિટલ, સાંતાક્રુઝ (ઈ)ના વિવિધ ડિપાર્ટમેન્ટ ખાતે એરકન્ડિશનિંગ સીસ્ટમની બદલીનું કામ.
(નં. E.E. MECH/REF/T-૪૬ તા. ૨૯.૯.૨૦૨૬)

| | |
|---|---|
| બીડ નં. | ૨૦૨૬_MCGM_૧૩૪૦૮૭૬_૧ |
| બીડ પ્રારંભ તારીખ અને સમય | ૨૯.૯.૨૦૨૬ના સ. ૧૧ વાગે |
| બીડ સમાપ્તિ તારીખ અને સમય | ૧૯.૧૦.૨૦૨૬ના ૧૬ કલાક |
| પ્રી-બીડ મીટિંગ | ૬.૧૦.૨૦૨૬ના ૧૫ કલાક |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારીનું નામ | શ્રી એ.કે. જાંભોરે |
| મોબાઈલ નં. | ૯૯૩૦૧૨૮૩૮૭ |
| ઈ-મેલ | eemechref.me@mcgm.gov.in |

સહી/-
PRO/1548/ADV./2026-27 E.E. MECH (રેફ્રીજરેશન)

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# સ્થાનિક ચાંદીમાં ₹ ૯૨૯૭નો અને સોનામાં ₹ ૪૧૩૩નો કડાકો

ફુગાવો વધવાની ભીતિ સપાટી પર આવતા વૈશ્વિક સોનું સાત સપ્તાહના તળિયે, ચાંદી ૪.૬ ટકા ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે આજે ક્રૂડ તેલના ભાવ વધીને બેરલદીઠ ૧૦૮ ડૉલર સુધી પહોંચતા વૈશ્વિક સ્તરે ફુગાવો વધવાની ચિંતા સપાટી પર આવવાની સાથે ખાસ કરીને અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિ વિષયક બેઠકમાં ફરી વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ૩.૧ ટકાનો અને ચાંદીના ભાવમાં ૪.૬ ટકા જેટલો કડાકો બોલાઈ ગયાના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૧૧૭થી ૪૧૩૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૯૨૯૭નો કડાકો બોલાઈ ગયો હતો.

આજે સ્થાનિકમાં વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૪૧૧૭ ઘટીને રૂ. ૧,૪૭,૯૮૦ના મથાળે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૧૩૩ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૯૮૦ની સપાટીએ રહ્યા હતા. જોકે, ભાવમાં વધુ ઘટાડાના આશાવાદે રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ રૂ. ૯૨૯૭ના કડાડા સાથે રૂ. ૨,૨૩,૦૫૩ના મથાળે રહ્યા હતા. ચાંદીમાં આજે મુખ્યત્વે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ રહી હતી અને વધુ ભાવઘટાડાના આશાવાદે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ અત્યંત પાંખી રહી હોવાના અહેવાલ હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ૩.૧ ટકા ઘટીને ગત પાંચમી ઑગસ્ટ પછીની સૌથી નીચી ઔંસદીઠ ૪૧૫૫.૬૭ ડૉલરની સપાટીએ રહ્યા હતા. તેમ જ ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ આગલા બંધ સામે ૩.૧ ટકાના ઘટાડા સાથે ૪૧૮૮.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૪.૬ ટકા ગબડીને ઔંસદીઠ ૬૧.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

એકંદરે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં આયાત પડતરોમાં વધારો થવાથી અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતાં સોનામાં માગ નિરસ રહી હતી. વધુમાં ક્રૂડ તેલના ભાવવધારાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ બનતાં સોના-ચાંદી જેવી કિંમતી ધાતુના ભાવ વધુ દબાણ હેઠળ આવ્યા હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી બૉન્ડની યિલ્ડમાં થઈ રહેલો વધારો સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓના ભાવ વધુ દબાણ હેઠળ લાવી શકે છે.

અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનનાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલવા સહિતનાં શાંતિ પ્રસ્તાવને નકારી કાઢતાં મધ્ય પૂર્વના દેશોમાં તણાવ વધતાં ક્રૂડ તેલના ભાવમાં તેજીનું વલણ રહ્યું હતું. આમ ક્રૂડ તેલના ભાવમાં વધારો થવાથી આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો આગામી ઑક્ટોબર મહિનાની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી ૭૦.૩ ટકા શક્યતા જોઈ રહ્યા હતા.

# વિશ્વ બજાર પાછળ ધાતુમાં ₹ ૬૭ સુધીનાં ગાબડાં

મુંબઈઃ વૈશ્વિક સ્તરે કોપરના અગ્રણી વપરાશકાર દેશ ચીનમાં ગત ઑગસ્ટ મહિનામાં ઔદ્યોગિક ક્ષેત્રમાં નફાવૃદ્ધિનો દર ધીમો પડ્યો હોવાના નિરુત્સાહી અહેવાલ ઉપરાંત વિશ્વ બજારમાં ક્રૂડતેલમાં તેજીનું વલણ રહ્યું હોવાથી ફુગાવામાં વધારો થવાની ભીતિ સપાટી પર રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે સત્રના આરંભે લંડન ખાતે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ આગલા બંધ સામે ૧.૮ ટકાના ઘટાડા સાથે ગત ૧૭મી સપ્ટેમ્બર પછીની નીચી ટનદીઠ ૧૪,૩૬૪ ડૉલર આસપાસની સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા. આમ વિશ્વ બજાર પાછળ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સપ્તાહના આરંભે એકમાત્ર લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં તમામ ધાતુઓમાં વેચવાલીના દબાણ હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૬૭નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં રિટેલ સ્તરની અને સ્થાનિક ડીલરોની વધુ ઘટાડાના આશાવાદે માગ મર્યાદિત રહેતા ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૬૭ ઘટીને રૂ. ૫૨૮૧, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૨૮ ઘટીને રૂ. ૧૪૬૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૬ ઘટીને રૂ. ૧૩૮૩, કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૯૩ અને રૂ. ૯૯૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૪૨૬, કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને અનુક્રમે રૂ. ૧૩૭૬ અને રૂ. ૧૩૦૦ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૯૬૦ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી મર્યાદિત માગ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૧૬૧૨, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને રૂ. ૩૫૨ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૩૦૮ના મથાળે રહ્યા હતા.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**ડિપાર્ટમેન્ટઃ હાયડ્રોલીક એન્જીનીયરનો વિભાગ**

**નં. E. E. (M.) M.W./૩૨૧૭/મેન્ટે. તા. ૨૮.૯.૨૦૨૬**

**ઈ-ટેન્ડર નોટિસ**

બૃહદ્મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર લાયક બીડર્સ પાસેથી નીચેના કામ માટે ઓનલાઈન ટેન્ડર્સ મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય તથા બીડ સમાપ્તિ તારીખ અને સમય ટેન્ડર સેક્સન અને GEM પોર્ટલ હેઠળ BMCની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં જણાવેલ છે.

| અ. ક્ર. | બીડ નં. | કામનું નામ |
|---|---|---|
| ૧. | GEM/૨૦૨૬/B/૮૦૭૨૯૧૯<br>પ્રારંભ તારીખઃ ૨૪.૦૯.૨૦૨૬ના ૧૮ ક.થી<br>સમાપ્તિ તારીખઃ ૫.૧૦.૨૦૨૬ના ૧૮ ક. સુધી | AEWW(M)WS/સાઉથ-II સેકશન હેઠળ વિવિધ રીઝર્વોયર્સ અને પંપીંગ સ્ટેશનો ખાતે લેબર્સ સ્ટાફ હાયર કરવા માટે કોન્ટ્રાક્ચ્યુઅલ એજન્સીની નિમણૂંક |

ઈચ્છુક ટેન્ડરરો ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે BMC વેબસાઈટ અને Mahatender portal વેબસાઈટ https://gem.gov.in ખાતે મુલાકાત લઈ શકે છે.

સહી/-
PRO/1546/ADV./2026-27 E.E.(M.)M.W.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


# હાજર ખાંડમાં આગળ ધપતી નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્ર તેમ જ ઉત્તર ભારતની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની સ્ટોક મર્યાદાને કારણે માગ ખપપૂરતી રહેતાં ટેન્ડરોના ભાવ દબાણ હેઠળ રહેતા હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ જળવાઈ રહી હોવા છતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૨નો અને મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે મથકો પાછળ નાકા ડિલિવરી ધોરણે પણ સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં ઉપલા મથાળેથી અનુક્રમે ક્વિન્ટલે રૂ. ૨૦ અને રૂ. ૩૦ ઘટી આવ્યા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૪૫૦૦થી ૪૫૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૪૬૦૬થી ૪૮૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

# સરકાર દ્વારા વિવિધ મુદ્દે વેપારીઓની થતી હેરાનગતિઃ ગ્રોમા

નવી મુંબઈઃ વર્ષોથી સરકાર દ્વારા અલગ અલગ કાયદા અને નિયમો બનાવી તેના અમલીકરણ અને અન્ય મુદ્દાઓને લઈને વેપારીઓની હેરાનગતિ થતી જ રહે છે. નવી મુંબઈમાં વાશી સ્થિત એ.પી.એમ.સી. બજાર એશિયાની સૌથી મોટી કૃષિ ઉત્પન્ન બજાર છે. જેને હાલમાં જ સરકાર તરફથી રાષ્ટ્રીય બજાર ઘોષિત કરવામાં આવેલ છે. પરંતુ વેપારીઓને કાયદા અને સેસના નામે થતી હેરાનગતિમાં ઘટાડો થવાને બદલે વધારો થતો જ રહે છે.

એ.પી.એમ.સી. પ્રશાસન તરફથી મોટીમોટી ઈ-કોમર્સ કંપનીઓને ડાયરેક્ટ ખરીદી માટેના એ.પી.એમ.સી. લાઇસન્સ આપવામાં આવેલ છે જેને કારણે અહીંના વેપારીઓના વેપાર ૬૦% જેટલા ઘટી ગયા છે. અગાઉ બધો જ માલ નવી મુંબઈની એ.પી.એમ.સી. માર્કેટમાં આવ્યા બાદ જ બહાર વેચવામાં આવતો હતો. જે હવે મથકોથી ડાયરેક્ટ જ મોકલી આપવામાં આવે છે, જેથી અહીંના વેપાર પર માઠી અસર પડી રહી છે. તેમ જ સ્થાનિક માર્કેટની હદમાં વેપારીઓને એ.પી.એમ.સી. સેસ, સેવા શુલ્ક / યુઝર્સ ચાર્જિસ જેવા કરવેરા લાગે છે. જ્યારે એ.પી.એમ.સી ની હદ બહાર વેપારીઓને કોઈપણ પ્રકારના કરવેરા લાગતા ન હોવાથી વેપારીઓ તંદુરસ્ત હરીફાઈ કરી શકતા નથી. વધુમાં નવી મુંબઈના એ.પી.એમ.સી. માર્કેટને રાષ્ટ્રીય બજારનો દરજ્જો મળ્યો હોવાથી તે મુજબની સુધારણાઓ કરવા બાબતે તેમજ એ.પી.એમ.સી. સેવા શુલ્ક / યુઝર્સ ચાર્જિસ બાબતે હાઇ કોર્ટમાં ચાલતા કેસમાં સ્ટે મળેલ હોવા છતાં વેપારીઓને એ.પી.એમ.સી. સેવા શુલ્ક / યુઝર્સ ચાર્જિસની બાકી રકમની ભરપાઈ માટે વેપારીઓને એ.પી.એમ.સી. પ્રશાસન તરફથી નોટિસો આપવામાં આવેલ હતી. વધુમાં કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૨૦૦૦થી વધુના યુપીઆઈ પેમેન્ટ ઉપર આગામી ૧૫ ઑક્ટોબર થી ૦.૪% ચાર્જ લગાવેલ હોવાથી વેપારીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. અનાજ - કઠોળના વેપારમાં નફાનું ધોરણ ખૂબજ ઓછું હોય છે જ્યારે નાણાકીય વ્યવહાર મોટા હોય છે. જેથી આવા ચાર્જનો બોજ વેપારીઓ સહન કરી શકશે નહિ. હાલમાં પેમેન્ટ કરવા માટે સૌથી વધુ ઉપયોગી અને સરળ ઉપાય યુપીઆઈનો છે. અગાઉ સરકારે યુપીઆઈ પેમેન્ટને પ્રોત્સાહન આપી સમગ્ર ભારતમાં નાણાનો સૌથી મોટો પર્યાય ઊભો કરી દીધો અને હવે તેના ઉપર ચાર્જ લગાવી સરકારની આવક વધારવાના પ્રયાસ કરી રહી હોવાનું સ્થાનિક ધી ગ્રેઈન, રાઈસ એન્ડ ઓઇલસીડ્સ, મર્ચન્ટસ એસોસિએશન- ગ્રોમાના પ્રમુખ શ્રી ભીમજીભાઈ ભાનુશાલીએ જણાવેલ હતું.

સરકારના આવા બેવડા ધોરણોનો વિરોધ નોંધાવવા આજે તા. ૨૯/૦૯/૨૦૨૬ના નવી દિલ્લીમાં ભારતીય ઉદ્યોગ વ્યાપાર મંડળ દ્વારા સાંજે ૪.૦૦ વાગે વર્ચ્યુઅલ મીટિંગનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આખા ભારતના વેપારી સંસ્થાઓના પ્રતિનિધિ હાજર રહેશે. અને સરકારના આ નિર્ણયનો વિરોધ કરવા આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે. વધુમાં એ.પી.એમ.સી. સેસ, સેવા શુલ્ક / યુઝર્સ ચાર્જિસ જેવા કરવેરા બાબતે ઘટતું કરવા પણન સંચાલક શ્રી સંજય કદમ સાથે તા. ૩૦/૦૯/૨૦૨૬ના એક સભાનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ એ.પી.એમ.સી. સેસ, સેવા શુલ્ક / યુઝર્સ ચાર્જિસ બાબતે મુંબઈ માં તા.૦૧/૧૦/૨૦૨૬ના મીટિંગનું આયોજન કરવામાં આવેલ છે, એમ તેમણે વધુમાં જણાવેલ હતું.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

**નં. ચિ. એન્જિ.૨૭૧૦/SWM/પ્રોજેક્ટ તા. ૨૮-૦૯-૨૦૨૬**
**ચીફ એન્જિનિયર (સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ) પ્રોજેક્ટ**
**૧લો, ૨જો, ૩જો અને ૪થો માળ, બાઈપદ્માબાઈ ઠક્કર માર્ગ, કોટવાડી, માહિમ (શિવાજી પાર્ક), મુંબઈ-૪૦૦૦૧૬.**

**આ એક ઈ-ટેન્ડર નોટિસ છે.**

બૃહદ્મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)ના મ્યુનિસિપલ કમિશનર નીચે જણાવેલ કામ માટે બે કવર પદ્ધતિમાં આઈટમ રેટ ધોરણ પર વ્યક્તિગત પાર્ટીઓ જે જરૂરી અનુભવ અને નાણાંકીય તથા ઓર્ગેનાઈઝેશનલ કોમ્પિટન્સ ધરાવનાર પાસેથી ઓનલાઈન મહાટેન્ડર મંગાવે છે.

મહાટેન્ડર કોપી મહારાષ્ટ્ર સરકારની ઈ-પ્રોક્યોરમેન્ટ સિસ્ટમમાંથી (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in)માંથી ડાઉનલોડ કરી શકાશે.

| અ.ક્ર. | કામનું વર્ણન | બાનાની રકમ ડિપોજિટ | કોન્ટ્રાક્ટ મુદત | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧. | મહાટેન્ડર્સ ID નં. ૨૦૨૬_MCGM_૧૩૪૧૪૮૧ મહાલક્ષ્મી, ગોરાઈ, કુર્લા અને વરસોવા લગૂન રેફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન ખાતે કોમ્પ્યુટરાઈઝડ ઈલેક્ટ્રોનિક વેબ્રીજીસના મેન્ટેનન્સનું કામ એક વર્ષની મુદત માટે | રૂ. ૩૫,૮૦૦/- | એક વર્ષ (૧૨ માસ) | રૂ. ૯૪૨૪ |

મહાટેન્ડરના અપલોડીંગ માટે અને મહાટેન્ડર્સ ખૂલવાની તારીખો અને સમય નીચે મુજબ છેઃ

તારીખો અને સમયમાં કોઈપણ ફેરફાર જો હશે તો તે મહારાષ્ટ્ર સરકારનો ઈ-પ્રોક્યોરમેન્ટ સીસ્ટમ (મહારાષ્ટ્ર) (http://mahatenders.gov.in) પર પ્રદર્શિત કરવામાં આવશે અથવા Ch. E.(S.W.M.) પ્રોજેક્ટની ઓફિસમાં નોટિસ બોર્ડ પર પ્રદર્શિત કરવામાં આવશે.

| | |
|---|---|
| મહાટેન્ડર જારી કરવાની અને વેચાણની તારીખ | ૨૯.૯.૨૦૨૬ સ. ૧૧થી |
| પૂછપરછો સુપ્રત કરવાની અંતિમ તારીખ | NA |
| પ્રી-બીડ મીટિંગ | NA |
| મહાટેન્ડરના વેચાણની અંતિમ તારીખ અને સમય | ૬.૧૦.૨૦૨૬ સાં. ૪ સુધી |
| બે કવર (ઓનલાઈન)ની સુપ્રતિ અને બીડ સિક્યુરિટી ડિપોજિટ/બારડીની સ્વીકૃતિ | ૬.૧૦.૨૦૨૬ના સાં. ૪ સુધી |
| કવર-A (ટિકનીકલ પાત્રતા/લાયકાતની શરતો) ખૂલશે | ૭.૧૦.૨૦૨૬ના સાં. ૪ બાદ |
| ફાઈનાન્સીયલ કવર ખૂલશે | ૮.૧૦.૨૦૨૬ના સાં. ૪ બાદ |

બે કવરના દસ્તાવેજો સુપ્રતિની અંતિમ તારીખ અને સમય પહેલાં ઓનલાઈન અપલોડ કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ કે તમામ ઈ-ટેન્ડર્સ નકારવાનો હક્ક અનામત રાખે છે.

વિગતો મહારાષ્ટ્ર સરકાર (મહાટેન્ડર્સ) (http://mahatenders.gov.in) પર ઉપલબ્ધ છે.

સહી/-
એક્ઝિક્યુટીવ એન્જિનિયર
(સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ)પ્રોજેક્ટ- RTS
PRO/1541/ADV./2026-27

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# મુંબઈમાં ૧૦ ટકા પાણીકાપ અકબંધઃ મેયર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગણેશોત્સવ દરમ્યાન મુંબઈગરાને પાણીકાપમાંથી રાહત મળશે એવી શકયતા પર પાણી ફરી વળ્યા બાદ હવે આગામી દિવસોમાં પણ મુંબઈમાંથી ૧૦ ટકા પાણીકાપ પાછો ખેંચવામાં આવે શકયતા ઘટી ગઈ છે. જળાશયોની ઘટતી સપાટીએ મુંબઈ મહાનગરપાલિકાની ચિંતામાં વધારો કર્યો છે, તેમાં હવે મુંબઈના મેયર રીતુ તાવડેએ પણ મુંબઈગરા પર લાદવામાં આવેલો ૧૦ ટકા પાણીકાપ આગામી દિવસોમાં પણ કાયમ રહેશે એવું કહેતા પાણીનું સંકટ આગામી દિવસોમાં વધુ ગંભીર બને એવી શકયતા છે. હાલ સાતેય જળાશયમાં ૯૬.૮૯ ટકા જેટલો પાણીનો જથ્થો છે.

આ વર્ષે ચોમાસુ નબળું રહેવાને કારણે મહારાષ્ટ્રમાં દુકાળગ્રસ્ત પરિસ્થિતિ જાહેર કરવામાં આવી છે. રાજ્યના અનેક તાલુકાઓમાં વરસાદના અભાવે પાણીના ફાંફા છે ત્યારે મુંબઈને પાણી પુરવઠા કરનારા (જુઓ પાનું ૪) ▸▸

### પાણીકાપ પાછો ખેંચવામાં ઉતાવળ નહીં

આ દરમ્યાન મુંબઈનાં મેયર રીતુ તાવડેએ સોમવારે કહ્યું હતું કે ઓછા વરસાદને પગલે સંપૂર્ણ મહારાષ્ટ્રમાં પાણીનું સંકટ ગંભીર બન્યું છે. રાજ્યના અન્ય જિલ્લા કરતા મુંબઈની હાલત થોડી સારી છે, છતાં પાણીકાપ પાછી ખેંચવાની હાલ ઉતાવળ કરવી નથી. હાલ પૂરતો પાણીકાપ કાયમ રાખશું પણ મુંબઈગરાને પાણી માટે બહુ તકલીફ થાય નહીં અને આખું વર્ષ પાણી ચાલી રહે તે માટે પાણીપુરવઠા પર પ્રશાસન કામ કરી રહી છે. આગામી દિવસોમાં જો પાણીનું સંકટ વધુ ગંભીર બને તો રાજ્ય પાસે રહેલા રિઝર્વ સ્ટોક વાપરી શકાય કે તે બાબતે પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.■

# ૧૪ ફૂટથી ઊંચા ઝૂંપડપટ્ટીના બાંધકામ તોડવાનું સ્થગિત કરો

## સર્વપક્ષી નગરસેવકોની માગણી બાદ સભાગૃહ સ્થગિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ)ના પ્રતિનિધિમંડળોએ સોમવારે પાલિકા કમિશનર અશ્વિની ભીડેને મુલાકાત લઈને ૧૪ ફૂટથી ઊંચા ઝૂંપડાના ગેરકાયદે બાંધકામ તોડી પાડવાના પગલાને પાછું ખેંચવાની માગણી કરી હતી. ૧૪ ફૂટથી વધુની અનધિકૃત ઝૂંપડપટ્ટી સામે પાલિકાની સૂચિત કાર્યવાહીએ રાજકીય તોફાન સર્જ્યું છે. નગરસેવકોએ પણ પ્રશાસનના નિર્ણય પર નારાજી વ્યક્ત કરતા કહ્યું હતું કે તેમની સાથે ચર્ચા કર્યા વગર પ્રશાસને નિર્ણય લીધો હતો અનમે હવે મતદારોનો સામનો કરવો કેવી રીતે?

મુંબઈ કોંગ્રેસના પ્રમુખ વર્ષા ગાયકવાડ અને પક્ષના નગરસેવકોએ ૧૮ ફૂટ સુધીના ઝૂંપડપટ્ટીના બાંધકામોને ૧૪ ફૂટથી વધુ ઊંચાઈવાળાઓને લક્ષ્ય બનાવવા પર સવાલ ઉઠાવ્યા હતા. વર્ષા ગાયકવાડે પાલિકાને ૧૪ ફૂટથી વધુ ઊંચાઈ ધરાવતા ૩૯,૧૧૧ ઝૂંપડપટ્ટીના બાંધકામો સામેની (જુઓ પાનું ૪) ▸▸




આઈઆઈટી બૉમ્બે સુસાઈડ કેસ

# આત્મહત્યા પહેલાં સાહિલ વાકોડેએ અનેક મિત્રોને ફોન કર્યા હતાઃ પચીસથી વધુનાં નિવેદન નોંધાયાં

મુંબઈઃ પરીક્ષામાં ચૅટજીપીટી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતાં પકડાયા પછી આઈઆઈટી બૉમ્બે ખાતેની હોસ્ટેલની રૂમમાં કથિત આત્મહત્યા કરનારા સ્ટુડન્ટ સાહિલ વાકોડેએ અંતિમ પગલું ભરતાં પૂર્વે અનેક મિત્રોને કૉલ કર્યા હતા, જેમાંથી ગર્લફ્રેન્ડ સાથેની વાતચીત દરમિયાન તેણે અફસોસ પણ વ્યક્ત કર્યો હતો.

વાકોડેના મૃત્યુ પ્રકરણની તપાસ કરનારી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે તેના મોબાઈલના કૉલ ડેટા રેકોર્ડ્સ પ્રાપ્ત કર્યા હતા, જેના પરથી આત્મહત્યા પહેલાં વાકોડેએ અનેક મિત્રોને ફોન કર્યા હોવાનું જાણવા મળ્યું હતું.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી) બૉમ્બેમાં ૧૮ સપ્ટેમ્બરે મિડ-સેમિસ્ટર એક્ઝામમાં મોબાઈલનો ઉપયોગ કરતાં પકડાયાના કલાકો પછી વાકોડેનો મૃતદેહ હોસ્ટેલની રૂમમાંથી ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. તેના માતા-પિતાએ આઈઆઈટીમાં પોતાના દીકરા સાથે જાતિ મતભેદ કરાતો હતો, એવો આક્ષેપ કર્યો છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ મામલે અત્યાર સુધીમાં (જુઓ પાનું ૪) ▸▸




### વાકોડેના પિતાનું આઝાદ મેદાનમાં આંદોલન

મુંબઈઃ આઈઆઈટી બૉમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેએ કરેલી આત્મહત્યાના ૧૦ દિવસ પછી તેના પિતાએ સોમવારે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં વિરોધ આંદોલન શરૂ કર્યું હતું. રવીન્દ્ર વાકોડેએ જણાવ્યું હતું કે પુત્રને ન્યાય નહીં મળે અને જવાબદાર વ્યક્તિઓને સજા નહીં થાય ત્યાં સુધી આંદોલન (જુઓ પાનું ૪) ▸▸

# એસઆઈઆર પર તાત્કાલિક સુનાવણી કરવાનો બોમ્બે હાઈ કોર્ટનો ઇનકાર

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટની કોલ્હાપુર બેન્ચે સોમવારે ભારતના ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા મતદારયાદી અંગે લેવાયેલા ૧૪ વહીવટી પગલાંને પડકારતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો.

વકીલ અસીમ સરોદે દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીમાં મહારાષ્ટ્રમાં મતદાર નોંધણી, નામો રદ કરવા અને ઉમેરવા, મતદારયાદીના ડેટાબેઝ જોવા , મતદાર નોંધણી અધિકારીઓની કામગીરી અને 'સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઇઆર) પ્રક્રિયાના વિવિધ પાસાઓ જેવી ૧૪ કાર્યવાહી અંગે ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે. જસ્ટિસ શર્મિલા દેશમુખ અને જસ્ટિસ નીરજ ધોટેની ડિવિઝન બેન્ચ સમક્ષ આ મામલો રજૂ કરવામાં આવ્યો હતો. જોકે, બેન્ચે રોસ્ટર મુજબના કામના ભારણને કારણે તાત્કાલિક સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો.

આ અરજીમાં છેલ્લા ૧૦ મહિના દરમિયાન લેવામાં આવેલાં ૧૪ પગલાંને પડકારવામાં આવ્યાં છે, જેના પર અહેવાલો મુજબ ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ વાંધા ઉઠાવ્યા હતા. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, સંધુ અને જોશી દ્વારા નોંધાવવામાં આવેલા વાંધાઓ છતાં મતદારયાદી તૈયાર કરવા, તેમાં સુધારા કરવા અને તેની જાળવણી કરવા અંગેના નિર્ણયોનો અમલ કરવામાં આવ્યો હતો. અરજદારોએ એસઆઇઆર અટકાવવાની માગ કરી છે.

આ મામલાની સુનાવણી ૨૨ ઓક્ટોબરે થવાની શક્યતા છે. ■




# શરદ પવારે આપ્યું મોટું નિવેદનઃ કોઈ પણ પાર્ટીમાં આવી શકે

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં એનસીપીના બંને જૂથોના સંભવિત વિલીનીકરણની ચર્ચા વચ્ચે એનસીપી (શરદચંદ્ર પવાર)ના પ્રમુખ શરદ પવારે મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. શરદ પવારે કહ્યું કે જો કોઈને તેમની પાર્ટીમાં જોડાવવામાં રસ હોય તો તેઓ તેમની પાર્ટીમાં આવી શકે છે. તેમના આ નિવેદનથી એનસીપીના બંને જૂથોના ભવિષ્યને લઈને ચાલી રહેલી ચર્ચા ફરી એક વાર ગરમાઈ છે. શરદ પવારનું આ નિવેદન (જુઓ પાનું ૪) ▸▸

### પવારના નિવેદનનો અર્થ કોઈ સમજી શકે એમ નથીઃ સુનીલ તટકરે

મુંબઈ : મહારાષ્ટ્રના રાજકારણમાં એનસીપીના બે જૂથના વિલીનીકરણનો મુદ્દો ફરી એકવાર ચર્ચામાં છે. ઉલ્લેખનીય છે કે, વરિષ્ઠ નેતા અને એનસીપી (શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવારે પોતે જ (જુઓ પાનું ૪) ▸▸

# ખાદ્યપદાર્થમાં સંતાડીને ડ્રગ્સ વિદેશ મોકલતી ટોળકીના બે જણ પકડાયા

## બન્ને આરોપી પાસેથી ૩૦.૧૭ કરોડનું કેટામાઈન જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખાદ્ય પદાર્થમાં સંતાડીને વિવિધ પ્રકારનાં ડ્રગ્સ વિદેશમાં મોકલતી ટોળકીના બે સભ્યની ધરપકડ કરી પોલીસે અંદાજે ૩૭.૧૭ કરોડ રૂપિયાનું કેટામાઈન જપ્ત કર્યું હતું.

એમઆઈડીસી પોલીસે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ અદનાન અહમદ નિયાઝ અહમદ સિદ્દીકી (૩૫) અને સૌદ મુશ્તાક મણિયાર (૨૯) તરીકે થઈ હતી. આરોપી અદનાન દક્ષિણ મુંબઈના મઝગાંવના ઘોડપદેવ સ્થિત મોદી કમ્પાઉન્ડમાં, જ્યારે સૌદ ગિરગામમાં મોતી ટૉકીઝ નજીક ઈસ્લામ સ્ટ્રીટમાં રહેતો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

અધિકારીના જણાવ્યા મુજબ (જુઓ પાનું ૪) ▸▸




બુલેટ ટ્રેન

# નાશિક હાઈ-વે ઉપર ૧,૪૦૫ ટનનો પહેલો સ્ટીલ બ્રિજ

મુંબઈઃ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટે મહારાષ્ટ્રમાં એક નવી સફળતા હાંસલ કરી છે. થાણે જિલ્લાના ભિવંડી નજીક દિવે-અંજુર ગામ પાસે એનએચ-૩ એટલે કે નાશિક હાઈ-વે ઉપર બુલેટ ટ્રેન કોરિડોરનો ૧૦૦ મીટર લાંબો અને ૧,૪૦૫ મેટ્રિક ટન વજન ધરાવતો સ્ટીલ બ્રિજ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં આ પ્રોજેક્ટ માટે પૂર્ણ કરવામાં આવેલો આ પહેલો સ્ટીલ બ્રિજ છે.

આ સ્ટીલ બ્રિજ બુલેટ ટ્રેનના એલિવેટેડ કોરિડોરનો મહત્ત્વનો ભાગ છે. સમગ્ર મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર ૫૦૮ કિલોમીટર લાંબો છે અને તેમાં મહારાષ્ટ્ર, ગુજરાત તથા દાદરા અને નગર હવેલીનો સમાવેશ થાય છે. (જુઓ પાનું ૪) ▸▸







"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**